૩૨.૮૧૫

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભ અને કરુણા

[શ્રીમતી હેરિયટ બીચર સ્ટો કૃત 'અંકલ ટોમ્સ કેબિન' પરથી]

૮૦૧
૫૦

ગુજરાતીમાં ઉતારનાર
મુકુલભાઈ કલાર્થી

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

aj Foundation C

Arya Samaj Foundation Chennai and eGangotri

n. Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અંકલ ટોમ્સ કેબિન' એ પુસ્તકમાં લોભ અને કરુણા વચ્ચે મચેલા ગજગ્રાહનો તાદશ ચિતાર રજૂ થયેલો જોવા મળે છે. . . . એ એક એવું પુસ્તક છે જેની છાપ ફક્ત જે યુગમાં એ લખાયું છે તે પર જ નહીં. પરંતુ માણસાઈના વિકાસના દરેક યુગ પર પડે છે અને લોકોને તે હંમેશાં પ્રેરણા આપ્યા જ કરે છે. જીવનના ઘડતરમાં આવાં પુસ્તકોની સદાયે અગત્યતા રહે છે.

ગુરુદયાલ મલ્લિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
33.E94

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦ ૨૦૮

લોભ અને કરુણા

[શ્રીમતી હેરિયટ બીચર સ્ટો કૃત 'અંકલ ટોમ્સ કેબિન' પરથી]

ગુજરાતીમાં ઉતારનાર
મુકુલભાઈ કલાર્થી

परहित सरिस धरम नहिं भाई ।
पर पीडा सम नहिं अघ भाई ।।
—— तुलसीदास

CHECKED 1973
Initial

પ્રકાશક તરફથી ભોગીલાલ ગાંધી

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
ગગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦



પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૧૪

કિં૦ રૂ. ૧.૫૦ ફેબ્રુઆરી, ૧૯૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

પ્રખ્યાત અમેરિકન નવલકથા 'અંકલ ટૉમ્સ કેબિન'નો આ નાનકડો સારાનુવાદ પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે. કિશોર વિદ્યાર્થીઓ માટે, આપણા પોતાના સાહિત્યમાંથી તેમ જ વિશ્વ-સાહિત્યમાંથી આવી સામગ્રી તૈયાર કરીને આપવી, એ ઘણું આવશ્યક છે. અત્યાર સુધીમાં એ દૃષ્ટિએ તૈયાર કરેલાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચૂકયાં છે :— ૧. કરણઘેલો, ૨. ભક્તરાજ, ૩. સરસ્વતીચંદ્ર, ૪. ગુનો અને ગરીબાઈ. તે જ ક્રમમાં આ આગળ એક કૃતિ રજૂ થાય છે, તે શ્રી. મુકુલભાઈએ સુંદર સંક્ષેપમાં તૈયાર કરી છે. ક્રમે ક્રમે તે 'લોકજીવન'માં પ્રસિદ્ધ થતી હતી; હવે તે પુસ્તકાકારે સચિત્ર આપવામાં આવે છે.

શ્રી. મલ્લિકજીએ તેને માટે પ્રસ્તાવના લખી આપી છે તે માટે એમનો આભાર માનું છું.

હબસી પ્રજાની ગુલામીની દુઃખકથા રજૂ કરતી આ ચોપડી વિદ્યાર્થીઓને સુંદર ઇતરવાચન પૂરું પાડશે એવી આશા છે. એ કરુણ દુઃખકથા આજે અમેરિકામાં કાંઈક અવશેષરૂપે હજીય છે; ગયા સાપના લિસોટા રંગદ્વેષ રૂપે હજી રહેલા છે. તે પણ હવે અત્યારે ત્યાં ભુસાવા લાગ્યા છે અને જગત પણ એ સામે છે, એ માનવતાની મોટી જીત છે. એ જીતમાં પોતાનો કાંઈક ફાળો આપનારી આ કથા છે. તેની શાળોપયોગી આવૃત્તિ વિદ્યાર્થીઓ તેમ જ પ્રૌઢોને ગમશે એમ માનું છું.

૨૦–૨–૧૯૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સનાતન ગજગ્રાહ!

જ્યારથી માણસનો જન્મ આ જગતમાં થયો છે, ત્યારથી તેની બે મુખ્ય વૃત્તિઓએ — લોભ અને કરુણાએ — એક પ્રકારનું મહાભારત રચી નાખ્યું છે. અને એમ લાગે છે કે આ યુદ્ધનો અંત કોઈ દિવસ નહીં આવે! પણ આંતરિક દૃષ્ટિથી જ્યારે આ યુદ્ધને જોઈએ છીએ, ત્યારે તો તે પ્રભુની લીલાનું રૂપ ધારણ કરી લે છે અને ત્યારે આ મહાભારતનું રહસ્ય થોડું ઘણું સમજાય છે પણ ખરું.

માણસ મૂળમાં જીવ છે, પણ તેને થવું છે શિવ. જીવનો જીવન-મંત્ર છે: 'જોઈએ, જોઈએ અને હજીયે વધારે જોઈએ.' પણ શિવનો સાધના-મંત્ર આનાથી તદ્દન ઊલટો છે. તે શ્વાસે શ્વાસે જપે છે: 'આપી દો, આપી દો; બધું જ આપી દો.' તેથી વ્યક્તિગત તેમ જ સમષ્ટિગત જીવનમાં જીવ અને શિવની લડાઈ ચાલુ જ રહે છે. પણ અંતમાં વિજય કરુણામય જીવ અર્થાત્ શિવનો જ થાય છે.

લોભને જીતવાનો એક જ અકસીર રસ્તો છે, અને તે છે કરુણાનો. હિંસાથી હિંસાને જીતવાનું કામ આસુરી જીવનું છે; પણ અહિંસાથી હિંસાને જીતવાનો ધર્મ શિવનો — ભગવાનનો છે. કરુણા આત્મશુદ્ધિનો ફાળિયો છે. અંતે તે જીવને શિવ બનાવીને જ પોતાનું કામ પૂરું કરશે અને એ પ્રમાણે સ્વધર્મનું પાલન કરશે.

પરંતુ અતિશય દુઃખની વાત તો એ છે કે, લોભની વૃત્તિને ટેકો અને વધારે પોષણ આપવા માટે ઘણીયે વાર ધર્મ અને નીતિનું નામ લઈને ધર્મપ્રચારકોએ તથા ધાર્મિક સંસ્થાઓએ અનુચિત મદદ કરી છે! જેમ કે, આપણા દેશમાં અસ્પૃશ્યતાની અમાનુષી પ્રથાને અને વિદેશમાં ગુલામીની કારમી પ્રથાને. તેથી બાપડા ગરીબ લોકો, જેમને આવો અત્યાચાર સહન કરવો પડે છે, તેઓ ફક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાનમાં અંધ વિશ્વાસ રાખીને જ પોતાનું જીવન પસાર કરે છે! પરંતુ તેઓમાં તેમ જ અન્ય કરુણામય લોકોમાં કોઈ એવી વ્યક્તિ જન્મે છે, જે આવા અત્યાચારનો વિરોધ પ્રાણ આપીને કરે છે. પછી તેમની કુરબાની બીજાંઓને પ્રેરણારૂપ બની જાય છે અને એ રીતે ઘોર અંધકારમાં પણ પ્રકાશનાં કિરણો દેખાયાં કરે છે.

શિવ એ તો નટરાજ છે! પણ તે નાચે છે કયાં? સ્મશાન ભૂમિમાં. એવી જ રીતે કરુણા કે અહિંસા ચમકે છે લોભ અથવા હિંસાની ભૂમિકામાં જ. પ્રભુના કામને વેગ અને વૃદ્ધિ આપવા માટે વિરોધ તો જોઈએ જ ને!

'અંકલ ટૉમ્સ કેબિન' એ પુસ્તકમાં લોભ અને કરુણા વચ્ચે મચેલા ગજગ્રાહનો તાદૃશ ચિતાર રજૂ થયેલો જોવા મળે છે. એ અંગ્રેજી પુસ્તકને શ્રી. મુકુલભાઈએ સંક્ષેપમાં અને સરળ ભાષામાં ગુજરાતીમાં ઉતાર્યું છે. એ એક એવું પુસ્તક છે જેની છાપ ફક્ત જે યુગમાં એ લખાયું છે તે પર જ નહીં, પરંતુ માણસાઈના વિકાસના દરેક યુગ પર પડે છે અને લોકોને તે હંમેશાં પ્રેરણા આપ્યા જ કરે છે.

જીવનના ઘડતરમાં આવાં પુસ્તકોની સદાયે અગત્યતા રહે છે. શ્રી. મુકુલભાઈએ આ પુસ્તકને ગુજરાતીમાં ઉતારીને જીવન-ઘડતરના શુભ કાર્યમાં સારો ફાળો આપ્યો છે અને વર્ષોથી તે આપતા આવ્યા જ છે. તેમનો આ પ્રયાસ પ્રશંસનીય છે; અને આવા પ્રયાસો પર પરમ કરુણામય પ્રભુનો આશીર્વાદ સદા હોય જ.

ગુરુદયાલ મલ્લિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરુણ કથાનું ઘડતર

'લોભ અને કરુણા' એ એક ગરીબ, અજ્ઞાન અને રાંકડી પ્રજાની કરુણ કથા છે. અમેરિકાના લોકોએ અર્થલોભને કારણે આફ્રિકાના હબસી લોકોને ગુલામ તરીકે વેચાતા રાખીને એ બાપડા લોકો પર કાળો કેર વર્તાવ્યો હતો. તેનો હૃદયદ્રાવક ચિતાર આ કથામાં છે.

* * *

આ કથા વાંચતાં પહેલાં આ ગુલામી પ્રથાનો થોડો ખ્યાલ હોવો જરૂરી છે.

ઇંગ્લેંડ અને યુરોપના બીજા દેશોમાંથી ધાર્મિક અત્યાચારોમાંથી છૂટવા અને પોતાની ઇચ્છા મુજબ ધર્મનું પાલન કરવા માટે કેટલાય લોકો હિજરત કરીને અમેરિકા જેવા દૂરના અજ્ઞાત જંગલ-પ્રદેશમાં રહેવા ચાલ્યા ગયા હતા. યુરોપના આ ધર્મનિષ્ઠ વસાહતીઓએ અમેરિકાની ભૂમિ પર પગ મૂક્યો ત્યારે તેમની એક બાજુએ નિરવધિ અનંત સાગર અને બીજી બાજુએ દેશના એક છેડાથી બીજા છેડા સુધી વણખેડાયેલી જમીન અને વિશાળ જંગલો હતાં. આ જમીન સાફ કરીને ત્યાં વસાહતીઓએ ખેતી કરવા માંડી. નવી ભૂમિએ ધાન્યની રેલમછેલ કરી મૂકી.

પરંતુ લોભને કંઈ થોભ છે? અમેરિકા-વાસીઓને ધનનો લોભ વળગ્યો. આવી ફળદ્રુપ જમીનમાં કપાસ અને તમાકુ જેવા કમાઉ પાકો વિશાળ પાયા ઉપર કરવા તેઓ વિચારવા લાગ્યા. પરંતુ જમીનના વિસ્તારના પ્રમાણમાં તેમની વસ્તી બહુ ઓછી હતી. તેથી શરૂઆતમાં તેઓએ અમેરિકાના મૂળ વતની 'રેડ ઇંડિયનો'ને પકડીને તેમની પાસેથી મજૂરીનું કામ લેવા ધાર્યું. પરંતુ એમાં તેઓ ફાવ્યા નહિ; એટલે તેઓએ ઇંગ્લેંડના કેદીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ જ યુરોપમાંથી મજૂરીનો કરાર કરી ગિરમીટિયા મજૂરોને લાવીને કામ લેવાનો પ્રયોગ કર્યો. એમાં પણ તેઓ સફળ થયા નહિ. આ પછી તેઓની એકી નજર આફ્રિકાના ગરીબ હબસીઓ પર પડી. આ કામમાં ઇંગ્લેંડના ધનલોલુપ વેપારીઓએ તેમને સારી મદદ કરી. ઈ. સ. ૧૬૧૯થી હબસીઓને ગુલામ તરીકે રાખવાનું શરૂ થયું ત્યારથી સતત દોઢસો વરસ સુધી હબસીઓની આયાત અમેરિકામાં ચાલુ રહી. ઈ. સ. ૧૮૬૩માં ગુલામગીરી નાબૂદ થઈ તે વેળાએ ગુલામોની સંખ્યા આશરે ૪૦ લાખની થઈ હતી!

એ વેપારીઓ આ અજ્ઞાન અને ભોળાં હબસીઓને ભોળવી, ફોસલાવી, અનેક પ્રકારની લાલચો આપી, વહાણમાં ઘેટાંબકરાંની માફક ખડકીને અમેરિકા રવાના કરવા લાગ્યા. પછી તો જોરજુલમ અને બળજબરીથી પણ તેમને પકડવા લાગ્યા. આ રીતે પોતાની સ્વતંત્રતા ખાતર તથા ધર્મના રક્ષણ ખાતર અમેરિકા આવીને વસનારા ધર્મનિષ્ઠ ગણાતા લોકોએ પોતાના અર્થલોભને વશ થઈ આફ્રિકાની એક ગરીબ, અજ્ઞાન અને રાંકડી પ્રજાનો શિકાર કરવા માંડ્યો અને એમ માણસ જેવા માણસનો વેપાર શરૂ કર્યો!

આ બાપડાં ગુલામોની ત્યાંના સમાજમાં કેવી બૂરી દશા હતી એનો થોડો ઘણો ખ્યાલ નીચેની હકીકત પરથી આવશે:

ગાય, બળદ અને ઘોડાની જેમ ગુલામ તેના માલિકની મિલકત ગણાય; માલિક મરજી પ્રમાણે ગમે ત્યારે અને ગમે તેને વેચી દઈ શકે. ગુલામ કોઈ પણ પ્રકારનાં હથિયાર ધારણ ન કરી શકે. દેશના રાજમાર્ગો ઉપર માલિકની લેખિત પરવાનગી વગર અથવા ગોરા સાથીદાર વિના તે પોતાના રહેઠાણના વાડાની બહાર ન જઈ શકે. ગુલામો સમૂહમાં એકઠાં થઈ ન શકે. અદાલતમાં ગુલામ સાક્ષી ન થઈ શકે. તેને વાંચતાં લખતાં શીખવાની કે શીખવવાની કાયદાથી બંધી હતી. ગુલામ સ્ત્રી ઉપર થયેલો બળાત્કાર ગુનો ન ગણાય; માત્ર તે બાઈના માલિકની મિલકત પર ગેરકાયદે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ ગણાય ! માલિક ધારે ત્યારે સંતતિ માટે હબસી સ્ત્રી પુરુષનો સંબંધ બળજબરીથી પણ કરાવી શકે. આ સ્થિતિમાં બાળકો માતાનાં ગણાય અને તેની માલિકી માતાના માલિકની ગણાય. આ ઉપરાંત બીજા કેટલાય અમાનુષી અત્યાચારો આ અસહાય ગુલામો પર ગુજારવામાં આવતા. *

આ અમાનુષી વર્તાવ જોઈને અમેરિકાના કેટલાય દયાળુ સજ્જનો એ સામે પોતાનો વિરોધ દર્શાવવા લાગ્યા. જ્યૉર્જ વૉશિંગ્ટન, જેફરસન જેવા દેશસેવકોએ આ કારમી પ્રથાને દૂર કરવા અથાગ પ્રયત્નો આદર્યા હતા. આગળ જતાં ગુલામોને પક્ષે સાહિત્યકારો ભળ્યા અને રાજપુરુષો ભળ્યા, સમાજસુધારકો ભળ્યા અને ધર્મોપદેશકો પણ ભળ્યા. દેશભરમાં ગુલામીની પ્રથા સામે મંડળો સ્થપાયાં. ગુલામોને માલિકોના પંજામાંથી છોડાવી કેનેડાની સ્વતંત્ર ભૂમિમાં નાસી જવા મદદ કરવાને દેશમાં ઠેર ઠેર છૂપાં થાણાં સ્થપાયાં; અને એ સેવાકાર્યમાં અમેરિકાના અસંખ્ય જુવાનોએ પોતાની જિંદગીનો ભોગ આપ્યો.

આમ તો અમેરિકાના ઉત્તર વિભાગમાં અમેરિકાના સ્વાતંત્ર્યયુદ્ધ પછી ગુલામી પ્રથા લગભગ નાબૂદ જેવી થઈ ગઈ હતી. ત્યાં ગુલામો પર થતા અત્યાચારો પ્રમાણમાં ઘટ્યા હતા. પરંતુ દક્ષિણમાં હજી ગુલામી પ્રથા અસલ સ્વરૂપમાં જ હતી. ત્યાં તો ગુલામો ઉપર કાળો કેર ગુજર્યે જતો હતો.

પરંતુ છેવટે ધીરે ધીરે ગુલામીનો પ્રશ્ન એટલો તો ઉગ્ર બન્યો કે, અમેરિકાના રાજકારણના બીજા બધા પ્રશ્નો એની આગળ ગૌણ બની ગયા. કેટલીય પેઢીના બલિદાન અને સ્વાર્થત્યાગથી પુનિત થયેલી અને કેટલીય તડકાછાંયડી વેઠીને સુદૃઢ થયેલી અમેરિકાની એકતાને આ પ્રશ્ને ભેદી નાખી. અમેરિકાની પ્રજાના બે ભાગલા પડી ગયા. ઉત્તરના લોકો ગમે તે ભોગે ગુલામી નાબૂદ કરવા અધીરા

* 'લોભ અને કરુણા'માં એનો તાદૃશ ચિતાર આપવામાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્યા; જ્યારે દક્ષિણના લોકોએ કોઈ પણ હિસાબે ગુલામી ટકાવી રાખવા કમર કસી. તેમાંથી દક્ષિણે અલગ રાજ્ય બની છૂટું પડવા વિચાર્યું. પરિણામે આંતરવિગ્રહનાં બીજ રોપાયાં.

આ કટોકટીની વેળાએ અમેરિકાના તે વખતના પ્રમુખ એબ્રાહમ લિંકને ખૂબ જહેમત ઉઠાવીને આખી પરિસ્થિતિને સંભાળી લીધી. તેમણે એ વિગ્રહ દરમિયાન જ ૧ લી જાનેવારી ૧૮૬૩ ને યાદગાર દિવસે એક જાહેરનામું બહાર પાડી આખા સંયુક્ત રાજ્યનાં ગુલામોને મુક્ત કર્યા. છેવટે ૧૮૬૫ના જુલાઈ માસમાં ભીષણ આંતરવિગ્રહનો અંત આવ્યો.

* * *

શ્રીમતી હેરિયટ બીચર સ્ટો (૧૮૧૧–૧૮૯૬) નામની એક અમેરિકન ભલી બાઈએ આ બાપડાં ગુલામ સ્ત્રી-પુરુષોની હૃદયદ્રાવક



સ્થિતિ વિષે ઘણું ઘણું સાંભળ્યું હતું. વળી તે થોડો વખત પોતાના પતિની સાથે દક્ષિણનાં સંસ્થાનો તરફ રહી પણ હતી. તે વેળાએ તેણે આવાં કરુણ દશ્યો નજરોનજર જોયાં હતાં. આ બધું જોઈને તેનું દયાળુ હૃદય દ્રવી ઊઠ્યું અને આ પીડિત, દલિત માણસોની દુર્દશાને વર્ણવતી કથા તેણે એક પત્રમાં હપતે હપતે આપવા માંડી. છેવટે ઈ. સ. ૧૮૫૨ માં તે આખી કથા 'અંકલ ટોમ્સ કેબિન'ના નામે પ્રસિદ્ધ થઈ.

આ કથાએ ગુલામોના વેપારની પ્રથા નાબૂદ કરવામાં ભારે ભાગ ભજવ્યો છે. પછી તો આ કથા જગતમાં બધે ખૂબ જ જાણીતી થઈ અને દુનિયાની ઘણીખરી ભાષાઓમાં એ ઊતરી પણ છે.

૮–૨–'૫૯

મુકુલ કલાર્થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન		૩
સનાતન ગજગ્રાહ !	ગુરુદયાલ મલ્લિકજી	૫
કરુણ કથાનું ઘડતર	મુકુલભાઈ કલાર્થી	૭

લોભ અને કરુણા

૧. આફ્રતના ભણકારા	૧૫
૨. માની અકળામણ	૧૯
૩. દુઃખની પરંપરા	૨૧
૪. એમિલીનો ઉકળાટ	૨૮
૫. ઉદાર-દિલ ટૉમ	૩૩
૬. હેલિની ગમ્મત !	૩૭
૭. માતાનું અજબ સાહસ !	૪૧
૮. વેપારીનું તત્ત્વજ્ઞાન !	૪૯
૯. દુખિયાંનો વિસામો	૫૪
૧૦. ટૉમની દુઃખભરી વિદાય !	૬૦
૧૧. એક કરુણાજનક દૃશ્ય	૬૪
૧૨. બિચારી મા !	૬૯
૧૩. દેવકન્યા સમી ઇવા	૭૫
૧૪. ઇવાની મા !	૮૦
૧૫. ઇવાનો પિતા	૮૬
૧૬. સ્વામીભક્ત ટૉમ	૯૧
૧૭. કમનસીબ પ્રૂ !	૯૫
૧૮. માયાળુ બાપ-દીકરી	૧૦૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯. ટૉપ્સી ! ૧૦૫
૨૦. ટૉપ્સીનું તોફાન ૧૦૮
૨૧. ઇવાનું અવસાન ! ૧૧૪
૨૨. અણધાર્યો અકસ્માત ૧૧૯
૨૩. નોંધારાં ! ૧૨૩
૨૪. વહાલાંનો વિયોગ ! ૧૨૯
૨૫. સેતાન સમો લેગ્રી ૧૩૪
૨૬. નરકયાતના ! ૧૪૧
૨૭. ટૉમની અડગતા ૧૪૭
૨૮. કેસીની આપવીતી ૧૫૫
૨૯. ટૉમની સલાહ ૧૬૩
૩૦. નાસવાની તરકીબ ૧૬૭
૩૧. ધર્માત્માની વિદાય ૧૭૨
૩૨. લેગ્રીનો અંતકાળ ૧૭૬
૩૩. અમર આત્માને અંજલિ ૧૭૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોભ અને કરુણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

આફતના ભણકારા

અમેરિકાનાં સંયુક્ત રાજ્યોના કેન્ટુકી પરગણામાં આવેલા એક ગામમાં આર્થર શૅલબી નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તેણે હેલિ નામના એક માણસ પાસેથી ઉછીનાં નાણાં લીધાં હતાં. મુદત વીતી ગઈ તોયે આર્થર તેને દેવું ભરી શકયો ન હતો. એટલે હેલિ આર્થરને ત્યાં આવ્યો. વાતચીત કરતાં કરતાં એને ત્યાંના ગુલામોને દેવા પેટે આપવા આર્થરને એ સમજાવવા લાગ્યો. હેલિ ગુલામોને વેચવાનો ધંધો કરતો હતો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્થર છેવટે નાછૂટકે ટૉમ નામના એક ગુલામને વેચવા તૈયાર થયો.

પરંતુ હેલિ આમ ટૂંકામાં સોદો પતાવી દે એવો નહોતો. તે બોલ્યો: "ના સાહેબ; એટલાથી હું કબૂલ ન થાઉં. ટૉમના બદલામાં બધું દેવું શી રીતે ચૂકવી આપું? બીજા કોઈ ગુલામને વધારામાં આપવો પડશે."

આર્થર—"તમે ટૉમને ઓળખતા નથી. એ કંઈ સામાન્ય ગુલામ નથી. તે સદાચારી અને ભરોસાપાત્ર ગુલામ છે. તે એકેએક કામ સાચા દિલથી કરે છે. એનામાં જરાયે કપટ નથી. એવા ગુલામની તો આટલી કિંમત પણ બહુ જ ઓછી કહેવાય. આ તો મારાથી હાલ બીજું કશું થઈ શકે એમ નથી; માટે જ મારે એને તમને આપવો પડે છે!"

હેલિ—"તમારી વાત બરોબર હશે. પરંતુ ટૉમની સાથે એકાદ છોકરો કે છોકરી આપો તો મને બસ છે."

એ બંને આમ વાતો કરતા હતા, એવામાં છએક વર્ષનો એક હબસી બાળક દીવાનખાનામાં દાખલ થયો. તે છોકરો દેખાવમાં સારો હતો. આર્થરે તેને પોતાની પાસે બોલાવીને કહ્યું: "જિમ, આપણા આ મહેમાનને તારો નાચ તો બતાવ; અને પેલું ગીત પણ એક વાર ગાઈ સંભળાવ."

જિમ તરત જ તૈયાર થઈ ગયો.

હેલિની ભુખાળવી નજર જિમ પર ઠરી ગઈ. તે આર્થરને ધીમેથી કહેવા લાગ્યો: "ટૉમ સાથે આ બાળક આપશો તો તમારું દેવું ચૂકતે. બોલો, છો તૈયાર?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં એક હબસી બાઈ ગભરાયેલી દશામાં દાખલ થઈ.

આર્થરે તેને જોઈને થોડા ગભરાટમાં કહ્યું : "ઇલિઝા, શું જોઈએ છે? તું અહીંયાં કેમ આવી?"

ઇલિઝા—"બાપુ, હું તો જિમને શોધવા આવી છું." એમ કહીને તે એને લઈને બહાર ચાલી ગઈ.

હેલિ મલકાતો મલકાતો બોલ્યો : "વાહ, સાહેબ! તમારે ત્યાં ગુલામો એક એકથી ચડિયાતાં છે, હાં કે? આ સુંદર ગુલામડીની તો તમને ખૂબ જ કિંમત ઊપજે એમ છે. પછી તમે બધાં લહેરથી રહી શકશો. બોલો, સોદો કરવો છે કે? તમને જોઈએ એટલી કિંમત આપવા તૈયાર છું. હું તો આવા માલની જ શોધમાં હોઉં છું."

આર્થર એ સાંભળીને અકળાઈ ગયો. તે બોલ્યો : "ના, ના; એવું કદી નહીં બને! હું તો મા-દીકરામાંથી કોઈનેય વેચવા તૈયાર નથી. મારામાં થોડી ઘણી પણ દયા છે. મા પાસેથી બાળકને છૂટો પાડવાનું ઘોર કૃત્ય હું કદી નહીં કરું. મહેરબાની કરીને તમે આ મા-દીકરાની વાત જ જવા દો!"

હેલિ હસતો હસતો બોલ્યો : "સાહેબ, તમે વધારે પડતા દયાળુ બની જાઓ છો. ગુલામો તરફ વળી દયા કેવી? એ તો જરા યુક્તિથી કામ લેતાં આવડવું જોઈએ. હું હવે મૂળ વાત પર જ આવું. તમે એમ કરો; આ છોકરાને મારા હાથમાં સોંપતાં પહેલાં તેની માને કંઈ કામસર કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠેકાણે મોકલી દેજો. પછી તે પાછી આવે ત્યારે એરિંગ કે એવી જ કોઈ ચીજ એને આપજો; એટલે તે શાંત થઈ જશે."

આર્થર હેલિની આવી માણસાઈ વિનાની વાત સાંભળીને અણગમો બતાવતો બોલ્યો: "અરે, આવું તે કદી બનતું હશે? મા શું પોતાના વહાલા બાળકને આવી નાનકડી તુચ્છ ચીજ મળતાં ભૂલી જાય ખરી? પરંતુ તમે હવે આ વાત જ પડતી મૂકો."

હેલિ આથી ઊંચે સાદે બોલ્યો: "તો પછી મારે સોદો નથી કરવો. હું તો દેવું ચૂકવવા તમારા ઘર ઉપર જપ્તી લઈ આવું છું. પછી જોવા જેવું થશે. માટે ડાહ્યા થઈને માની જાઓ. ટોમ અને જિમ આપો એટલે મારું કામ પૂરું."

આર્થર ઊંડા વિચારમાં ડૂબી ગયો. તે થોડી વાર પછી બોલ્યો: "ઠીક ત્યારે, તમે સાંજે આવજો. મારી પત્ની એમિલી સાથે વાતચીત કરીને તમને મારો છેવટનો નિર્ણય જણાવીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

માની અકળામણ

ઇલિઝા જ્યારે જિમને શોધવા આવી હતી, ત્યારે તેણે પોતાના માલિક આર્થર અને મહેમાન વચ્ચે જિમને વેચવાની જે વાત થતી હતી એ સાંભળી હતી. એટલે તેના દિલમાં ફફડાટ પેસી ગયો કે, રખેને મારા વહાલા દીકરાને શેઠ વેચી તો નહીં દે ને!

એટલે તે પોતાની શેઠાણી એમિલીની પાસે આવીને ડૂસકે ડૂસકે રડી પડી. એમિલી આ જોઈને નવાઈ પામી. તેણે પૂછ્યું: "બેટા, તને એકાએક આ શું થઈ ગયું? તું કેમ રડે છે?"



ઇલિઝા — "મા, બાપુ પાસે ગુલામોનો વેપારી આવ્યો છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમિલી — "તું પણ ખરી છે! ગુલામોનો વેપારી આવ્યો, તેથી શું થઈ ગયું? કેમ, તારા શેઠને કોઈ મળવા પણ ન આવે?"

ઇલિઝા — "મા, મેં એમની વાતો બહારથી સાંભળી છે. બાપુ સાથે તે વેપારી મારા જિમને વેચવાની વાત કરતો હતો! શું બાપુ મારા જિમને વેચી દેશે?"

એ સાંભળીને એમિલી વધારે નવાઈ પામી. તે સ્નેહ-ભર્યા અવાજે બોલી: "બેટા, તું તો એવી ને એવી વહેમીલી જ રહી. તારા બાપુનો સ્વભાવ પણ તું હજી ઓળખી શકી નથી! તેમના જેવા દયાળુ શેઠ મળવા મુશ્કેલ છે. તે પોતાનાં ગુલામોને પોતાનાં સંતાન જેટલાં જ ચાહે છે. તે કદીય પોતાનાં ગુલામોને વેચવાનો વિચાર સુધ્ધાં નહીં કરે. તું શાંત થા. તારા જિમને કશું નહીં થાય."

ઇલિઝા — "મા, તમે બાપુને સમજાવજો, હાં કે? મારા જિમ વગર હું એક ઘડી પણ જીવી નહીં શકું."

એમિલી જરા ગુસ્સે થઈને બોલી: "તું તો સાવ મૂરખ જેવી છે! તારો જિમ શું અમને વહાલો નથી? તું તારે નિરાંતે રહે. તારા જિમને જોનાર હું બેઠી છું. કોની મગદૂર છે કે, જિમને અહીંથી લઈ જાય? હવે ઊઠ, જોઉં; આ બધાં કપડાં ઠેકાણે મૂકી આવ."

શેઠાણીની વાત સાંભળીને ઇલિઝા જરા શાંત થઈ. મનમાં પોતાની પ્રેમાળ શેઠાણીનો આભાર માનતી તે ત્યાંથી કપડાં લઈને જતી રહી.

એમિલીએ ઇલિઝાની વાતને બહુ મહત્ત્વ ન આપ્યું. તેને પૂરેપૂરી ખાતરી હતી કે, તેનો પતિ દક્ષિણ પ્રદેશના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્દય વેપારીઓના હાથમાં પોતાના ગુલામોને કદી ન જ સોંપે. એટલે એ વિશ્વાસમાં ને વિશ્વાસમાં તેણે પોતાના પતિની સાથે એ બાબતમાં વાત સુધ્ધાં નહીં કરી. જ્યારે બીજી બાજુ આર્થર એમિલી આગળ વેપારીની સાથે થયેલી વાતચીત શી રીતે મૂકવી એની મૂંઝવણમાં હતો. તેને મનમાં ઊંડે ઊંડે બીક હતી જ કે, એમિલીને આ વાતથી ખૂબ દુઃખ થશે અને ગુલામોને તે વેચવા દેશે નહીં. તેથી તેણે એમિલીને એ અંગે કશું કહ્યું નહીં. વળી સાંજે ગુલામોનો વેપારી આવશે એને શો જવાબ આપવો એ પણ તેને સૂઝતું ન હતું. અને સાંજની વેળાએ તો એમિલી પોતાની બહેનપણીને મળવા નિરાંતે બહાર ચાલી ગઈ!

૩

દુઃખની પરંપરા

સાંજની વેળાએ ઇલિઝા ઊંડા વિચારમાં ગરકાવ થઈ બેઠી હતી. એવામાં તેનો પતિ જ્યૉર્જ હેરિસ ત્યાં આવ્યો. પતિને ઉદાસીન જોઈને ઇલિઝાના પેટમાં ફાળ પડી; રખેને કંઈ અજુગતું તો નહીં થયું હોય ને?

તેણે શાંત અવાજે પૂછ્યું : "આજે તમે કેમ ઉદાસ બની ગયા છો? જિમને પણ કેમ હસીને બોલાવતા નથી? તમને શું થઈ ગયું છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યૉર્જ હેરિસ પાસેની બેઠક પર બેસી જઈને બોલ્યો : "આપણા નસીબમાં સુખ જ ક્યાં છે? જિમ ન હોત તો આપણે થોડાંય સુખી હોત. આ તો દુઃખમાં વધારો જ થયો! આપણા જેવાં અભાગિયાંના નસીબમાં સંતાનનું સુખ પણ ક્યાં લખેલું છે!"

ઇલિઝા — "પણ તમે આવું બધું શું બોલો છો? જે થયું હોય એ સાફસાફ કહોને? તમારા શેઠે તમને કશું કર્યું છે કે શું?"

જ્યૉર્જ હેરિસ પણ એક ગુલામ હતો. તેનો પિતા અંગ્રેજ હતો અને માતા હબસી ગુલામ સ્ત્રી હતી. તેનો અંગ્રેજ પિતા મરણ પામતાં તેની મિલકતની સાથે જ્યૉર્જને, તેની માને તથા તેનાં ભાઈબહેનને વેચી દેવામાં આવ્યાં હતાં. જ્યૉર્જનો નવો માલિક ખૂબ નિર્દય હતો. તે એને ખૂબ જ ત્રાસ આપતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇલિઝા પણ અંગ્રેજ પિતા અને ગુલામ માતાને પેટે જન્મી હતી. ગોરા વેપારીઓ સુંદર ગુલામડીઓને પેટે થતાં બાળકોને મોંઘી કિંમતે વેચી નાખતા. એ કારણે પૈસાના લોભે તેઓ એવી સ્ત્રીઓ પર ખૂબ જ અત્યાચાર વર્તાવતા. તેઓ તેમનો જેટલો કસ કાઢી શકાય તેટલો કાઢવા મથતા. તેથી સુંદર ગુલામડીને માટે પોતાના શિયળનું રક્ષણ કરવું એ લગભગ અશક્ય જેવું જ હતું. એ બાપડીને પોતાની નિરાધાર દશાને કારણે શેઠની પશુતાને વશ થઈ જવું પડતું. ગોરા વેપારીઓ પણ એવી સુંદર ગુલામડીઓની પજવણી કરવામાં પાછી પાની કરતા નહીં. રડતી કકળતી માતાની ગોદમાંથી બાળકને ઝૂંટવી લેતાં તેમને કદી દયા આવતી નહીં!

પરંતુ કેટલાક શેઠ દયાળુ પણ હતા. એ રીતે સદ્‌ભાગ્યે ઇલિઝા આવા ત્રાસમાંથી બચી ગઈ હતી. તેનાં શેઠશેઠાણી બહુ ભલાં હતાં. તેઓ તેને પોતાની પુત્રી સમાન જ ગણતાં હતાં. તેમણે ઇલિઝાને ધર્મનું જ્ઞાન પણ આપ્યું હતું. નહીં તો સામાન્ય રીતે ગોરા શેઠ તેમ જ વેપારીઓ એમ જ માનતા કે, ગુલામોને વળી ધર્મ શો, નીતિ શી, ચારિત્ર્ય શું!

ઇલિઝાનાં શેઠશેઠાણીએ તેનાં લગ્ન પણ જ્યૉર્જ હેરિસ જેવા સદ્‌ગુણી તેમ જ બુદ્ધિશાળી ગુલામની સાથે કર્યાં હતાં. આમ તો જ્યૉર્જને પોતે ગુલામ હોવાને કારણે રિવાજ મુજબ પોતાના શેઠને ત્યાં જ રહેવું પડતું હતું; છતાં તે અવારનવાર ઇલિઝાને મળવા આવી શકતો હતો ખરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યૉર્જ બોલ્યો : "ઇલિઝા, તને મારા દુઃખની વાત શી કહું? હવે મારાથી ત્રાસ નથી સહન થતો! તને ખબર તો છે જ કે મારા શેઠે મને વિલસન સાહેબના કારખાનામાં નોકર તરીકે રાખ્યો હતો. ત્યાં હું બહુ સારી રીતે કામ કરતો હતો. તેથી રાજી થઈને વિલસન સાહેબે મને કારખાનાનો મૅનેજર બનાવ્યો. પરંતુ મારા જેવા ગુલામને આવું માન મળતું જોઈને મારા શેઠને એ રુચ્યું નહીં. તેથી તેણે મને ત્યાંથી છૂટો કરી દીધો અને માટી ખોદવાના કામમાં હવે મને રાખ્યો છે! હવે તું જ કહે, આવો અત્યાચાર મારે ક્યાં સુધી સહન કરવો? વિલસન સાહેબના કારખાનામાં મને જે પગાર મળતો હતો તે મારા શેઠના હાથમાં જ જતો હતો. એ રીતે તેને ફાયદો જ હતો. પરંતુ ગુલામની ચડતી દશા શેઠ શી રીતે સાંખી શકે? ખરેખર, એ લોકો આપણને પશુની દશામાં જ રાખવા ઇચ્છે છે. આવું આપણે ક્યાં સુધી સહન કર્યે જવું?"

ઇલિઝા ગળગળી થઈ જઈને બોલી : "તમારી વાત સાંભળીને મારો જીવ ગભરાય છે! તમે દુઃખમાં ને દુઃખમાં તમારા જીવને હાનિ થાય એવું કરી નહીં બેસતા, હાં કે? તમે નહીં હશો તો મારું અને આપણા જિમનું શું થશે? મારા વહાલા નાથ, તમારા સિવાય અમારું કોઈ જ નથી; સમજ્યા કે?"

જ્યૉર્જ — "તમારા બંનેનો વિચાર કરીને જ મેં આજ લગી બધું સહન કર્યું છે. પણ શેઠ મને હેરાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા માટે મારી પાછળ હાથપગ ધોઈને પડ્યો છે. આજે સવારે જ તેનો નાનો છોકરો ઘોડાને ચાબુકે ચાબુકે ખાલી-પીલી ફટકારતો હતો. મેં તેને બાપડા પ્રાણીને ન મારવા સમજાવ્યો. એટલે તેણે મને લાત મારી અને શેઠ પાસે જઈને તે કહેવા લાગ્યો કે, 'જ્યૉર્જે મારું અપમાન કર્યું.' શેઠે એ સાંભળીને મને ઝાડની સાથે બાંધ્યો અને છોકરાને કહ્યું: 'તારાથી મરાય ત્યાં સુધી હરામખોરને ફટકાર.' એટલે તે છોકરાએ ચાબુકથી મને ખૂબ માર્યો! જો, મારી પીઠ પર તેના સોળ હજીય છે. ઇલિઝા, તારાં શેઠશેઠાણી તો ભલાં છે. એટલે ગુલામોની કેવી બેહાલ દશા થાય છે એનો તને કયાંથી ખ્યાલ આવે!"

ઇલિઝા પોતાના પતિના દુઃખની વાત સાંભળીને રડી પડી. તે બોલી: "તો હવે તમે શું કરવા ઇચ્છો છો? હું તો તમને એમ વીનવું છું કે, અમારે ખાતર થોડો વખત સહન કરી લો. પ્રભુ ગરીબનો બેલી છે. એ આપણું દુઃખ જરૂર દૂર કરશે."

જ્યૉર્જ — "ઇલિઝા, હજી તેં મારા દુષ્ટ શેઠની વાત પૂરેપૂરી સાંભળી નથી. તે મને કહે છે કે, 'હવે તારે તારી સ્ત્રીને મળવા કદી જવું નહીં.' અને તે મને તેના ઘરની એક ગુલામ સ્ત્રી સાથે લગ્ન કરવા ફરમાવે છે! જો હું એમ ન કરું તો દક્ષિણ તરફના કોઈ ક્રૂર વેપારીને વેચી દેવાની મને ધમકી આપે છે. હવે તું જ કહે, મારાથી તને શી રીતે તજી દેવાય?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈલિઝા — "પણ તમારી સાથે બીજી સ્ત્રીને તે કેમ પરણાવી શકે? મારાં શેઠશેઠાણીએ ખ્રિસ્તી ધર્મ પ્રમાણે આપણાં લગ્ન કરી આપ્યાં છે."

જ્યૉર્જ દુઃખભર્યું હસીને બોલ્યો: "અરે ઈલિઝા, તું તો સાવ ભોળી છે! આ દેશના કાયદા અનુસાર ગુલામોને ધર્મ પ્રમાણે લગ્ન કરવાનો અધિકાર જ નથી. તારા અને મારા માલિકની મરજી હોય ત્યાં સુધી જ આપણે સાથે રહી શકીએ. જો તારા માલિકને કોઈ બીજાની સાથે તારાં લગ્ન કરાવવાની ઇચ્છા થાય તો તે ખુશીથી કરી શકે છે. અરે, તેની મરજી થાય તો આપણા વહાલા જિમને પણ તે આપણી પાસેથી ઝૂંટવી લઈ શકે છે!"

આ સાંભળીને ઈલિઝા ધ્રૂજી ઊઠી. સવારે પોતાના શેઠ અને ગુલામોના પેલા વેપારી સાથે થયેલી વાતચીત તેને એકદમ યાદ આવી ગઈ. પણ તેણે જ્યૉર્જને વધારે ચિંતા થશે એમ માનીને એ વાત મનમાં ને મનમાં દબાવી દીધી. તે આંખમાં આવેલાં આંસુ લૂછી નાખી નીચું મોં કરી બેસી રહી.

થોડી વાર શાંત બેઠા પછી જ્યૉર્જે કહ્યું: "ઈલિઝા, આ બધાં દુઃખમાંથી બચવાનો મેં રસ્તો શોધી કાઢ્યો છે. હું કેનેડા નાસી જવા માગું છું. ત્યાં ગુલામી પ્રથા નથી. ત્યાં ગયા પછી હું તને અને જિમને તારા શેઠ પાસેથી ખરીદી લઈશ. એ માટે હું તારી પાસે રજા લેવા આવ્યો છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇલિઝા એ સાંભળીને હબકી ગઈ. તે બોલી : "પણ આમ નાસી જવું, એ કંઈ નાનીસૂની વાત નથી. જો તમે પકડાઈ જશો તો તમારો જીવ જોખમમાં આવી પડશે. એ લોકો તમને જીવતા નહીં રહેવા દે! પછી અમારું શું થાય? અમે રવડી જ મરીએ ને!"

જ્યૉર્જ — "ગુલામગીરીમાં સબડ્યા કરવા કરતાં તેમાંથી રસ્તો કાઢવા જતાં મોતને ભેટવું પડે તો તે હું વધારે પસંદ કરું છું."

ઇલિઝા પોતાના પતિની કફોડી સ્થિતિ સમજી ગઈ. એમને નાસી ગયા વિના બીજો છૂટકો ન હતો. આખરે તે રડતી રડતી બોલી : "પરમાત્મા તમારું રક્ષણ કરો! તમારે નાસી જવું હોય તો નાસી જાઓ. પણ યાદ રાખજો કે, તમારા હાથે કોઈની હત્યા ન થાય અને ગમે તેવું દુઃખ તમારા પર આવી પડે તોયે આપઘાત કદી કરશો નહીં. વળી મારી ચિંતા કરશો નહીં. હું તમારી છું અને તમારી જ રહીશ. પ્રભુની ઇચ્છા પ્રમાણે બધું સારું થશે."

છેવટે સજળ નેત્રે અને ભારે હૈયે બંને જણ છૂટાં પડ્યાં. જ્યૉર્જ દેખાતો બંધ થયો ત્યાં સુધી ઇલિઝા તેને જોઈ રહી. પછી તે ઢગલો થઈને નીચે બેસી પડી. તેની આંખોમાં આંસુ માતાં નહોતાં. પોતાના પતિને આમ જતો રહેલો જોઈને ઇલિઝાનું હૃદય ભાંગી પડ્યું હતું. કોણ જાણે હવે પાછાં કયારે મળાશે! અને જિમની ચિંતા તો હજી તેના હૃદયને કોરતી જ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

એમિલીનો ઉકળાટ

રાતે એમિલી પોતાની બહેનપણીને ત્યાંથી પાછી ફરી. વાળુ કર્યા પછી તેણે પોતાના પતિને પૂછ્યું : "આજે તમે કેમ સવારથી બહુ ઉદાસ જેવા લાગો છો? અરે હાં, હું તો તમને એક વાત પૂછવાનું જ ભૂલી ગઈ! આજે સવારે પેલા ભાઈ આવ્યા હતા એ કોણ છે?"

આર્થર જરા મૂંઝાઈને બોલ્યો : "એ તો મારો એક ઓળખીતો વેપારી હેલિ હતો. આપણા ગામમાં કંઈક વેપાર અંગે આવ્યો હતો. મારે એની સાથે જરા હિસાબ ચોખ્ખો કરવાનો હતો; એટલે મેં જ એને બોલાવ્યો હતો."

એમિલી — "એ ગુલામોનો વેપાર કરે છે કે શું?"

આર્થર જરા બમચાઈને બોલ્યો : "કેમ તું આવું પૂછે છે?"

એમિલી — "એ તો જરા અમસ્તું. આજે સવારે ઇલિઝા મારી પાસે ગભરાતી ગભરાતી આવીને કહેવા લાગી કે, તમે બંને જણ એના પુત્રને વેચવાની વાત કરી રહ્યા હતા. મેં તો એને બરોબર ધમકાવી કાઢી ને કહ્યું કે, તું તો સાવ મૂરખ જેવી વાત કરે છે! તારા શેઠ આવું કદી કરે ખરા?"

આર્થર એ સાંભળીને મનમાં ચમક્યો. તે ડરતાં ડરતાં બોલ્યો : "ખરેખર, ઇલિઝા એવું કહેતી હતી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમિલી — "તો શું હું ખોટું કહું છું? પણ તમે મને એ કહો તો ખરા કે, આપણા ગુલામોને વેચવા તો તમે તૈયાર નથી થયાને?"

આર્થર — "એમિલી! હવે મારે તને કયાં સુધી અંધારામાં રાખવી? હું ખૂબ ભીડમાં આવી પડયો છું. તેથી મારે નાછૂટકે ગુલામોને વેચવા પડશે!"

એમિલી — "તમે મારી મશ્કરી તો નથી કરતાને? શું તમે ખરેખર આપણા ગુલામોને વેચશો?"

આર્થર — "હા. ટોમને મારે કયારનો વેચવો પડયો છે!"

એમિલી એ સાંભળીને ચમકી ગઈ. તે અકળાઈને બોલી: "શું તમે આપણા ભલા ટોમને વેચશો? તો પછી ઇલિઝા કહેતી હતી એ વાત પણ સાચી હોવી જોઈએ; કેમ ખરું ને?"

આર્થર — "હા; મારે જિમને પણ વેચી દેવો પડયો છે!"

એમિલી — "તમે એ બંનેને વેચવા કેમ તૈયાર થયા? તમારામાં આવી બુદ્ધિ કયાંથી આવી?"

આર્થર બોલ્યો: "બીજું કશું થઈ શકે એમ ન હતું. એ બંનેની કિંમત વધારે આવવાથી જ મેં તેમને વેચવાની તૈયારી બતાવી. તે તો ઇલિઝાની પણ માગણી કરતો હતો. પરંતુ તારું દિલ ન દુભાય એ માટે મેં એને ઘસીને ના પાડી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમિલી — "કેવો નરાધમ માણસ છે એ!"

આર્થર — "પણ હું કંઈ ઇલિઝાને કોઈને સોંપું એવો નિર્દય નથી. મારે તારો પણ ખ્યાલ કરવો જોઈએ ને?"

એમિલી — "હવે રહેવા દો એ વાત! તમને ટૉમ અને જિમને વેચતી વખતે મારો ખ્યાલ ન આવ્યો? ટૉમ જેવા ભગત માણસને વેચવાનું તમને શી રીતે મન થયું, એ જ મને સમજાતું નથી! વળી જિમને એની માથી વિખૂટો પાડવા જેવું દયાહીન કૃત્ય કરતાં તમને જરાયે આંચકો ન લાગ્યો? અરે ભગવાન!"

આર્થરે એમિલીને પોતાના ઉપર કેટલું બધું દેવું વધી ગયું હતું એની વાત કરીને કહ્યું: "આજે આપણી એવી સ્થિતિ નથી કે, આપણે હેલિને બધું દેવું ચૂકવી આપીએ. એ તો આપણા ઘર પર જપ્તી લાવવાની ધમકી આપતો હતો. એટલે છેવટે મારે મનને મારીને પણ આવું પગલું લેવું પડ્યું! તું જ કહે, આ સિવાય બીજો કયો રસ્તો હતો?"

પતિની વાત સાંભળીને એમિલી ઊંડો નિસાસો નાંખી બોલી: "ખરેખર, ગુલામી પ્રથા જ મોટું પાપ છે! હું તો એમ માનતી હતી કે, આપણે ગુલામોને સારી રીતે રાખીશું તો એક દિવસ આ પાપ ધોઈ નાખવામાં થોડો ઘણો પણ ફાળો આપી શકીશું; આપણાં ગુલામોને ધર્મ પ્રમાણે જીવન જીવતાં શીખવીને તેમનું જીવતર સુધારીશું તથા તેમનું દુઃખ હળવું કરી શકીશું. પરંતુ આ તો એ બાપડાંને એ જ દુર્દશામાંથી પસાર થતાં જોવાનો મારો વારો આવ્યો. આવી દુષ્ટ પ્રથા એ જ આ દુઃખનું મૂળ છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્થર — "અરે, તું તો ગુલામી પ્રથાની વિરુદ્ધમાં બોલવા લાગી! ગયા રવિવારે દેવળમાં વડા પાદરી સાહેબે ઉપદેશ આપ્યો હતો, એ શું તું ભૂલી ગઈ? આપણો ધર્મ પણ આ પ્રથાની તરફેણ કરે છે."

એમિલી — "હવે રહેવા દો એ બધા ધર્મગુરુઓને! ખરી રીતે ધન જ આ અનર્થનું કારણ છે. ધનના લોભે આપણે આ બાપડા લોકોની કરુણ દશા કરી મૂકી છે. અને ધર્મગુરુઓ પણ ધનના લોભથી મુક્ત નથી. એ લોકો પણ ધનવાનોની શેહમાં દબાઈ જઈને તેઓને રુચે એવી વાતમાં ધર્મનો આશરો લઈ પોતાનો સૂર પુરાવે છે."

આર્થર એમિલીની વાત સાંભળીને થોડી વાર મૂગો રહ્યો. પછી તે બોલ્યો: "એમિલી, તારી વાત ખરી છે. પરંતુ મારે તો મારી કફોડી સ્થિતિને લીધે જ આવું કરવું પડ્યું છે!"

એમિલી — "એ ખરું; પણ મને ઇલિઝાની દયા આવે છે. એ બિચારી જિમ વિના ટળવળી મરશે! મારી પાસે બીજું કંઈ ધરેણું પણ નથી, જે આપીને જિમને છોડાવી શકું. એમ કરો, મારી આ ઘડિયાળ આપું તો ચાલે કે?"

આર્થર — "એમિલી, તું સાંજે બહાર ગઈ હતી ત્યારે મેં હેલિને કરારનામું લખી આપ્યું છે. હવે તે એટલાથી સંતોષ નહીં માને. એને તો જિમ વેચતાં બીજા કોઈ પાસેથી ખૂબ રૂપિયા મળશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમિલી — "તો પછી તમે આવા નિર્દય માણસના હાથમાં જિમને શા માટે સોંપ્યો?"

આર્થર દુઃખભર્યા અવાજે બોલ્યો : "હવે તું મને વધારે દુઃખી ન કર. જો, આવતી કાલે સવારે હેલિ આવીને ટૉમ અને જિમને લઈ જશે. એ વખતે મારાથી ત્યાં હાજર રહી શકાશે નહીં. આપણા પુત્ર જ્યૉર્જને પણ હાજર ન રાખવામાં હિત છે. તે ટૉમને ખૂબ જ ચાહે છે. એટલે તે ટૉમને જવા નહીં દેશે. તું પણ ઇલિઝાને લઈને કયાંક બહાર ચાલી જજે. જેથી આપણી ગેરહાજરીમાં હેલિ એ બંનેને લઈ જઈ શકે."

એમિલી — "ના, ના; એવું મારાથી ન થાય! આવી રીતે એ નિર્દોષ લોકોને છેતરતાં મને ન આવડે. હું તો તેમને આશીર્વાદ આપીને વિદાય કરીશ. પણ બિચારી ઇલિઝાનો વિચાર કરતાં મારી છાતી ચિરાઈ જાય છે. હે ભગવાન, તું જે કરે તે ખરું!"

જ્યારે એમિલી અને આર્થર આ રીતે વાતો કરતાં હતાં, ત્યારે બાજુના ઓરડામાં ઇલિઝા છાનીમાની ઊભી રહીને એ બધું સાંભળતી હતી. તે તો બાપડી આ બધું સાંભળીને બેભાન જેવી બની ગઈ. શેઠશેઠાણીની વાત પૂરી થતાં તે ધ્રૂજતી ધ્રૂજતી હળવે રહીને ત્યાંથી બહાર જતી રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

ઉદાર–દિલ ટૉમ

બેબાકળી બની ગયેલી ઇલિઝા હાંફળીફાંફળી પોતાની ઓરડીમાં આવી. જિમ પથારીમાં સૂતો હતો. ઇલિઝા તરત જ તેની પાસે દોડી ગઈ અને તેને છાતી સરસો ચાંપી રડવા લાગી: "હે દયાળુ ભગવાન, અમ ગરીબ પર દયા કર. તું જ અમારો પાલનહાર છે. મારા દીકરાને મારાથી અળગો ન કરજે."

થોડી વાર પછી તે સફાળી ઊભી થઈ ગઈ. હવે વિલંબ કરવામાં સાર નથી એમ સમજી તે એક કાગળ લઈ લખવા બેઠી:

પ્રેમાળ મા,

મને માફ કરજો. તમે બાપુજી સાથે જે વાતચીત કરતાં હતાં એ મેં સાંભળી છે. તમારા સ્નેહ માટે હું તમારી જન્મો-જન્મ ઋણી છું. પણ માનું હૃદય એના વહાલા દીકરાથી છૂટું થવા જરાયે તૈયાર નથી. એના વિના હું એક ઘડીભર પણ જીવી શકું એમ નથી. માટે મારા વહાલા દીકરાની ખાતર હું તમને છોડીને જાઉં છું. ભગવાનમાં મને ભરોસો છે. નિરાધારનો આધાર મારી વહારે જરૂર જરૂર આવશે. તમારી શુભ આશિષ માગું છું.

તમારી અભાગી દીકરી
ઇલિઝાના પ્રણામ

લો.–૩ CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તેણે એ પત્ર પથારી પાસે દેખાય એમ મૂક્યો. જિમને માટે થોડું ખાવાનું અને તેનાં કપડાંની એક પોટલી બાંધી તે જિમને તેડી લઈને ટૉમની ઓરડી ભણી ગઈ.

ટૉમના ઘરમાં તેનાં બાળકો સૂઈ ગયાં હતાં. તેની પત્ની ક્લોઈ દીવા નજીક બેસીને ફાટેલાં કપડાં સાંધતી હતી. ટૉમ ધર્મપુસ્તક વાંચી રહ્યો હતો.

બારણે ટકોરા પડતાં ક્લોઈ એ ઊઠીને બારણું ઉઘાડ્યું. ઇલિઝાને મોડી રાતે જિમને લઈને આવેલી જોઈને ક્લોઈના પેટમાં ફ્રાસકો પડ્યો. તેણે ધીમેથી કહ્યું: "ઇલિઝા, અંદર આવ."

ઇલિઝા અંદર આવીને ટૉમના પગ આગળ બેસી પડી અને ડૂસકે ડૂસકે રડવા લાગી.

ટૉમ પણ વિમાસણમાં પડી ગયો. ક્લોઈ ઇલિઝાની પીઠ પર હાથ ફેરવતાં ફેરવતાં બોલી: "બેટા, તને એકાએક શું થઈ ગયું? જરા શાંત થા અને દિલ ખોલીને વાત કર."

ઇલિઝાએ રડતાં રડતાં બધી વાત કહી અને ઉમેર્યું: "આવતી કાલે સવારે એ વેપારી આવીને ટૉમકાકાને અને મારા દીકરાને લઈ જશે!"

ક્લોઈને આખી વાત સાંભળીને ખૂબ દુઃખ થયું. તે બોલી: "મારા પતિએ આપણા શેઠનું કદી ભૂંડું કર્યું નથી. તોયે શેઠ એમને શા માટે વેચી દેવા તૈયાર થયા?"

ઇલિઝા બોલી: "એ વેપારીને ટૉમકાકાના બદલામાં સારી રકમ મળે એમ છે. તેથી શેઠને દેવા પેટે એમને વેચવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરજ પડી. વળી જિમને પણ સાથે આપવામાં આવે તો શેઠનું બધું દેવું પતી જાય એમ છે. તેથી તેમણે મારા જિમને પણ એ વેપારીને વેચી દીધો છે! પરંતુ હું મારા જિમ વિના શી રીતે જીવી શકું? તેથી હું તો આજે રાતોરાત ભગવાનને આશરે એને લઈને છાનીમાની નાસી જાઉં છું."

એ સાંભળીને ક્લોઈ જરા ટટાર થઈ. તે ટૉમ પાસે જઈને કહેવા લાગી: "ઇલિઝાનું કહેવું બરોબર છે. તમે પણ એની સાથે ચાલ્યા જાઓ. તમે જીવતા હશો તો બસ છે. અમારું જે થવાનું હશે તે થશે. અને હાં, તમારી પાસે તો શેઠે કઢાવી અપાવેલો પરવાનો પણ છે! તેથી તમને નાસી જવામાં જરા પણ મુશ્કેલી નહીં આવે."

એટલે ટૉમ બોલ્યો: "ના, ના; એવું મારાથી કદી ન થાય. શેઠે મારામાં વિશ્વાસ મૂકીને મને જવા-આવવાનો પરવાનો કઢાવી આપ્યો છે. એનો લાભ લઈ હું નાસી જાઉં તો મને વિશ્વાસઘાતનું પાપ લાગે. વળી જો મારા વેચાવાથી બીજા ગુલામો બચી જતા હોય અને શેઠ દેવામાંથી મુક્ત થતા હોય તો એ બરોબર મારું મોટું ભાગ્ય જ છે. તમે મારી ચિંતા કરશો નહીં. ભગવાન મારી રક્ષા કરનાર બેઠો છે. તમે શેઠને ત્યાં હશો; એટલે તમારી પણ મને ચિંતા નથી. શેઠ ભલા છે; એ તમને તથા આપણાં બાળકોને બરોબર સંભાળશે."

એટલું કહીને ટૉમ જરા બાજુએ ખસી ગયો. તેનું દિલ ભરાઈ આવ્યું. તેણે મોં ફેરવી લીધું અને મોંએ હાથ દઈ તે રડવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી વાર કોઈ કશું બોલ્યું નહીં. ઇલિઝા છેવટે જિમને તેડીને ઊભી થઈ અને ક્લોઈને કહેવા લાગી : "કાકી, મારા પતિ આજે સાંજે મારી પાસે આવ્યા હતા. તે પણ તેમના શેઠના ત્રાસથી ખૂબ કંટાળી ગયા છે. એટલે તેમણે મને કહ્યું છે કે, તે થોડા વખતમાં કેનેડા નાસી જવાનું ગોઠવે છે. એ જો તમને મળવા આવે તો એમને બધી વાત કહેજો અને સાથે સાથે એટલું પણ કહેજો કે ઇલિઝા તમારી છે અને તમારી જ રહેશે. કૃપાળુ ઈશ્વરની ઇચ્છા હશે તો આપણે પાછાં જરૂર મળીશું; નહીં તો ભગવાનને ઘેર આપણે મળવાનાં છીએ જ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું કહીને ઇલિઝા તેમની રજા લઈને બહાર નીકળી ગઈ. રાત અંધારી હતી. જિમને છાતી સરસો ચાંપીને બાપડી ઇલિઝા ભગવાનને ભરોસે અંધકારમાં એકલી અટૂલી ચાલી નીકળી.

૬

હેલિની ગમ્મત!

સવાર થતાં એમિલી ઊઠી. તેણે ઇલિઝાને હજી આવેલી ન જોઈને ઘરના એક બીજા ગુલામ નોકર એન્ડીને બોલાવીને કહ્યું: "અરે, જા અને જોઈ તો આવ, હજી ઇલિઝા કેમ નથી આવી?"

એન્ડી તરત જ ઇલિઝાની ઓરડીએ ગયો. ઓરડી ઉઘાડી હતી અને બધું વેરવિખેર પડેલું હતું. એ પરથી તે સમજી ગયો કે, ઇલિઝા કયાંક નાસી ગઈ છે. તેની નજર ચિઠ્ઠી ઉપર પણ પડી. એટલે એ લઈને તે દોડતો દોડતો એમિલી પાસે આવ્યો અને કહેવા લાગ્યો: "બાઈ સાહેબ, ઇલિઝા કયાંક નાસી ગઈ!"

ચિઠ્ઠી વાંચીને એમિલી બોલી ઊઠી: "ભગવાન, તું ઇલિઝા અને તેના બાળકનું રક્ષણ કરજે."

આર્થર નજીકમાં જ હતો; તે બોલ્યો: "તું આવું કેમ બોલે છે? જો ઇલિઝા ખરેખર નાસી ગઈ હશે તો હેલિ જરૂર મારા પર શક લાવશે. એને થશે કે, મેં જ ઇલિઝાને કયાંક નાસી જવા ગોઠવણ કરી આપી હશે. તે એવી શંકા કરે એમાં તેનો જરાયે દોષ નથી. કારણ કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં ઈલિઝાના બાળકને વેચવા માટે ખૂબ આનાકાની કરી હતી અને જ્યારે તેણે ઈલિઝાની માગણી કરી હતી, ત્યારે હું જરા ગુસ્સે પણ થયો હતો. હવે શું થાય! એ હમણાં આવીને ઊભો રહેશે અને ગુલામોની માગણી કરશે!"

ઈલિઝાના નાસી જવાના સમાચાર વીજળીવેગે આખા ઘરમાં ફેલાઈ ગયા. બધાં ગુલામો એક યા બીજી રીતે મનમાં રાજી થવા લાગ્યાં. એવામાં હેલિ હાથમાં ચાબુક લઈને આવ્યો. તેને પણ ઘરમાં પેસતાં જ એ સમાચાર મળી ગયા. એટલે તે એકદમ ધૂંધવાઈ જઈને સીધો આર્થર પાસે ગયો અને બોલ્યો: "કેમ સાહેબ, તમે પણ ઉસ્તાદ લાગો છો! ઈલિઝાને ક્યાં સંતાડી દીધી છે એ મને કહો. નહીં તો જોવા જેવી વાત થશે."

આર્થરે તેને શાંત પાડીને બધી વાત સમજાવી અને કહ્યું: "હવે કોઈના પર રોષ ઠાલવવો નકામો છે. હું તમને મારા બે ગુલામો એન્ડી અને સેમ આપું છું. એમની મદદથી તમે ઈલિઝાને પકડી શકશો." એમ કહીને તેણે સેમને બોલાવ્યો અને કહ્યું: "હમણાં ને હમણાં ઘોડા તૈયાર કર. પછી આ શેઠની સાથે જા અને ઈલિઝાને શોધી કાઢવામાં એમને મદદ કર. એન્ડીને પણ સાથે લઈ જજે."

સેમ શેઠનો હુકમ સાંભળતાં જ દોડતો દોડતો એન્ડી પાસે ગયો અને કહેવા લાગ્યો: "એન્ડી, ચાલ; ઝડપ કર. ઈલિઝાને શોધી કાઢવા પેલા હેલિ સાથે જવાનું છે."

એટલે એન્ડી ધીમેથી સેમને કહેવા લાગ્યો: "બેસ, બેસ; મોટો ઈલિઝાને શોધવા નીકળી પડ્યો છે તે! તું તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાવ બોથડ જેવો જ છે! આપણાં શેઠાણી તો ઇલિઝા નાસી ગઈ, તેથી આનંદ પામ્યાં છે. માટે તું ઘોડારમાં જાય છે ખરો; પણ ઘોડાને તૈયાર કરવામાં ઢીલ કરજે. જેથી ઇલિઝાને પકડવામાં હેલિ ફાવે નહીં, સમજ્યો કે?"

આમ તો સૅમ ચાલાક હતો. તે બોલ્યો: "તારે હવે વધારે કહેવાની જરૂર નથી! જ્યારે આપણાં બાઈસાહેબની મરજી ઇલિઝાને બચાવવાની છે, ત્યારે આ બંદો બીજી રીતે વર્તી જ કેમ શકે? તું જો તો ખરો, હું કેવી ગમ્મત કરું છું તે?"

એમ કહીને તે ઘોડારમાં ગયો અને ઘોડાને તૈયાર કરવામાં જેમ બને તેમ વધારે ને વધારે મોડું કરવા લાગ્યો. પછી તેણે પોતાના તેમ જ હેલિના ઘોડાના જીનની નીચે કાંટો ગોઠવ્યો; જેથી ઘોડા ઉપર બેસવા જતાં જ કાંટો વાગવાથી ઘોડો ભડકીને ભાગે અને ઉપર સવાર થનાર નીચે પટકાઈ પડે.

સૅમને આવતાં મોડું થતું જોઈને હેલિ પોતે જ ઘોડારમાં આવ્યો અને મોટે અવાજે બોલ્યો: "તમે લોકો બહુ પાજી છો! ઘોડાને તૈયાર કરતાં વાર કેટલી? એ હરામખોર ઇલિઝા આમ છટકી જાય એ મને પાલવે એમ નથી." એમ કહીને તે એક ઘોડા પર બેસવા ગયો. પરંતુ જીનની નીચે કાંટો હોવાને કારણે ઘોડો ભડક્યો. હેલિ ઊછળીને જમીન પર પટકાયો.

ઍન્ડી, સૅમ વગેરે ગુલામો આ ગમ્મત જોઈને હસી પડ્યા; પરંતુ માત્ર દેખાવ કરવા ખાતર "દોડો, દોડો! ઘોડો નાસી ગયો!" એમ કહી ઘોડાને પકડવા દોડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઘોડાને પકડીને તેઓ આવ્યા, એ દરમ્યાન બપોર થઈ ગઈ હતી. હેલિ ઊંચોનીચો થતો હતો. પરંતુ શું થાય?

એવામાં એમિલીને એક વિચાર સૂઝ્યો. તેને થયું કે, 'જો હેલિ કોઈ પણ હિસાબે જમવા રોકાય તો ઈલિઝા એ અરસામાં ખૂબ દૂર સુધી નીકળી જાય. ઈલિઝા બાળકને લઈને બાપડી કેટલું ચાલી શકે! જ્યારે આ લોકો ઘોડા પર નીકળે તો એને રસ્તામાં 'ક્યાંક જલદી પકડી પાડે. તેથી જેટલું મોડું થાય એટલું સારું.' એમ વિચાર કરી તે ઉપર ઉપરથી મીઠાશભરી વાણીથી બોલી: "હેલિ, તમે ખૂબ થાકી ગયા છો. જમવાનો વખત પણ થઈ ગયો છે. માટે હવે તો તમને જમાડીને જ મોકલીશ."

હેલિ પણ એમિલીની મીઠાશભરી વાણીથી ભોળવાયો અને જમવા રોકાઈ ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

માતાનું અજબ સાહસ !

હેલિ જમવા રોકાઈ ગયેા; તેથી એમિલી મનમાં ખૂબ આનંદ પામી. તેણે જાતજાતની રસોઈ તૈયાર કરાવવામાં જેટલેા વધારે વખત જાય એટલું સારું, એમ વિચારીને ધીમે ધીમે બધી તૈયારી કરી. જમતી વેળાએ પણ એમિલીએ હેલિની સાથે આનંદથી વાતચીત કરી મેાડે સુધી તેને રોકી રાખ્યેા.

જમી રહ્યા પછી આર્થર હેલિની સાથે દીવાનખાનામાં બેઠેા. તેણે ટેામને બેાલાવ્યેા. ટેામ તરત જ હાજર થયેા અને સલામ કરી એક બાજુએ ઊભેા રહ્યો.

આર્થરે ટેામને કહ્યું : " ટેામ, મેં તને આ ગૃહસ્થને વેચી નાખ્યેા છે. તે પેાતાના કામ સારુ થેાડેા વખત બહાર જાય છે. તે ત્યાંથી બેએક દિવસમાં પાછા આવશે અને તને લઈ જશે. તું તરત જ એમની સાથે ચાલ્યેા જજે. નહીં તેા એમની સાથેના કરાર મુજબ મારે પાંચ હજાર રૂપિયા એમને ગણી આપવા પડશે. "

હેલિ વચ્ચે બેાલી ઊઠ્યેા : " એય બેટમજી, સાંભળ; જો નાસી જવાની ચાલબાજી કરી છે તેા તારા શેઠને એ ભારે પડશે, સમજ્યેા કે ? માટે ડાહ્યેા થઈને અહીં જ રહેજે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉમ શાંત અવાજે પોતાના માલિક આર્થરને કહેવા લાગ્યો: "સાહેબ, તમે એ બાબતમાં નિશ્ચિંત રહેજો. તમારાં માતુશ્રીએ તમે જ્યારે નાના હતા, ત્યારે મને સોંપીને કહ્યું હતું કે, 'ટૉમ, આ તારા શેઠને જીવની માફક સાચવજે.' ત્યારથી તે આજ લગી મેં તમારી સેવા કરવામાં કોઈ દિવસ જરાયે કચાશ બતાવી નથી. તમારું મેં હંમેશાં ભલું ચાહ્યું છે. પ્રભુને હું રોજ પ્રાર્થના કરું છું કે, તમે સૌ સુખી રહો. તમે મારામાં વિશ્વાસ રાખજો. તમે મુશ્કેલીમાં આવી પડો, એવું પગલું મારાથી કદી ન ભરાય."

ટૉમની વાત સાંભળીને આર્થરનું હૈયું ભરાઈ આવ્યું. તેની આંખ ભીની થઈ ગઈ. એમિલીને પણ ખૂબ લાગી આવ્યું. તેણે હેલિને કહ્યું: "તમે ટૉમને જેવે તેવે ઠેકાણે વેચી દેશો નહીં. બનશે તો એકાદ વર્ષમાં અમે જ એને પાછો ખરીદી લઈશું."

હેલિ બોલ્યો: "આ તો વેપાર છે. અમને તો પૈસા સાથે કામ. બે પૈસા વધારે મળે એ જ અમારો મુખ્ય સ્વાર્થ છે. તમે વધારે આપવા તૈયાર હશો તો ખુશીથી તમને એ ગુલામ વેચી દઈશ. પણ ત્યારની વાત ત્યારે. એ દરમિયાન મને સારો એવો ઘરાક મળી જાય, તો હું કંઈ તમારે સારુ થોભીશ નહીં."

વેપારીની કરુણા વિનાની વાત સાંભળીને બંને જણ વિચારમાં ડૂબી ગયાં. એવામાં સૅમ અને ઍન્ડી ઘોડા લઈને આવી પહોંચ્યા. એટલે આર્થર અને એમિલીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજા લઈને હેલિ ઇલિઝાની શોધ કરવા જવા તૈયાર થઈ ગયેા. તેણે સૅમને કહ્યું: "તારા શેઠ શિકારી કૂતરા રાખે છે કે?"

સૅમે કહ્યું: "બેાલેા, સાહેબ, હુકમ હેાય તેા હમણાં જોઈએ એટલા હાજર કરી દઉં." એમ કહીને તે દોડતો દોડતો ચાલ્યેા ગયેા અને બેચાર પાળેલા કૂતરા લઈને હાજર થઈ ગયેા!

સૅમની આ બનાવટ જોઈને હેલિ ગુસ્સે થઈ જઈ બેાલ્યેા: "અરે મૂરખના સરદાર, આ તે કંઈ શિકારી કૂતરા છે? તું ભારે હરામી માણસ લાગે છે! મૂક તારા કૂતરા બાજુએ અને મારી સાથે ચાલ."

સૅમ અને ઍન્ડી મનમાં હસતા હસતા તેની સાથે જવા લાગ્યા. જરા આગળ જઈને સૅમે પૂછ્યું: "સાહેબ, તમારે કયાં જવાનું છે?"

હેલિ — "તું તારે ઓહિયેા નદી તરફ ચાલ્યા કર."

સૅમ — "ઓહિયેા નદી તરફ જવા માટે બે રસ્તા આવે છે. એક વેરાન રસ્તેા છે અને બીજો સારેા રસ્તેા છે. મને તેા લાગે છે કે ઇલિઝા પેલા વેરાન રસ્તે જ ગઈ હશે. કારણ કે એ રસ્તેા ટૂંકેા અને નિર્જન છે. હવે તમે જ કહેા, આપણે કયે રસ્તે જઈએ?"

હેલિ સૅમની ચાલબાજી ન સમજી શકયેા. તે બેાલ્યેા: "એ વેરાન રસ્તે જ આપણે પણ જઈએ."

પરંતુ સૅમ હેલિને મૂંઝવણમાં નાખવા અને પેાતાની યુક્તિની ગંધ એને ન આવે એ સારુ તરત બેાલી ઊઠયેા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ સાહેબ, એ રસ્તો વચ્ચે વચ્ચે ગીચ ઝાડીને લીધે બંધ થઈ ગયો છે. એટલે એ રસ્તે જતાં ભૂલા પડી જવાનો ભય છે. માટે મારી તો તમને સલાહ છે કે, ભલે જરા મોડું થાય, પણ સારે રસ્તે જવામાં જ સલામતી છે. પછી જેવી તમારી મરજી!"

હેલિને મનમાં થયું કે, સૅમ એને અવળે પાટે ચડાવવા માગે છે. સૅમની વાતનો મર્મ તે પકડી શક્યો નહીં અને બોલ્યો: "તું ભારે દોઢડાહ્યો છે! હું કહું એ પ્રમાણે તું વેરાન રસ્તે જ ચાલને! મને લાગે છે કે, તું ઇલિઝાને મારા હાથમાંથી છટકાવવા માગે છે. પણ હું કંઈ ભોળવાઈ જાઉં એવો કાચો નથી. તારા જેવા કેટલાયને જોઈ નાખ્યા છે, સમજ્યો કે?"

એટલે સૅમ જરા ઠાવકાઈથી બોલ્યો: "સાહેબ, ખરેખર, આ ભલાઈનો જમાનો નથી! કોઈને સાચી સલાહ આપીએ એ ગમતી નથી. તમારે જે રસ્તે જવું હોય તે રસ્તે લઈ જવા હું તૈયાર છું. પરંતુ વેરાન રસ્તો જો વચ્ચેથી બગડેલો આવે અને ત્યાંથી પાછા ફરવું પડે, તો મને દોષ નહીં દેતા. હું તો હજી પણ કહું છું કે, સારે રસ્તે જવામાં સાર છે."

પણ હેલિએ વેરાન રસ્તો જ પકડ્યો. એ રસ્તો ખરી રીતે ઘણા વખતથી બંધ થઈ ગયો હતો. એટલે આગળ જતાં તેઓ કયાં ને કયાં અટવાઈ ગયા! અને ખૂબ આગળ જતાં રસ્તો એકદમ જ બંધ થઈ ગયેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો. એટલે સેમ બોલ્યો: "જુઓ સાહેબ, મારું કહેવું સાચું પડ્યું ને? હવે ચાલો પાછા."

હેલિ સેમનું તરકટ સમજી ગયો. તે ગુસ્સે થઈને બોલ્યો: "તેં મને જાણી જોઈને આ તરફ આવવા લલચાવ્યો હતો! તને સાથે લાવવામાં મેં ભારે ભૂલ કરી છે. ચાલ, હવે જલદી પેલા સારે રસ્તે લઈ જા."

એટલે સેમ અને એન્ડીએ ઝડપભેર ઘોડાને દોડાવી મૂક્યા; જેથી હેલિને શંકા ન જાય કે, તે લોકોએ જાણી જોઈને આવું કર્યું હતું. થોડા વખતમાં સારો રસ્તો આવી ગયો; એટલે એ રસ્તે થઈને સાંજ સુધીમાં તેઓ ઓહિયો નદી પાસે જઈ પહોંચ્યા.

હવે ઇલિઝા એક કલાક પહેલાં જ અહીં આવી પહોંચી હતી. આખી રાત અને આખો દિવસ તેણે જિમને તેડીને ચાલ્યા જ કર્યું હતું. એ શરીરે દુર્બળ હતી; પણ પોતાના દીકરા જિમને બચાવવા તેના પગમાં અજબ જોર આવ્યું હતું. તે ભગવાનને યાદ કરતી આગળ ધપ્યે જતી હતી. તેને ખાતરી હતી કે, જો એક વાર તે ઓહિયો નદી ઓળંગી જાય અને સામે કાંઠે પહોંચી જાય, તો ત્યાં એ બંનેની રક્ષા થઈ શકે. કારણ કે તે પ્રદેશમાં ગુલામીની પ્રથા અંગેના કાયદા એટલા કડક ન હતા.

સાંજ પડતાં તે નદી પાસે આવી ગઈ. પણ નદીમાં બરફ પીગળી રહ્યો હતો. અને હોડી વગર સામે પાર શી રીતે જઈ શકાય? એટલે તે નદીને કિનારે આવેલા એક નાનકડા મકાનમાં ગઈ. ત્યાં એક ડોસીમા બેઠાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇલિઝાએ તેને પૂછ્યું : "માજી, સામે પાર જવા હમણાં હોડી મળશે ખરી કે?"

ડોશીએ કહ્યું : "ના બેટા, હમણાં હોડી બંધ છે."

એ સાંભળીને ઇલિઝાનું મોં ચિંતાથી વ્યગ્ર બની ગયું.

ડોસીએ એ જોઈને પૂછ્યું : "તારું કોઈ સગું બીમાર છે કે શું?"

ઇલિઝાએ બોટું બોટું કહ્યું : "માજી, મારો દીકરો સામે પાર આવેલા ગામમાં બહુ બીમાર છે. તેની છેલ્લી ઘડી ગણાઈ રહી છે, એવા સમાચાર મળતાં હું તેને મળવા જઈ રહી છું. કદાચ આજની રાત એ નથે કાઢે! માટે માજી, તમે હોડીની કયાંકથી જોગવાઈ કરી આપો તો હું તમારો ઉપકાર કદી નહીં ભૂલું."

ડોસીને ઇલિઝાની વાત સાંભળી દયા આવી. એટલે તેણે એક માણસને બોલાવ્યો અને હોડીની તપાસ કરવા જવા કહ્યું. એટલે તે બોલ્યો : "માજી, નદીમાં બરફ પીગળી જશે, એટલે હોડીની વ્યવસ્થા કરી આપીશ."

ઇલિઝા પણ બહુ થાકી ગઈ હતી. એટલે તેણે ત્યાં રોકાઈ જવાનું કબૂલ્યું. તેણે જિમને પથારીમાં સુવાડ્યો અને તે બારી આગળ જઈ નદી તરફ જોતી જોતી વિચાર કરવા લાગી.

એ અરસામાં સેમ અને એન્ડી હેલિ સાથે એ બાજુ આવી પહોંચ્યા.

સેમે દૂરથી ઇલિઝાને જોઈ. એટલે એનું ધ્યાન ખેંચવા તેણે પોતાની ટોપી જાણી જોઈને હવામાં ઉડાડી અને 'અરે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી ટોપી ઊડી ગઈ, ઊડી ગઈ!' એમ જોરથી બૂમ પાડીને તેણે ઘોડા પરથી કૂદી પડી ટોપી પાછળ દોડવા માંડ્યું.

સેમનો અવાજ સાંભળી ઇલિઝા ચમકી ગઈ. તેણે જોયું તો, સેમ અને એન્ડી સાથે પેલો વેપારી હેલિ પણ હતો! તે એકદમ જિમ પાસે દોડી ગઈ અને તેને ઉપાડીને નદી તરફ દોડવા લાગી. હેલિએ ઇલિઝાને નાસી જતી જોઈ. એટલે તે પણ ઘોડા પરથી કૂદકો મારીને ઊતરી પડ્યો અને ઇલિઝાની પાછળ શિકારી કૂતરાની માફક દોડ્યો.

ઇલિઝાના પગમાં અજબ જોર આવી ગયું. તે હરણીની માફક છલંગ મારતી ઝડપભેર દોડવા લાગી. નદીમાં બરફ પીગળી રહ્યો હતો. એની પરવા કર્યા વિના તેણે નદીમાં ઝંપલાવ્યું. તે બરફના મોટા મોટા ટુકડા પર કૂદતી કૂદતી આગળ વધવા લાગી. કેટલીક વાર પગ નીચેનો બરફ એકદમ ઓગળી જતાં તે નદીના પાણીમાં પડવાની અણી પર આવી જતી. પરંતુ તે હિંમતભેર તરત જ બીજા બરફ પર કૂદી પડતી. તેના પગમાંના સપાટ ફાટી ગયા. બરફની ધારથી તેના પગમાં ચીરા પડીને તેમાંથી લોહીની ધારા વહેવા લાગી. પણ એની પરવા કર્યા વિના જિમને છાતી સરસો બરોબર પકડી રાખી તે આગળ ને આગળ ધપ્યે જતી હતી.

હેલિ તો તેને આમ ગાંડાની માફક નદી પાર કરતી જોઈને દિગ્મૂઢ જેવો બની ગયો. તેને થયું કે, હમણાં એ બંને જણ નદીના પ્રવાહમાં તણાઈને મરી જશે. સેમ અને એન્ડી પણ ઇલિઝાના આ અજબ સાહસથી અવાક્ બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા. બાળક માટે જનને જોખમમાં નાખનાર માતાની તેઓ મનમાં પ્રશંસા કરવા લાગ્યા.

જોતજોતામાં ઇલિઝા કિનારા નજીક હેમખેમ આવી પહોંચી. તેણે પરમ કૃપાળુ પ્રભુનો આભાર માન્યો.

તે વખતે સામે કાંઠે એક બેહૂત ઇલિઝાને આવતી જોઈ રહ્યો હતો. તેણે ઇલિઝાનો હાથ પકડી એને પાણીની ઉપર ખેંચી લીધી. ઇલિઝા તેનો આભાર માનતી બોલી: "ભાઈ, મને બચાવો. મારા બાળકને મારી પાસેથી ઝૂંટવી લેવા ગુલામોનો વેપારી મારી પાછળ પડ્યો છે. હું કયાં સંતાઈ જાઉં એ મને કહો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા બેડૂતે દૂર દેખાતા મકાન તરફ આંગળી ચીંધીને કહ્યું: "બહેન, પેલા મકાન પાસે જઈને બારણું ઠોકજે. ત્યાં તારું રક્ષણ થશે."

ઇલિઝા બેડૂતનો આભાર માની, એ મકાન તરફ દોડી ગઈ.

૮

વેપારીનું તત્ત્વજ્ઞાન!

ઇલિઝા સામે કાંઠે પહોંચી ગઈ, એ જોઈને હેલિ ધૂંવાપૂંવા થઈ ગયો. સેમ અને એન્ડી પોતાનો આનંદ મનમાં સમાવી શકયા નહીં અને "શાબાશ! ઇલિઝા, શાબાશ!' એમ મોટેથી બોલવા લાગ્યા.

એ સાંભળીને હેલિ ચિડાઈ ગયો અને ચાબુકથી તેમને ફટકારવા ધસ્યો. એ બંને જણ બાજુએ ખસી ગયા અને બોલ્યા: "સાહેબ, હવે અમારું કામ પૂરું થયું. અમારા શેઠ રાહ જોતા હશે, એટલે અમે જઈએ." એમ કહીને જવાબની કશી રાહ જોયા વિના તેઓ ચાલ્યા ગયા.

હેલિ મનમાં બબડતો બબડતો નજીકમાં આવેલા એક મુસાફરખાનામાં ગયો.

એન્ડી અને સેમ ઘેર આવ્યા; એટલે એમિલીએ તરત જ પૂછ્યું: "સેમ, ઇલિઝાનું શું થયું?"

સેમે બધી વાત કહી, એટલે એમિલીને શાંતિ વળી. બીજાં ગુલામો પણ રાજી રાજી થઈ ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તરફ હેલિ મુસાફરખાનામાં બેઠો હતો, એટલામાં તેના બે ઓળખીતા ત્યાં આવી પહોંચ્યા. એકનું નામ લોકર હતું અને બીજાનું નામ હતું માર્ક્સ. એ બંને જણ પણ ગુલામોનો વેપાર કરતા હતા.

હેલિ તેમને બોલાવીને પોતાના દુઃખની વાત કહેવા લાગ્યો. તે બોલ્યો : "સ્ત્રીઓ બરેબર મૂરખ હોય છે! ન્યાય શું અને અન્યાય શું એનું તેમને જરાયે ભાન હોતું નથી. પોતાના માલિકને વફાદાર કેમ રહેવું, એ તે સમજતી જ નથી. જુઓને, મેં કેટલા બધા રૂપિયા આપીને છોકરાને વેચાતો લીધો અને નિમકહરામ બૈરત એને લઈને જીવને જોખમમાં મૂકીને પણ નાસી ગઈ! સ્ત્રીઓને પોતાની ફરજનું ભાન કેમ કરાવવું એ મને સૂઝતું નથી."

માર્ક્સ ગંભીરતાથી બોલ્યો : "આ મોટા મોટા વિજ્ઞાનશાસ્ત્રીઓ નકામી શોધખોળ પાછળ પોતાની કીમતી શક્તિ વેડફી નાખે છે. એને બદલે બાળક પર જરાય માયામમતા ન રાખનારી સ્ત્રીઓને પેદા કરવાનું શોધી કાઢે તો બરેબર માનવજાતિ પર તેઓ ભારે ઉપકાર કરે."

હેલિ — "તમારી વાત સાચી છે. એવી સ્ત્રીઓને બનાવવાની શોધ કરવામાં ન આવે, ત્યાં સુધી આપણો વેપાર બરાબર ચાલે નહીં. નાનાં બાળકો એક રીતે જોઈએ તો, સ્ત્રીઓને ભારરૂપ જ છે. એ બાળકો તેમને કશા કામમાં આવતાં નથી. તોયે એ મૂરખીઓ એમની પાછળ પોતાનું હીર નિચોવી નાખે છે! બાળકો તેમને ત્રાસરૂપ જ હોય છે, છતાં બાળકોથી વિખૂટાં પડવાનું તેમને જરાયે ગમતું નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવું સાવ મૂરખ પ્રાણી આખી દુનિયામાં બીજું એકેય ન હોય. એ અજ્ઞાન સ્ત્રીઓ એટલું પણ સમજતી નથી કે, પોતાના માલિકનો તેમના પર અને તેમનાં બાળકો પર પૂરેપૂરો હક છે; તે તેમની સાથે પોતાની ઇચ્છા મુજબ વર્તી શકે છે. પોતાના માલિકે વેચી દીધેલા પોતાના બાળકને રાજીખુશીથી ન આપવામાં કે તેને લઈને ભાગી જવામાં કેટલું મોટું પાપ રહેલું છે, એ તે કયાંથી સમજી શકે!"

માર્ક્સ —"અરે, એટલી સમજ જો એ લોકોમાં હોત તો પછી પૂછવું જ શું! ગયે વરસે મેં એક રોગી બાળકની સાથે એક ગુલામડીને ખરીદી હતી. એ બાળક એને ત્રાસરૂપ જ હતું. મને થયું કે, એવા રોગિષ્ઠ બાળકને બીજે વેચી દઉં તો એ બાપડી ત્રાસમાંથી છૂટશે. એટલે મેં એ બાળકને વેચી નાખ્યું. મને એમ કે એ સ્ત્રીને સાચી પરિસ્થિતિ સમજાવવામાં બહુ મુશ્કેલી નહીં પડે અને મારા આ પગલાથી તે રાજી થશે. પરંતુ ભગવાને સ્ત્રીજાતને ઘડીને અક્કલનું દેવાળું જ કાઢ્યું છે! આવાં રોગિષ્ઠ બાળકો પર પણ સ્ત્રીઓને ખૂબ જ હેત હોય છે. રોગી બાળકને વેચી નાખ્યાની વાત સાંભળતાં જ એ મૂરખ માતા ભાન વગરની બની ગઈ અને બેત્રણ દિવસમાં તો તે એના બાળકની પાછળ અન્નપાણીનો ત્યાગ કરીને ઝૂરીઝૂરીને મરી ગઈ!"

હેલિ — "અરે ભાઈસાહેબ, સ્ત્રીઓ તો આપણું દેવાળું કઢાવવા જ જન્મી છે. એક વખત મેં એક ગુલામડીને વેચાતી લીધી હતી. તેની સાથે તેનો છોકરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હતો. ખરીદ કરતી વખતે મારી ગફલતને લીધે હું જોવાનું ભૂલી ગયો હતો કે, એ છોકરો આંધળો છે! એટલે મેં એ આંધળાને બીજે વેચી નાખ્યો. આ વાતની એની માને જાણ થતાં વેંત જ તે એને લઈને નદીમાં પડીને ડૂબી મરી. આથી મને કેટલું ભારે નુકસાન થયું હશે, એની તમને શી વાત કહું!"

લોકર આ બધું સાંભળી રહ્યો હતો. એ જરા ઉશ્કેરાઈને બોલ્યો: "તમારા જેવા ઢીલાપોચાનું આવા ધંધામાં કામ નહીં! મારી તો ગુલામો સાથે કામ લેવાની રીત જ ન્યારી છે. હું તેમને, ભલે તે સ્ત્રી હોય કે પુરુષ, છોકરો હોય કે છોકરી, પહેલેથી જ સખત ચેતવણી આપી દઉં છું કે, મારા કામમાં જરાયે દખલ કરી અથવા મારા હુકમનો લેશમાત્ર પણ અનાદર કર્યો તો ચાબુકે ચાબુકે ફટકારી ચામડી જ ઉતરડી નાખીશ. જુવાન ગુલામડીઓને તો હું સખત શબ્દોમાં સમજ આપી દઉં છું કે, 'તમારા પર મારો પૂરેપૂરો હક છે. તમારાં બાળકો પર તમારો જરાય અધિકાર નથી. તમે મારી મિલકત છો. માટે તમારે મારી ઇચ્છા મુજબ જ વર્તવું. જે મારું માનશે તેને સુખેથી મોજમાં રહેવા દઈશ. પણ મારી આડે આવશે તેને જીવતી નહીં રહેવા દઉં.' મારી આવી ધમકીથી એ લોકો સીધાંદોર થઈ જાય છે."

હેલિ લોકરની વાતથી જરા ઝંખવાણો પડી ગયો. પરંતુ પોતાનું જાળવવા તે બોલ્યો: "આમ બાપડાં ગુલામોને મારપીટ કરવામાં શો ફાયદો! એ લોકોને પણ આત્મા હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એને માન આપીને પણ તેમને મારવાં ન જોઈએ. મને તો લાગે છે કે, સમજાવીને કામ લેવામાં જ આપણને વેપારમાં લાભ છે."

આ સાંભળીને લોકર ઊછળી ઊઠ્યો : "હવે તારી શેખી રહેવા દે! મોટો આત્માની વાતો કરવાવાળો નીકળ્યો! અરે, તારા શરીરના બારીકમાં બારીક કટકા કરવામાં આવે તો તારામાંથી આત્માનું એક ટીપું સુધ્ધાં નીકળે એમ નથી. બીજાના આત્માની ચિંતા કરવાનું દોઢડહાપણ છોડી દઈને તું તારા આત્માને જ સંભાળે તો બસ છે."

હેલિને થયું, આ તો કાચું કપાયું! એટલે એ જરા નરમ પડી બોલ્યો : "લોકર, આમ ગુસ્સે શા માટે થાય છે? આ તો મેં તને સાચો ધર્મ સમજાવ્યો, એટલે તને બોટું લાગી ગયું."

લોકર પાછો છંછેડાઈને બોલ્યો : "હવે બેસ, બેસ; મોટો મને ધર્મ સમજાવવા નીકળી પડ્યો છે તે! તું મનમાં બાંડ બાતો હશે કે, હું બહુ મોટો ધર્માત્મા છું. પણ બેટમજી, અમારી આગળ તારી ચાલબાજી ચાલશે નહીં. ધરમની વાત તો લોકોને શીશામાં ઉતારવા માટે જ તું કરે છે. બીજાને છેતરતી વખતે અને બીજાને ધીરેલા પૈસા ગળું દબાવીને વસૂલ કરતી વખતે તારો ધર્મ કયાં જતો રહે છે?"

બંનેને આમ ઉશ્કેરાયેલા જોઈને માર્ક્સ વચ્ચે પડ્યો : "અરે, તમે મૂળ મુદ્દાની વાત છોડીને ભળતી જ વાતમાં પડી ગયા. હેલિ, બોલો; એ સ્ત્રીને અમે પકડી લાવીએ તો તમે અમને શું આપશો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેલિ જરા ઠંડો પડીને બોલ્યો: "એ સ્ત્રી કંઈ મારી મિલકત નથી. મારે તો એના છોકરાનું કામ છે. એ છોકરાને વેચતાં મને જે ઊપજશે એના દસ ટકા તમને આપીશ. બોલો, છે કબૂલ?"

લોકર —"એવું તે કંઈ બને? અમારે એ લોકોને પકડતાં નાકે દમ આવશે. મોટી રકમની બાંયધરી આપો તો જ અમે આ કામ હાથમાં લઈએ."

છેવટે ઘણી આનાકાની પછી હેલિએ તેમની સાથે એવું નક્કી કર્યું કે, જિમને જીવતો યા મરેલો લઈ આવે તો ત્રણસો રૂપિયા તેણે એમને આપવા. પછી હેલિ ટોમને લેવા પાછો ફર્યો અને લોકર અને માર્ક્સ ઇલિઝા પાસેથી એના બાળકને ઝૂંટવી લાવવા નીકળી પડ્યા.

૯

દુખિયાંનો વિસામો

ઇલિઝા જે વખતે હેલિના હાથમાંથી બચવા માટે ઓહિયો નદી ઓળંગતી હતી તે સમયે સામે કાંઠેના એક મકાનમાં પતિપત્ની વાતચીત કરી રહ્યાં હતાં. બર્ડ સાહેબ તે પ્રદેશની સુધરાઈના સભ્ય હતા. આજે સુધરાઈની ખાસ બેઠક મળી હતી; એ અંગે વાત કાઢીને તેમનાં પત્ની મેરીએ પૂછ્યું: "આજકાલ સુધરાઈમાં કયા કાયદા બાબત ચર્ચા થાય છે? મેં એવું સાંભળ્યું છે કે, તમે લોકો નાસી આવેલા ગુલામોના પગલાને ગેરકાયદેસર ગણવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબતમાં અને તેવાઓને ઘરમાં આશરો ન આપવાની બાબતમાં વિચારી રહ્યા છો. શું એ વાત સાચી છે?"

બર્ડ સાહેબ એ સાંભળી બોલ્યા: "મેરી, તું પણ પાકી છે, હાં કે! તું એ વિષે બધું જાણે છે તોયે મારી પાસે વાત કઢાવવા માગે છે, બરું ને? હવે તો સુધરાઈએ નિર્ણય કરી લીધો છે કે, બહારથી નાસી આવેલા ગુલામોને કોઈએ મદદ ન કરવી જોઈએ. એ રીતે મદદ કરનારને રાજ્ય ગુનેગાર ઠરાવશે."

મેરી: "તમે પુરુષો બરેબર દયા વગરના જ છો! બાપડાં ગુલામો અમસ્તાં કંઈ નાસી જતાં નથી. એ લોકો પર જે અમાનુષી જુલમ ગુજરવામાં આવે છે એની તમને શું બબર નથી? ધારો કે કોઈ દુઃખી ગુલામ સ્ત્રી કે પુરુષ બૂબ દૂરથી ભૂખતરસ વેઠીને આપણે ત્યાં નાસી આવે, તો શું તમે એને આશરો નહીં આપો? દુઃખીને, અશરણને સહારો આપવો એ શું આપણું કર્તવ્ય નથી?"

બર્ડ સાહેબ—"મેરી, તારી વાત તો સાચી છે. પણ આપણે નાગરિક તરીકે કાયદાને માન આપવું જોઈએ. આપણાથી કાયદાનો ભંગ કરી કોઈ એવા ગુલામને, ભલે તે સ્ત્રી કાં ન હોય, મદદ ન થાય."

મેરી—"હું તો એવા કાયદાને જ અન્યાયી ગણું છું. મને બાતરી છે કે, તમે પણ એમ જ માનતા હશો. તો પછી તમે એવા કાયદાની તરફેણમાં શા માટે તમારી સંમતિ આપી? ગુલામો રાખવાની પદ્ધતિ જ ક્રૂરમાં ક્રૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એને તો નાબૂદ જ કરવી જોઈએ. ત્યારે તમારા જેવા સમજદાર લોકો એને ટેકો આપે છે એ કેવું!"

એવામાં એક નોકર હાંફળો ફાંફળો આવીને કહેવા લાગ્યો: "સાહેબ, સાહેબ, જરા બહાર આવીને જુઓને! કોઈ નિરાધાર બાઈ એના બાળક સાથે આપણા બારણા આગળ બેભાન થઈને પડી છે!"

બર્ડ સાહેબ અને મેરી તરત જ બહાર દોડી ગયાં. બેભાન સ્ત્રીને જોતાં જ બર્ડ સાહેબને ખાતરી થઈ કે, એ એક નાસી છૂટેલી ગુલામડી છે! છતાં તેણે નોકરની

મદદથી એને ઘરમાં આણી અને એક પાટ ઉપર સુવડાવી. બંને પતિપત્ની એની સારવારમાં લાગી ગયાં.

થોડી વાર પછી એ બાઈ ભાનમાં આવી, એટલે તે 'જિમ, જિમ!' કહીને સાદ પાડવા લાગી. મેરીએ એને માથે હાથ ફેરવતાં કહ્યું: "બેટા, ગભરાઈશ નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારો જિમ સાન્ટેસમો છે. તું પણ અહીં સુરક્ષિત છે. હમણાં તું આરામ કર.”

એમ કહીને નોકરોને એની સંભાળનું કામ સોંપીને મેરી પોતાના પતિ દીવાનખાનામાં જઈને બેઠા હતા ત્યાં ગઈ. તે બર્ડ સાહેબને કહેવા લાગી: “આખરે એ બાઈ ભાનમાં આવી ખરી. પણ હું તમને પૂછું છું કે, તમે એનું હવે શું કરશો? રાજ્યના અધિકારીઓના હાથમાં તો એને નહીં સોંપોને?”

બર્ડ સાહેબ: “એ વાત હમણાં જવા દે. એ બાઈ પાસે પૂરતાં કપડાં નથી. તું એને તારાં થોડાં કપડાં આપજે. વળી હમણાં ઠંડીના દિવસો છે, એટલે તું એને મારી શાલ પણ આપજે; જેથી એના બાળકનું રક્ષણ થાય. હું એ બાઈની યોગ્ય વ્યવસ્થા કરીશ. આપણે બારણે આવનારને એમ ને એમ જવા દેવાય ખરું?”

મેરી એ સાંભળીને રાજી થતી બોલી: “હું તમને કયાં નથી ઓળખતી? તમે તો દયાના સાગર છો. પણ તમને એ બાપડા લોકોની વિરુદ્ધના કાયદાને ન્યાયી ગણવાનું કેમ મન થયું હશે, એ મને હજી સમજાતું નથી!”

બર્ડ સાહેબ દુઃખી અવાજે બોલ્યા: “મેરી, મને માફ કરજે. જે ભૂલ થઈ ગઈ તે હવે થઈ ગઈ. એનું મને પ્રાયશ્ચિત્ત કરવા દે.”

એવામાં એક નોકરડી આવીને બોલી, “મેમસાહેબ, એ બાઈ હવે પૂરેપૂરી ભાનમાં આવી છે. એ તમારી સાથે કંઈક વાતચીત કરવા માગે છે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને પતિપત્ની ઇલિઝાની પાસે ગયાં. ઇલિઝાએ પોતાની બધી વાત તેમને કહી અને ઉમેર્યું : "મારા પતિ કૅનેડા નાસી જવાનું કહેતા હતા. એટલે એ ત્યાં ગયા પણ હશે. માટે મહેરબાની કરીને મને પણ ત્યાં મોકલવાનો બંદોબસ્ત કરી આપો. હું આપનો આભાર કદી નહીં ભૂલું."

બર્ડ સાહેબ બોલ્યા : "બાઈ, કૅનેડા તો ખૂબ દૂર છે. ત્યાં જતાં તને ઘણો વખત લાગશે. વળી ત્યાં તારાથી છાનામાના જવાશે પણ નહીં. તોયે હું તને આજે રાતે મારા એક મિત્રને ત્યાં મૂકી આવું છું. એ ભાઈ ગુલામોને મદદ કરવાનું પરોપકારી કામ કરે છે. એ તને કૅનેડા પહોંચવામાં જરૂર મદદ કરશે."

એમ કહીને બર્ડ સાહેબ જવાની તૈયારી કરવા પોતાના ઓરડામાં ગયા.

પોતાના પતિમાં આવું પરિવર્તન જોઈને મેરી નવાઈ પામી. અડધો કલાક પહેલાં જે પતિ ગુલામોને મદદ કરવી એ ગેરકાયદેસર છે એમ કહેતા હતા, એ જ હવે એક ગુલામ નિરાધાર બાઈને જાતે જોખમ ખેડીને પણ મદદ કરવા તૈયાર થયા! મેરી પતિ પાસે જઈને બોલી : "તમે કેવું જોખમકારી પગલું ભરી રહ્યા છો, એનો તમને ખ્યાલ છે ને? તમે સુધરાઈના સભ્ય છો, છતાં એક ગુલામ બાઈને આ રીતે મદદ કરો છો. આ વાતની કોઈને જાણ થશે તો એનું શું પરિણામ આવશે, એ જાણો છો કે?"

બર્ડ સાહેબ બોલ્યા : "મને એનો પૂરેપૂરો ખ્યાલ છે. એટલે જ રાતોરાત એને મારા મિત્રને ત્યાં મૂકી આવું છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેરી — "તમે આવી ઠંડી રાતમાં ક્યાં જશો? આપણો ગાડીવાન એને ત્યાં મૂકી આવશે."

બર્ડ સાહેબ — ના, ના. આવું કામ કોઈને ન સોંપાય. થોડીઘણી મુશ્કેલી મને પડશે ખરી. પણ હું જાઉં એ જ સારું. એ તરફનો રસ્તો ઘણો જ ખરાબ છે. ગાડીવાનને એમાં સમજ ન પડે. માટે મને જ જવા દે."

અને થોડી વારમાં તો બર્ડ સાહેબ ઇલિઝા અને જિમને ગાડીમાં બેસાડી પોતાના મિત્રને ત્યાં જવા ઊપડી ગયા.

રાત અંધારી હતી. રસ્તો ખૂબ ખાડાટેકરાવાળો અને ખરાબ હતો. તોયે બર્ડ સાહેબ હિંમત કરીને ધીમે ધીમે ગાડીને હાંકી ગયા.

આખરે તે એક આશ્રમ આગળ આવીને થોભ્યા. મોડી રાતે બધાં સૂઈ ગયાં હતાં. તેમણે આશ્રમના ઝાંપા આગળ ઊભા રહીને પોતાના મિત્રને બૂમ પાડી, "જૉન, જૉન; બારણું ઉઘાડો."

કોઈનો અવાજ સાંભળીને જૉન આંખો ચોળતો ચોળતો હાથમાં ફાનસ લઈને બહાર આવ્યો. બર્ડ સાહેબને આટલી રાતે આવેલા જોઈને તે નવાઈ પામ્યો. તેણે પૂછ્યું : "અરે, તમે આટલી મોડી રાતે અહીં ક્યાંથી?"

બર્ડ સાહેબે એને બધી વાત ધીરેથી કહી સંભળાવી. એટલે જૉન ગાડી પાસે દોડી ગયો અને તેણે ઇલિઝાને ગાડીમાંથી ઉતારી અને ઊંઘતા બાળકને તેડી લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના મકાનમાં એક ઓરડી તેમને માટે તેણે ઉઘાડી આપી અને કહ્યું : "બહેન, તું અહીં શાંતિથી સૂઈ જા. મારે ત્યાંથી તને કોઈ પકડી નહીં લઈ જાય. સવારે આપણે નિરાંતે વાત કરીશું."

એમ કહીને તે બર્ડ સાહેબ સાથે પાછો ફર્યો. બર્ડ સાહેબ પણ જરાયે થોભ્યા વિના ગાડી પર ચડી ગયા. અને જૉનને ઇલિઝાની સંભાળ લેવાનું કહીને તેમણે ગાડી હંકારી મૂકી.

૧૦

ટૉમની દુઃખભરી વિદાય !

હેલિ ઇલિઝાની શોધમાં ગયો હતો તે ચાર દિવસ પછી ટૉમને લેવા આર્થરને ત્યાં પાછો ફર્યો.

એ દિવસે સવારે ટૉમ પોતાની પત્ની ક્લોઈની સાથે બેઠો હતો. તે દુઃખી અવાજે બોલ્યો : "આજે આપણી છેલ્લી મુલાકાત છે! કોણ જાણે આપણે હવે ક્યારે મળીશું !"

ક્લોઈ રડવું રોકી શકી નહીં. તે ડૂસકે ડૂસકે રડતાં બોલી : "તમે ભગવાન પર ખૂબ ભરોસો રાખો છો; પણ હવે જોયું ને એણે તમને કેવો બદલો આપ્યો ? હેલિને જોઈને જ હું તો ત્રાસી જાઉં છું ! એ તમને કોણ જાણે કેટલુંય દુઃખ આપશે. દક્ષિણના લોકો ખૂબ નિર્દય છે. ચાના બગીચામાં કે તમાકુનાં ખેતરોમાં તમારી પાસે ગજા ઉપરવટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ કરાવી કરાવીને તમને મારી નાખશે! આપણાં શેઠાણીએ બેએક વર્ષમાં રૂપિયા એકઠા કરીને તમને પાછા ખરીદવાની વાત કરી છે ખરી. પણ એટલાં વર્ષ એ રાક્ષસો તમને સાજાસમા રાખશે કે કેમ એની મને શંકા આવે છે!"

ટોમ જરા સ્વસ્થ થઈને બોલ્યો: "ભગવાન દયાળુ છે. એનામાં વિશ્વાસ રાખીશું તો આના કરતાં પણ ભારે કટોકટીમાંથી આપણે ઊગરી જઈશું. ભગવાને એટલું સારું કર્યું છે કે, તને અને આપણાં બાળકોને આપણા દયાળુ શેઠને ત્યાં જ રાખ્યાં છે. તેઓ તમને જરૂર સંભાળશે."

આ પ્રમાણે તેઓ વાત કરતાં હતાં, એવામાં હેલિ આવી પહોંચ્યો. તે મોટેથી બૂમ પાડતો બોલ્યો: "અલ્યા બેટમજી, હવે તૈયાર થઈ જા. જરા ઢીલ કરી છે તો તારો વાંસો સીધોસમો નહીં રહે."

હેલિનો હુકમ સાંભળીને ટોમ તરત જ બહાર આવ્યો અને પોતાની શેઠાણી એમિલીની, પોતાના કુટુંબની તથા બીજાં દાસદાસીઓની રજા લઈને હેલિની ગાડીમાં બેસી ગયો. હેલિએ ટોમના પગ લોખંડની સાંકળો વડે બાંધી દીધા.

આ જોઈને એમિલી તથા બીજાં બધાં દાસદાસીઓ ખૂબ દુઃખી થયાં. એમિલીએ હેલિને કહ્યું: "તમે ટોમને સાંકળે ન બાંધશો તો ચાલશે. એ ઘણો વફાદાર છે. એ તમને દગો દઈને નાસી નહીં જાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેલિ તરત જ તડૂકી ઊઠ્યો: "માફ કરજો, બાઈસાહેબ! મારે તમારી સલાહની જરૂર નથી. એકને ભગાડી મૂકીને મને પાંચસોના બાડામાં ઉતાર્યો છે. હવે મારાથી ગફલત નહીં થાય." એમ કહીને તેણે ગાડી હાંકવાનો હુકમ કર્યો.

ટોમે શેઠાણી તરફ જોઈને કહ્યું: "મા, છેલ્લી વાર શેઠસાહેબને મળાયું નથી. વળી નાના શેઠસાહેબ જ્યૉર્જને પણ મળાયું નથી! તેમને મારા પ્રણામ કહેજો."

બધાંએ દુઃખી દિલે ટોમને વિદાય આપી.

ટોમને લઈને હેલિ એક લુહારને ત્યાં ગયો. લુહાર તો ટોમને જોઈને નવાઈ પામ્યો. તે બોલ્યો: "અરે, આ શું? તારા જેવા વફાદાર ધર્મપરાયણ માણસને પણ તારા શેઠે વેચી નાખ્યો? આ શો ગજબ!"

ટોમે કશો જવાબ ન આપ્યો. હેલિએ લુહારને કહ્યું: "તું બીજી પંચાતમાં પડવાને બદલે એને આ હાથકડી પહેરાવી આપ."

લુહારે દુઃખી અવાજે કહ્યું: "સાહેબ, આવા વિશ્વાસુ માણસને લોખંડની હાથકડી પહેરાવવાની જરાયે જરૂર નથી. તમે એનામાં વિશ્વાસ રાખો."

પણ હેલિ ઓછું માને એવો હતો? તેણે તો ટોમને હાથકડી પહેરાવી!

પછી તે લુહાર સાથે વાત કરતો હતો, એવામાં તેર ચૌદ વર્ષનો એક છોકરો ઘોડા પરથી એકદમ ઊતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડીને ટોમને ભેટી પડ્યો અને "ટોમકાકા, ટોમકાકા, તમને હું નહીં જવા દઉં!" એમ કહીને રડવા લાગ્યો.

ટોમે પોતાના એ નાના શેઠ જ્યૉર્જને ખૂબ વહાલથી કહ્યું: "જ્યૉર્જ, તમને આ શોભતું નથી. શેઠજીએ જે કર્યું છે તે બરાબર જ છે."

પણ જ્યૉર્જ એ શાનો સાંભળે? તેણે કહ્યું: "મને તો બાપુજીએ ખબર સુધ્ધાં આપી નથી કે, તમને તેમણે વેચી નાખ્યા છે! આ તો મારા એક ભાઈબંધે મને કહ્યું, એટલે હું માસીને ત્યાંથી દોડતો આવ્યો છું. તમે પાછા ઘેર ચાલો. તમારા વગર મને નહીં ગમે!"

ટોમે એને સમજાવતાં કહ્યું: "જ્યૉર્જ, તમે હજી નાના છો. તમારે માતાપિતાના કામમાં વચ્ચે ન પડવું જોઈએ. માતાપિતા તરફ વહાલ રાખજો; તેમનું કહ્યું માનજો. એમાં જ તમારું ભલું છે."

જ્યૉર્જ ગળગળા અવાજે બોલ્યો: "ટોમકાકા, તમારી શિખામણ પ્રમાણે જ હું વર્તીશ. પણ એટલું યાદ રાખજો કે હું મોટો થઈશ, ત્યારે તમને જરૂર પાછા મારે ત્યાં લઈ આવીશ. તમે મને ભૂલતા નહીં. હું ખાતરીથી કહું છું કે હું તમને પાછા ઘેર લઈ આવ્યા વિના રહેવાનો નથી."

જ્યૉર્જનું બોલવું સાંભળીને ટોમનું દિલ ભરાઈ આવ્યું. તેની આંખ પણ ભીની થઈ ગઈ. છેવટે ખૂબ મુશ્કેલીએ તેણે પોતાના નાનકડા શેઠસાહેબને પાછા વાળ્યા. પછી તે હેલિ સાથે જવા તૈયાર થયો. હેલિએ તેને ગાડીમાં બેસાડી ગાડી હાંકવાનો હુકમ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શહેરની બહાર જતાં હેલિએ ટૉમના હાથપગમાંથી બેડીઓ કાઢી નાખી અને કહ્યું: "જો તું નાસી જવાનો ન હોય તો તને બેડી હવે નહીં પહેરાવું."

ટૉમે મક્કમતાથી કહ્યું: "સાહેબ, તમે મારામાં વિશ્વાસ રાખજો. આ ટૉમ તમને કદી દગો નહીં દે."

૧૧

એક કરુણાજનક દૃશ્ય

હેલિ ટૉમને લઈને એક શહેરમાં આવ્યો. એ શહેરમાં તે દિવસે ગુલામોનું લિલામ થવાનું હતું. હેલિએ એ સમાચાર ત્યાંના દૈનિક છાપામાં વાંચ્યા. એટલે તેણે ટૉમને કહ્યું: "મારે અહીંથી થોડા ગુલામો ખરીદવાના છે. માટે તને અહીંની જેલમાં મૂકતો જઈશ. થોડી વાર પછી આવીને તને લઈ જઈશ." એમ કહીને ટૉમને જેલમાં પૂરીને તે ગુલામોના બજારમાં ગયો.

એ બજારમાં એક ગુલામ બાઈ પોતાના આઠેક વરસના નાનકડા બાળકને બાથમાં લઈને સમજાવતી હતી: "બેટા, તું મારી પાસે ને પાસે રહીશ. તને એકલાને કોઈ વેચાતો નહીં લઈ જાય!"

કોઈ પણ ખરીદનાર એ છોકરાને તપાસવા આવતો, ત્યારે તે કરુણ અવાજે અને ગભરાયેલી દશામાં કરગરીને કહેતી: "સાહેબ, મારા શેઠે મને ખાતરી આપી છે કે, અમને બંનેને સાથે જ વેચવાનાં છે. માટે મહેરબાન સાહેબ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું તમને પગે પડીને કહું છું કે, આ મારા દીકરા સાથે મને પણ ખરીદનો.''

થોડા વખતમાં હેલિ ત્યાં આવી પહોંચ્યો અને એક પછી એક ગુલામને તપાસવા લાગ્યો. તે ગુલામના એકેએક અંગને બરાબર તપાસી જોતો હતો. એમ કરતાં કરતાં તે પેલા બાળક પાસે આવ્યો. તેણે પેલા બાળકને એની માની ગોદમાંથી ખૂંચવી લઈને તપાસવા માંડ્યો. પેલી બાઈ ગાભરી જેવી બની ગઈ અને બોલી ઊઠી : ''સાહેબ, અમને બંને જણને સાથે વેચવાનાં છે. મને પણ તમે ખરીદી લો. હું તમારું બધું કામ કરીશ.''

એ સાંભળીને હેલિ હસતો હસતો બોલ્યો : ''તારા જેવી ડોકરી મારા શા બપમાં આવવાની છે? તું ચાના બગીચામાં કામ કરી શકે બરી કે?''

વૃદ્ધ માતા કરગરીને બોલી : ''સાહેબ, તમે કહેશો એ પ્રમાણે હું કામ કરીશ. પણ મને મારા દીકરાથી છૂટી ન પાડશો!''

હેલિએ બાજુમાં ઊભેલા એક માણસને કહ્યું : ''મારે તો આ છોકરાને જ ખરીદવો છે. તે સશક્ત છે, એટલે મારા કામમાં આવે એવો છે.''

પેલા માણસે કહ્યું : ''મને ખબર છે ત્યાં સુધી એ બંનેનું લિલામ સાથે જ થવાનું છે.''

હેલિ હસતો હસતો બોલ્યો : ''અરે, આ ઘરડી ડોસીની તો કોઈ એક કોડી સુધ્ધાં આપે નહીં! જુઓને લકવાથી એનું શરીર સાવ લથડી ગયું છે. વળી તે એક

લો.૮૪-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખે દેખતી પણ નથી! આવા કચરા જેવા માલને મને કોઈ મફત આપે તોયે હું ન લઉં.”

હેલિ હજી તેની સાથે વાત કરે છે, એવામાં લિલામનો ઘંટ વાગ્યો. એ સાંભળીને પેલી વૃદ્ધ માતા બાપડી ફફડી ઊઠી. તેણે બાળકને પોતાની પાસે ખેંચી લીધો. ફાટી આંખે આમતેમ જોતી જોતી તે બોલી: “બેટા, તું મને વળગીને બેસી રહે! નહીં તો તને એકલાને આ લોકો વેચી દેશે.”

છોકરો પણ માની આવી દશા જોઈને રડી પડ્યો. તે બોલ્યો: “મા, તું અમસ્તી બોલ્યાં કરે છે! આ લોકો આપણને ભેગાં વેચશે જ નહીં.”

મા — “ના, ના; બેટા! એવું બોલ મા. આપણને સાથે જ વેચશે. તું મને વળગીને બેસી રહે, મારા બાળ! તારા વગર હું નહીં જીવી શકું.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં તો લિલામ કરનારાઓએ એ વૃદ્ધ માના હાથમાંથી બાળકને ઝૂંટવી લીધો. મા ચીસ પાડીને જોરથી રડી પડી. તે ફાટતે અવાજે બોલી ઊઠી : "અરે સાહેબ, દયા કરો; દયા કરો! અમને માદીકરાને સાથે જ વેચો."

પણ એ ગરીબ બાઈનું કોણ સાંભળે! એ બિચારી ચીસો પાડતી જ રહી અને હેલિએ એ છોકરાને વેચાતો લઈ લીધો!

મા ધ્રૂજતી ધ્રૂજતી હેલિને પગે પડી કહેવા લાગી : "દયાળુ સાહેબ, મને પણ તમે ખરીદી લો. હું તમારો ઉપકાર કદી નહીં ભૂલું. ઘરડે ઘડપણ મને મારા બાળથી છૂટી ન પાડો!"

હેલિ હસતો હસતો બોલ્યો : "અરે, તને ખરીદવા જેટલી મૂર્ખાઈ હું નહીં કરું. તને વેચાતી લઉં તોયે થોડા દિવસમાં તું મરી જશે અને ન લઉં તોય મરી જશે. તું કંઈ વધારે દિવસ કાઢે એવી લાગતી નથી. આવો બોટનો સોદો કરું એવો મને તું મૂરખ ધારે છે કે શું?"

પણ ત્યાં તો એ બાળક માટે તલસતી માને વેચવાની ધૂમ પડી અને એક માણસે બહુ ઓછી કિંમત આપીને તેને ખરીદી લીધી!

મા ધ્રૂસકે ધ્રૂસકે રડીને બોલી ઊઠી : "હાય, હાય! છેવટે મારા છેલ્લા દીકરાને પણ મારી પાસેથી ખૂંચવી લીધો! મારા શેઠે મરતાં મરતાં મને કહ્યું હતું કે, આ છોકરાને નહીં વેચી દઈએ. પણ આજે તેને પણ વેચી નાખ્યો! હવે હું શું કરું? કયાં જાઉં?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુમાં એક વેચાયેલો ગુલામ બેઠો હતો. તે બોલ્યો : "માજી, હવે કલ્પાંત કર્યે શું વળવાનું છે! ભગવાન દયાળુ છે; તેને હવે યાદ કરો. એ આપણું ભલું કરશે. એનો જ આપણને એક આધાર છે."

મા રોતી રોતી બોલી ઊઠી : "અરે એ ભગવાન, દુખિયાંનો બેલી ભગવાન ક્યાં છે એ મને જરા બતાવોને? મારી પાસેથી એક એક કરીને મારાં દસ બાળકોને ખૂંચવી લેવામાં આવ્યાં. મારી લાજ આ લોકોએ મન ફાવે તેમ લૂંટી. તે વખતે એ ભગવાન ક્યાં સંતાઈ ગયો હતો? મેં ભગવાનને કેટલી બૂમો પાડી હતી; પણ તેણે મારો કશો વિચાર જ ન કર્યો!"

ગુલામ બોલ્યો : "માજી, તમે શાંત થાઓ. તમારા નવા શેઠ માયાળુ છે. એ તમને દુઃખ નહીં દે."

પણ માને આથી ઓછી શાતા વળે? તે દોડી જઈને પોતાના બાળકને વળગી પડી. ગાંડીની માફક તે બોલી ઊઠી : "મને કોઈ મારા દીકરાથી અળગી પાડી શકે એમ નથી. હું મારા બાળને તજીને ક્યાંય જઈશ નહીં."

હેલિએ ખૂબ મુશ્કેલીથી એના હાથમાંથી છોકરાને છોડાવ્યો અને એને લઈને તે પોતાને રસ્તે પડ્યો.

બિચારી વૃદ્ધ મા પોતાના વહાલા દીકરાના વિયોગથી બેભાન જેવી બની ગઈ અને ધરતી પર ઢળી પડી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

બિચારી મા!

હેલિએ પેલા બાળક ઉપરાંત બીજા ત્રણેક ગુલામ ખરીદ્યા હતા. તે એ બધાને લઈને જેલમાં ગયો. ત્યાંથી ટૉમને લઈ તે બંદરે આવ્યો અને સ્ટીમરમાં બેઠો.

બિચારા ગુલામો પોતાના દુઃખથી વ્યાકુળ બની ગયા હતા. હેલિએ ખરીદેલા એક ગુલામની દશા ખૂબ કરુણ હતી. તે ટૉમને રડતો રડતો કહેવા લાગ્યો: "મારા શેઠે મને વેચીને મારી પત્નીથી મને હંમેશને માટે વિખૂટો પાડી દીધો છે! આ જનમમાં હવે મારી પત્નીનું મોં જોવા હું નહીં પામું!" એમ કહીને તે ડૂસકે ડૂસકે રડી પડ્યો. એનું દુઃખ જોઈને ટૉમની આંખો પણ ભીની થઈ ગઈ.

એ સ્ટીમર પર પૈસાદાર ઉતારુઓ પણ ઘણા હતા. એક બાળક રમતો રમતો કૅબિનમાંથી નીચે ગોડાઉનમાં આવ્યો હતો. તેણે આ કરુણ દૃશ્ય જોયું. તે તરત જ દોડતો દોડતો ઉપર જઈને પોતાની માને કહેવા લાગ્યો: "મા, મા; નીચે ગોડાઉનમાં કેટલાક માણસોને સાંકળે બાંધેલા છે. તેઓ ત્યાં બેઠા બેઠા રડે છે!"

એ સાંભળીને બાળકની માતા બાજુમાં બેઠેલી બીજી એક સન્નારીને કહેવા લાગી: "ખરેખર, આ ગુલામીની પ્રથા ત્રાસદાયક છે! બિચારાં કેટલાંય ગરીબ માણસોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના કારણ ભારે યાતના સહન કરવી પડે છે. ગુલામીની પ્રથા એ મોટું પાપ જ છે.''

એ સાંભળીને બીજી સ્ત્રી બોલી : ''શું તમે ગુલામીની પ્રથાને ધિક્કારો છો? તમે એમ માનો છો કે, આ ગુલામોને મુક્ત કરવામાં આવે તો તેઓ સુખી થશે? અરે, એ લોકો બાપડા રવડી મરશે! ગુલામગીરીમાં જ એ લોકો સુખી છે.''

બાળકની માતા બોલી : ''એ બાપડા સુખી કયાંથી હોય? માને બાળકથી છૂટી પાડવામાં આવે, સ્ત્રીને પતિથી છૂટી પાડવામાં આવે, તેમના પર અત્યાચાર ગુજારવામાં આવે, તેમની પાસે ગજા ઉપરવટ કામ લેવામાં આવે; અને તમે કહો છો કે એ લોકો સુખી છે! આવું કદી બને ખરું?''

બીજી સ્ત્રીનો પતિ ધાર્મિક માણસ હતો. તે આ લોકોની વાત સાંભળીને ત્યાં આવ્યો અને બોલ્યો : ''બહેન, તમે ગુલામીની પ્રથાની વિરુદ્ધ બોલો છો, એ ધર્મની વિરુદ્ધ બોલવા બરોબર છે. બાઇબલમાં પણ ગુલામીની પ્રથાને માન્ય ગણી છે. તમે બાઇબલ બરોબર વાંચશો તો તમારો આ ભ્રમ દૂર થશે.''

એની વાત સાંભળીને એક માણસ હસતો હસતો હેલિને કહેવા લાગ્યો : ''દોસ્ત, પેલા ભાઈની વાત સાંભળી કે? ગુલામીની પ્રથા આપણા ધર્મને પણ માન્ય છે. એટલે હવે તારે માટે ગુલામો વેચવાનો માર્ગ બહુ સરળ થઈ ગયો છે. તારી મરજીમાં આવે એટલા ગુલામોને મન ફાવે તેમ વેચવા માંડ. એમાં જરાય પાપ નથી.''

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેલિ ઠંડે કલેજે બોલ્યો : "ભાઈ, આપણે તો પાપપુણ્યમાં કે ધર્મમાં માનતા નથી. આપણે બાઇબલ કદી વાંચ્યું નથી. એટલો વખત મારી પાસે છે જ કયાં ? આપણે તો પૈસા સાથે કામ છે. જ્યાં સુધી ગુલામોને વેચવામાં મને લાભ છે ત્યાં સુધી આપણે બીજો ધંધો કરવો નથી."

એવામાં એક નાનું બંદર આવ્યું. હેલિ એ બંદરે ઊતર્યો અને થોડી વારમાં એક ગુલામ સ્ત્રીને એના એક નાના બાળક સાથે તેડીને લઈ આવ્યો. પેલી સ્ત્રી ખૂબ સ્વસ્થ દેખાતી હતી. તે પોતાના બાળકને લઈને ગોડાઉનમાં એક ખૂણે બેઠી.

જ્યારે સ્ટીમર ઊપડી, ત્યારે હેલિ પેલી બાઈ પાસે આવીને બોલ્યો : "મેં તને વેચાતી લઈ લીધી છે. માટે તારે મારા હુકમ પ્રમાણે વર્તવાનું છે, સમજી કે ?"

પેલી બાઈ બોલી : "હું તમારું કહેવું માનતી નથી. મારા શેઠે તો મને તમારી સંગાથે મારા પતિ જ્યાં કામ કરે છે એ ગામમાં કામ કરવા મોકલી છે. તમે મને એ ગામમાં મારા પતિ પાસે મૂકી આવશો, એવું તેમણે મને વચન પણ આપ્યું છે."

હેલિ હસતો હસતો બોલ્યો : "ખરી વાત એમ છે કે, તું બહુ રડારોળ કરી ન મૂકે અને સ્ટીમર પર મારી સાથે શાંતિથી આવે, એ માટે તારા શેઠે આવી બનાવટી વાત તને કહી છે. તને વિશ્વાસ ન આવતો હોય તો આ કબૂલાત-પત્ર કોઈની પાસે વંચાવી જો." એમ કહીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેલિએ સ્ટીમર પરના એક માણસ પાસે એ પત્ર બાઈને વાંચી સંભળાવ્યો.

એ સાંભળીને પેલી બાઈ બિચારી બેબાકળી બની ગઈ. આ રીતે તેને દગો દેવામાં આવશે એની તેને જરાયે કલ્પના ન હતી. તે હૈયાફાટ રુદન કરવા લાગી. હેલિ તો એવા દૃશ્યથી ટેવાઈ ગયો હતો; એટલે એની પરવા કર્યા વિના ઉપર ચાલ્યો ગયો.

ત્યાં એક માણસ હેલિ પાસે આવ્યો અને બોલ્યો : "એ બાઈનો છોકરો શરીરે હૃષ્ટપુષ્ટ છે. મારે એવા છોકરાની જરૂર છે. બોલો, એને મને વેચાતો આપશો કે?"

હેલિ બોલ્યો : "મારે તો રૂપિયા સાથે કામ છે. એને વેચવામાં મને બે પૈસાનો ફાયદો થતો હોય, તો આપણે અબઘડી તૈયાર છીએ." એમ કહીને એ માણસ સાથે તેણે સોદો નક્કી કરી લીધો. પછી તે બોલ્યો : "હવે જે ગામ આવશે એ ગામે જ તમારે જવાનું છે. તે વખતે અંધારું થઈ ગયું હશે. એ ગામમાં જ એ બાઈનો પતિ પણ કામ કરે છે. એટલે જ્યારે સ્ટીમર બંદરે થોભશે, ત્યારે તે ડેક ઉપર તેના પતિને શોધતી ઊભી રહેશે. એ વખતે તમે એના છોકરાને લઈને ઊતરી જજો, સમજ્યા કે?"

સાંજ પડી. સ્ટીમર બંદરે થોભી. પેલી બાઈ પોતાના ઊંઘતા બાળકને નીચે સુવાડી ડેક ઉપર આવી અને બંદર પર કામ કરતા ગુલામોને બારીકીથી જોવા લાગી. તેને મનમાં એમ કે, કદાચ મારો પતિ બંદર પર કશા કામ માટે આવી ચડ્યો હોય, તો એને છેલ્લી વાર જોઈ લઉં. પણ એ બાપડીના નસીબમાં એવું ક્યાંથી લખેલું હોય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે જોઈ જોઈને એ થાકી. સ્ટીમરને પણ ઊપડવાનો વખત થઈ ગયો. સ્ટીમર ઊપડી અને તે હતાશ મને ગોડાઉનમાં આવી. પણ આ શું? એનો દીકરો ક્યાં ગુમ થઈ ગયો? તે ગાભરી જેવી બની જઈને આમતેમ શોધવા લાગી.

એવામાં હેલિ હસતો હસતો એની પાસે આવીને કહેવા લાગ્યો: "અરે બાઈ, તું અમસ્તી કલ્પાંત કરે છે. તારા ભલા માટે મેં તારા દીકરાને એક દયાળુ શેઠને વેચી દીધો છે. દક્ષિણમાં ચાના બગીચામાં કામ કરનારી સ્ત્રીઓને બાળક ત્રાસરૂપ જ હોય છે. આખો દિવસ તારે બગીચામાં કામે જવું પડશે. તેથી તારાથી તારા દીકરાની બરોબર સંભાળ લેવાશે નહીં અને તને આખો વખત એની ચિંતા રહ્યા કરશે. એટલે તને આવી નકામી જંજાળમાંથી બચાવવા ખાતર, તારું તેમ જ તારા દીકરાનું હિત થાય એ સારુ મેં તેને વેચી દીધો છે. આમાં મારો અંગત સ્વાર્થ કશો નથી. માટે હવે ડાહી થઈને શાંત થઈ જા."

હેલિનું બોલવું સાંભળીને એ બાઈ બિચારી આ બીજા કારમા ઘાથી અવાક જ બની ગઈ! તે ન કશું બોલી કે ચાલી; તેની આંખમાંનાં આંસુ પણ સુકાઈ ગયાં; જાણે તેનું શરીર નિષ્પ્રાણ જેવું જડ બની ગયું હોય એમ તે એ જ ઠેકાણે લાકડાના પૂતળાની માફક બેસી રહી. હેલિને મનમાં એવો ભય હતો કે, આ સમાચાર સાંભળીને તે ખૂબ ધાંધલ મચાવી મૂકશે અને તેથી સ્ટીમર પર પોતાની નાહક ફજેતી થશે. પરંતુ બાઈને આમ છાનીમાની બેસી ગયેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈને તેને હાશ વળી અને તે મનમાં રાજી થતો થતો ઉપર ચાલ્યો ગયો.

ટોમ આ બધું જોયા કરતો હતો. ભાઈની આવી દુઃખદ હાલત જોઈને તેનું હૈયું ભરાઈ આવ્યું. તે ભાઈ પાસે આવ્યો. પણ એને શી રીતે આશ્વાસન આપવું એ તેને સમજાયું નહીં. તોયે પ્રયત્નપૂર્વક તે બોલ્યો : "બહેન, તું ધીરજ રાખ, ભગવાનમાં શ્રદ્ધા રાખ. દયાળુ ભગવાનને યાદ કર. એ તને આ કારમા દુઃખને સહન કરવાની શક્તિ આપશે. બહેન, આપણા જેવા માટે આ દુનિયામાં સુખ સર્જાયેલું નથી. પણ જો આપણે દુઃખી અવસ્થામાં પણ ભગવાનમાં શ્રદ્ધા રાખીશું અને ધીરજથી બધું સહન કર્યા કરીશું, તો આપણને ભગવાન પોતાની પાસે જલદી લઈ લેશે અને આપણે આ ફાની દુનિયાની માયામાંથી છૂટા થઈ જઈશું."

પરંતુ એ દુઃખી બાઈ કશું બોલી નહીં. લાકડાની માફક જડ જેવી તે બેસી જ રહી.

રાત પડી. બધે ઘોર અંધારું ફેલાઈ ગયું. બધાં જંપી ગયાં. અને ત્યાં તો પાણીમાં ધબાકો સંભળાયો !

સવાર થઈ. હેલિ પોતાના ગુલામોને જોવા આવ્યો. ત્યાં જુએ છે તો પેલી સ્ત્રી ન મળે. તેણે ટોમને એના વિષે પૂછયું ત્યારે ટોમે કહ્યું : "શેઠજી, મધરાતની વખતે પાણીમાં કોઈના પડવાનો અવાજ આવ્યો હતો. કદાચ એ બાઈએ જ દુઃખથી કંટાળીને પાણીમાં પડતું મૂકયું હશે !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેલિ એ સાંભળીને બોલી ઊઠ્યો : "માણસો કેવા નિમકહરામ હોય છે! તેઓ પોતાનો જ વિચાર કરે છે અને અમને એથી કેટલું નુકસાન જાય છે એનો વિચાર સુધ્ધાં કરતા નથી. આ વખતે ઇલિઝાએ અને આ બાઈ એ મને ભારે ખોટમાં ઉતાર્યો. સ્ત્રીઓ બરેબર અવળચંડી જાત છે. એમની સાથે કામ લેતાં નાકે દમ ચડી જાય છે." એમ બબડતો બબડતો તે ઉપર ચાલ્યો ગયો.

ટોમ એ દુઃખી બાઈના દુઃખનો વિચાર કરતો અને તેના આત્માને ભગવાન શાંતિ આપે એમ પ્રાર્થના કરતો બેસી રહ્યો.

૧૩

દેવકન્યા સમી ઇવા

હેલિએ ટોમની ચાલચલગત સારી જોઈને તેને સાંકળે બાંધવાનું છોડી દીધું અને તેને સ્ટીમર પર ફરવાની છૂટ આપી. એટલે ટોમ ઘણી વાર સ્ટીમરના ઉપરના ભાગમાં એક બાજુએ બેસીને બાઇબલ વાંચવા બેસતો. એક વાર તે બાઇબલ વાંચતો હતો ત્યારે તેને પોતાનું ઘર યાદ આવ્યું. ઘેર તેનાં સ્ત્રી-બાળકો શું કરતાં હશે? તેઓ એની ચિંતા કરતાં હશે કે કેમ? શેઠશેઠાણી વગેરે પણ યાદ આવ્યાં. આથી ટોમનું દિલ ભરાઈ આવ્યું અને તેની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તે વખતે તેણે બાઇબલમાં વાંચ્યું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તું તારા દિલને દુઃખી ન કર. પરમ પિતા પ્રભુને ત્યાં ઘણી જગ્યા છે. હું તારે માટે ત્યાં જગ્યા કરવા જાઉં છું."

ધર્મપુસ્તકમાંનાં આ વાકયો વાંચીને ટૉમને આશ્વાસન મળ્યું. તેણે તરત જ આંખો લૂછી નાખી અને તે મનમાં બોલ્યો: 'પ્રભુ અમારો રક્ષણહાર છે. તે અમારી જરૂર સંભાળ લેશે.'

હવે એવું બન્યું કે, એ સ્ટીમરમાં સેંટ ક્લેર નામનો એક શ્રીમંત ગૃહસ્થ પોતાની છએક વર્ષની બાળકી ઇવાન્જેલિન સાથે મુસાફરી કરતો હતો. ઇવાન્જેલિન ઘણી સુંદર અને પ્રેમાળ બાળકી હતી. તેનામાં નાનપણથી જ દયાભાવ હતો. જાણે કે તે દેવકન્યા ન હોય, એવી તે લાગતી હતી. સ્ટીમર પર પણ ખલાસીઓ વગેરે સાથે તેને દોસ્તી થઈ ગઈ હતી. તે હેલિના ગુલામોને સાંકળે બાંધેલા જોઈને ખૂબ દુઃખી થતી. ઘણી વાર તે સાંકળની પાસે જઈને એને ખખડાવી જોતી. તેને મનમાં ઘણી વાર થતું કે, આ બાપડાઓને શા માટે સાંકળે બાંધવામાં આવ્યા હશે?

તે એક વાર રમતી રમતી ટૉમ જ્યાં બાઇબલ વાંચવા બેઠો હતો એ બાજુ જઈ પહોંચી. ટૉમને પણ બાળકો ઉપર ખૂબ જ પ્રેમ હતો. તેણે સ્વર્ગમાંથી ઊતરી આવેલી બાળકી જેવી દેખાતી ઇવાન્જેલિનને જોઈ. એટલે તેણે પોતાના ગજવામાંથી કાપડના કટકા કાઢીને એક ઢીંગલી બનાવીને એને આપી. ઇવાન્જેલિન પહેલાં જરા સંકોચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામી. પરંતુ ટૉમનો પ્રેમાળ ચહેરો જોઈને તે એની પાસે આવી અને ઢીંગલી લઈને રમવા લાગી. ટૉમે બાળકીને પૂછ્યું : "તમારું નામ શું?"

"ઇવાન્જેલિન. પણ બધા મને ઇવા કહે છે. હવે તમારું નામ કહોને."

"મારું નામ ટૉમ છે. પણ મને બધાં છોકરાંઓ ટૉમકાકા કહીને બોલાવતાં હતાં."

ઇવા—"ત્યારે તો હું પણ તમને ટૉમકાકા કહીશ. ટૉમકાકા, તમે ક્યાં જાઓ છો?"

ટૉમ—"મને ખબર નથી!"

ઇવા નવાઈ પામીને બોલી : "વાહ! ટૉમકાકા, તમે તો ખરા છો! તમે ક્યાં જાઓ છો એની તમને જ ખબર નથી!"

ટૉમ—"હું તો ગુલામ માણસ છું! મારા શેઠ મને જ્યાં વેચશે ત્યાં હું જઈશ. એટલે મને ક્યાંથી ખબર હોય કે હું ક્યાં જઈશ?"

ઇવા—"તો હું મારા બાપુજીને કહીશ. એ તમને જરૂર ખરીદી લેશે. પછી મને તમારી સાથે રમવાની મજા પડશે. ટૉમકાકા, તમે મને રોજ નવી નવી ઢીંગલી બનાવી આપશોને? ઠીક ત્યારે, હું હવે જાઉં. હું મારા બાપુજીને તમને વેચાતા લેવાની વાત કરીશ હાં કે?"

એમ કહીને હસતી હસતી ઇવા ચાલી ગઈ.

થોડી વાર પછી એક બંદર આવ્યું. સ્ટીમર બંદરથી ઘણે દૂર લંગર નાખીને ઊભી રહી. ઇવા એના પિતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ડેક પર ઊભી ઊભી બંદર પર ચડતા ઊતરતા મુસાફરોને જોતી હતી. એવામાં તે એકાએક સમતુલા ગુમાવી બેસવાથી પાણીમાં ગબડી પડી!

સેંટ ક્લેર એકદમ ગભરાઈ ગયા અને પુત્રીને બચાવવા પાણીમાં ઝંપલાવવા તૈયાર થયા. પણ તેમને એક માણસે પકડી રાખ્યા. એ દરમિયાન ટૉમે પાણીમાં પડતું મૂકયું. ઇવા પાણીમાં દૂર ઘસડાઈ ગઈ હતી. પરંતુ ટૉમને તરતાં સારું આવડતું હોવાથી તેણે તરત જ ઇવાને પકડી પાડી અને એને લઈને સ્ટીમર પાસે આવી પહોંચ્યો. સેંટ ક્લેરે ઇવાને ઉપર ઉપાડી લીધી. ઇવા બેભાન થઈ ગઈ હતી. થોડી વાર પછી તે ભાનમાં આવી.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા દિવસ ઇવાની તબિયત નરમ રહી. તે અવાર-નવાર તેના પિતાની આગળ ટૉમને ખરીદવાની વાત કહ્યા કરતી. છેવટે તેના પિતાએ હેલિ પાસેથી ટૉમને ખરીદી લીધો.

સેંટ ક્લેરે ટૉમને કહ્યું : "આજથી હું તારો શેઠ થયો છું. તને મારે ત્યાં ગમશે કે ?"

ટૉમે નીચું જોઈ ભગવાનનું સ્મરણ કરતો હોય એમ કહ્યું : "સાહેબ, હું પ્રભુને પ્રાર્થના કરું છું કે આપનું સદા ભલું થાઓ; આપને સુખી રાખો."

સેંટ ક્લેર — "તને ગાડી હાંકતાં આવડે છે કે ?"

ટૉમ — "જી, હા; સાહેબ."

સેંટ ક્લેર — "ઠીક ત્યારે, હું તને ગાડી હાંકવાનું કામ સોંપીશ. પણ અલ્યા, તું દારૂ બહુ પીતો નહીં. દારૂ પીને ગાડી હાંકશે તો કોઈ વાર ગાડીને કયાંક ભટકાવી મારશે."

ટૉમ — "સાહેબ, હું દારૂ કદી પીતો જ નથી. એ તો બૂરી ચીજ છે."

સેંટ ક્લેર — "મને એ વાતની ખાતરી હતી જ. પણ મેં તો અમસ્તું જ પૂછયું હતું. તારી વાતચીત પરથી તો મને લાગે છે કે તું બધું કામકાજ સારી રીતે કરશે."

ટૉમ — "સાહેબ, હું દરેક કામ સારી રીતે કરવા મારાથી બને એટલા બધા જ પ્રયત્ન કરીશ. એ બાબતમાં આપ નિશ્ચિત રહેજો."

એવામાં ઇવા મધુર અવાજે બોલી ઊઠી : "ટૉમકાકા, તમે જરા પણ ગભરાશો નહીં. મારા બાપુજી ખૂબ જ માયાળુ છે. એ તમને કદી હેરાન કરશે નહીં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

ઇવાની મા !

સ્ટીમર ન્યૂ ઑર્લિન્સ બંદરે આવી પહોંચતાં સેંટ ક્લેર અને ઇવાની સાથે સેંટ ક્લેરના કાકાની દીકરી ઑફેલિયા બંદરે ઊતર્યાં. ઇવાની મા મેરીની તબિયત સારી ન રહેવાને કારણે સેંટ ક્લેર ઑફેલિયાને તેડી લાવ્યો હતો. ઑફેલિયા ધાર્મિક વૃત્તિની હતી અને ઘરવ્યવસ્થામાં પણ નિપુણ હતી.

બંદરે ઊતરતાં જ ઇવાએ પોતાના પિતાને પૂછ્યું : "ટૉમકાકા ક્યાં છે?"

સેંટ ક્લેર — "એ સામાન લઈને આવે છે. ઇવા, તું તારી માની પાસે એને લઈ જજે અને કહેજે કે, તારી ગાડી હાંકવા માટે ટૉમને લઈ આવી છું."

ઇવા બોલી ઊઠી : "બાપુ, ટૉમકાકા ગાડીવાનનું કામ સારી રીતે કરશે. કારણ કે તે દારૂ પીતા નથી."

સેંટ ક્લેરે હકારમાં માથું હલાવ્યું.

થોડી વારમાં તેઓ ઘેર આવી પહોંચ્યાં. ઘરનાં બીજાં ગુલામ સ્ત્રીપુરુષો તેમની રાહ જોઈને ઊભાં જ હતાં. સેંટ ક્લેર અને ઇવાએ તેમની સાથે પ્રેમથી થોડી વાતો કરી. પછી ઇવા અને ઑફેલિયા ઇવાની મા મેરી પાસે ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેંટ ક્લેરે પોતાના મુખ્ય ગુલામ એંડોલ્ફને ટોમની ઓળખાણ આપતાં કહ્યું: "આનું નામ ટોમ છે. એ બહુ ભલો અને ધાર્મિક માણસ છે. એની સાથે તું સારી રીતે વર્તજે." એટલું કહીને તે મેરી પાસે ગયો. ટોમ પણ તેમની પાછળ પાછળ અંદર ગયો.



સેંટ ક્લેરે મેરીને વહાલભર્યા સ્વરમાં કહ્યું: "મેરી, તારે માટે હું એક સારો ગાડીવાન લઈ આવ્યો છું. આ માણસ કદી પણ દારૂ પીતો નથી."

મેરી મોં મચકોડતી બોલી: "એ તો થોડા દિવસ આપણે ત્યાં રહેશે, એટલે દારૂડિયો બની જશે. હું એ લોકોને બરોબર જાણું છું. મને તમારી વાતમાં જરાયે વિશ્વાસ આવતો નથી!"

સેંટ ક્લેરે વાત ત્યાંથી જ બંધ કરી અને પોતાને કામે તે બહાર ચાલ્યો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજે તેણે મેરીને કહ્યું: "મેરી, હવે તને આરામ મળશે અને તારી તબિયત પણ સુધરશે. ઑફેલિયાબહેન ઘરકારભારના કામમાં હોશિયાર છે. એ બધું બરોબર ગોઠવી દેશે; એટલે તને કોઈ વાતની ઉપાધિ રહેશે નહીં."

મેરી જરા ઊંચે સાદે બોલી: "હા, હા; તમારી બહેન આવી છે, તેથી હું ખૂબ ખુશી થઈ છું. પણ એને થોડા વખતમાં જ ખબર પડી જશે કે, આ ઘરનાં દાસ-દાસીઓ સાથે કામ લેવું કેટલું અઘરું છે! એ તો હું જ બધાંને ઠેકાણે રાખું છું. તમે મારું માનતા નથી; નહીં તો એ બધાં દાસદાસીઓને હું તો કયાંય વેચી જ મારું. એ લોકો જ્યાં સુધી આ ઘરમાં મફતનું ખાઈને પડી રહ્યા છે, ત્યાં સુધી આપણને કોઈ દિવસ સુખશાંતિ મળવાનાં નથી."

માનું સાંભળીને ઇવા નવાઈ પામીને બોલી: "બા, તો પછી તું એ બધાંને છોડી કેમ નથી મૂકતી? એમને અહીં નકામાં શા માટે રાખ્યાં છે?"

મેરી જરા ચિડાઈને બોલી: "તું પણ ચિબાવલી થઈ ગઈ છે. તારા બાપુની પેઠે તું પણ મારી વેરી બની છે!"

સેંટ ક્લેર — "મેરી, તું નકામી અકળાઈ ઊઠે છે. જો આપણી વૃદ્ધ દાસી મમ્મી તારી તહેનાતમાં ન હોત, તો તને કેટલી બધી મુશ્કેલી પડત?"

મેરી — "હવે રહેવા દો એની વાતને! એ તો ભારે સ્વાર્થી છે! મમ્મી સારી રીતે જાણે છે કે, મારા શરીર ઉપર હાથ ફેરવવામાં ન આવે કે મને પંપો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખવામાં ન આવે, તો મને ઊંઘ આવતી નથી. પરંતુ તે કોઈ કોઈ વાર રાતે ઘોરવા લાગી જાય છે. ચાર પાંચ રાત માંડ માંડ તે બરોબર સેવા કરે છે. પણ બીજી જ વખતે તે એવી તો ઘસઘસાટ ઊંઘી જાય છે કે તેને ઉઠાડતાં મારો જીવ તાળવે આવે છે!"

ધવા —"પણ બા, બિચારી મમ્મી દરરોજ રાતના ઉજાગરા કરીને થાકી ન જાય? એક રાત બિચારીને જરા ઝોકું આવી જાય, તો એમાં એનો શો વાંક?"

મેરી જરા મોટે સાદે બોલી ઊઠી: "પાછી ડહાપણ કરવા લાગી કે?"

સેંટ ક્લેર — "મેરી, તું એકલી મમ્મીને જ રોજ રાતે બેસાડે છે, એના બદલે આપણી બીજી દાસીઓને પણ વચ્ચે વચ્ચે બેસાડતી હોય, તો બધાંને આરામ મળતો રહે અને તને પણ આવી ઉપાધિ વેઠવી ન પડે."

મેરી — "હા, હા; મને પહેલાંથી જ બબર હતી કે, તમે બધાં મારો જ વાંક કાઢશો."

પછી થોડી વાર તે છાનીમાની પડી રહી. ઑફેલિયા આ બધી વાતચીત ગંભીરતાથી સાંભળ્યા કરતી હતી. તે વચ્ચે કશું બોલી નહીં.

ઑફેલિયા ભણી જોઈને મેરી પાછી બોલવા લાગી: "બહેન, બે મમ્મી આમ તો સદ્‌ગુણી બાઈ છે. પણ એના સ્વાર્થને કયાંય હદ જ નથી. તે આખો વખત તેના પતિનો જ વિચાર કર્યા કરતી હોય છે. મમ્મીના હાથમાં જ હું મોટી થઈ છું. એટલે મારા લગ્ન પછી એની દયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઈને એને હું મારી સાથે અહીં લઈ આવી છું. એનો પતિ મારા બાપુજીના જ કારખાનામાં કામ કરે છે; તેને મારા બાપુજી છોડી શકે એમ નથી. એટલે મમ્મીને એના પતિનો ત્યાગ કરીને મારી સાથે આવવું પડ્યું છે. મેં તે જ વખતે મમ્મીને કહ્યું હતું કે, હવે તારા પતિની સાથે તું રહી શકશે નહીં; માટે તું બીજા કોઈને પતિ તરીકે સ્વીકારી લે. પણ એણે મારું માન્યું નહીં. આ બાબતમાં મારી જ ભૂલ છે. જો એ વખતે મેં જરા કડકાઈથી કામ લીધું હોત, તો આજે તે આવી માથાભારે ન થાત."

ઑફેલિયા તો મેરીની વાત સાંભળીને છક થઈ ગઈ. તેણે મમ્મી વિષે વધારે જાણવા પૂછ્યું: "મમ્મીને છોકરાંછૈયાં છે કે?"

મેરી — "હા; કાળા ભૂત જેવા બે છોકરા છે!"

ઑફેલિયા — "મને તો લાગે છે કે તેનાથી પોતાના બે બે છોકરાઓનો વિયોગ સહન થતો નહીં હોય. એટલે જ એ બાપડી આમ દુઃખી દેખાય છે."

મેરી આ સાંભળીને છંછેડાઈ જઈને બોલી: "તો શું હું એ ભૂતડાઓને પણ મારા ઘરમાં રાખું? એ છોકરા જો અહીં આવે, તો મમ્મી આખો વખત તેમને સંભાળ્યા કરે અને મારા કામમાં જરાયે ન આવે. અરે, એ કેટલી સ્વાર્થી છે એનો તમને કયાંથી ખ્યાલ હોય? મારું કામ કરતાં એની તબિયત બગડી જાય છે અને જો હું હમણાં એના છોકરા પાસે જવાની ચારેક દિવસની રજા એને આપું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો એ દોડતી દોડતી ત્યાં જશે. તે વખતે હું માંદી છું કે સાજી, એનો એ વિચાર સુધ્ધાં નહીં કરે."

સેંટ ક્લેરને મેરીની આવી વાહિયાત વાત સાંભળી હસવું આવ્યું. તે કટાક્ષમાં બોલ્યો: "મેરી, તારી વાત તદ્દન સાચી છે. એ લોકો ખૂબ સ્વાર્થી છે. એમના વિષે વિચાર કરવા બેસીએ, તો આપણી બુદ્ધિ જ બહેર મારી જાય!"

ઇવા પોતાની માની વાત સાંભળીને રડમસ જેવી બની ગઈ હતી. તે એકદમ તેની માને ગળે વળગી પડીને બોલી ઊઠી: "મા, મા, હું આખી રાત જાગીને તારી સંભાળ લઈશ. મમ્મીને તું એક રાત સૂવા દે. એ બિચારીને ઉજાગરા કર્યા કરવાથી અસુખ જેવું લાગે છે અને ચક્કર પણ આવે છે. મા, તું મારી વાત માનશે ને?"

મેરી છણકો કરીને બોલી: "તું તો ભારે અળવીતરી છોકરી છે! આવી છોકરી તો મેં કયાંય જોઈ નથી! બસ દાસદાસીઓનું જ આખો વખત ઉપરાણું લે છે."

ઇવા — "મા, હું તારે દિલે આખો વખત હાથ ફેરવ્યા કરીશ અને પંખો નાખ્યા કરીશ; પણ તું એક રાત મમ્મીને આરામ કરવા દે."

મેરી — "હું મમ્મીની બધી ચાલાકી જાણું છું. એને તો બરોબર ફટકારવી જોઈએ, એટલે આવા ઢોંગ કરવાનું ભૂલી જાય! એ લોકોની જાત જ હરામખોર છે. એમને જરા દુઃખ થાય તો તેમનાથી સહન થતું નથી અને એ માટે આખા ગામમાં રંકો વગાડી મૂકે છે. હું આટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી માંદી છું, પણ મેં કોઈ દિવસ કોઈની આગળ મારા દુઃખની વાત સુધ્ધાં નથી કરી. બધું મૂંગે મોઢે હું સહન કરી લઉં છું."

સેંટ ક્લેર તો પોતાની પત્નીની આવી ડંફાસભરી વાતો સાંભળી સાંભળીને કયારનો કંટાળી ગયો હતો. એને થયું કે, મેરીની સાથે બહુ વાત કરવામાં સાર નથી. એટલે તે બહાર જવાનું બહાનું કાઢી ત્યાંથી ઊઠીને ચાલ્યો ગયો. ઇવા પણ પિતાની પાછળ પાછળ બહાર ચાલી ગઈ.

૧૫

ઇવાનો પિતા

સેંટ ક્લેર બહાર ગયો, એટલે મેરી ઑફેલિયાને કહેવા લાગી : "જોયું ને, તમારા ભાઈના કેવા ઢંગ છે તે! એ મારા દુઃખમાં જરાયે ભાગ લેતા નથી. ઊલટું એ મને દુઃખી કરવામાં જ આનંદ માને છે. દાસદાસીઓને એમણે ખૂબ જ માથે ચડાવી દીધાં છે. હું એમને ઘણી વાર કહું છું કે, આ માથાભારે દાસદાસીઓને શિક્ષાગૃહમાં મોકલીને ચાબુકથી ફટકારવામાં આવ્યાં હોય, તો તેઓ તરત જ સીધાંદોર થઈ જાય. પણ તે તો કહે છે, 'આપણ બંનેને જ એ લોકોને મારવાનો અધિકાર છે. બીજા તેમને મારે એ ઠીક નહીં કહેવાય.' પરંતુ મારામાં એટલી તાકાત જ કયાં છે કે, એ લોકોને ચાબુકે ચાબુકે ફટકારી શકું? એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે ફટકા મારતાં મારા હાથ દુઃખી આવે છે. તમારા ભાઈ તો દાસદાસીઓ ગમે તેવો દોષ કરે, તોયે તેમને કદી મારતા જ નથી. હવે તમે જ કહો, આ બાબતમાં મારે શું કરવું?"

ઑફેલિયા — "ભાભી, અમારા પ્રદેશ ભણી ગુલામ રાખવાની પ્રથા નથી. એટલે મને આ બાબતમાં કશી ગતાગમ પડતી નથી. આવી ઝટપટમાં અમને મુકાવું પડતું નથી, એ એક રીતે સારું છે."

મેરી — "અરે, તમે અહીં થોડા દિવસ રહેશો, એટલે તમને બરોબર બધ્ધર પડી જશે. આ ગુલામો બરેબર ત્રાસજનક જ છે. હું તો એ લોકોથી હેરાન થઈ ગઈ છું. તમારા ભાઈને આ બાબતમાં કહેવા જેવું જ નથી. તેમનું કહેવું એમ છે કે, 'એ લોકોને આપણે જ બગાડીએ છીએ; આપણે જ તેમને લુચ્ચાઈ પણ શીખવીએ છીએ; આપણા જ વાંકે તે લોકો આમ વર્તે છે. ઈશ્વરે જો આપણને ગુલામ બનાવ્યાં હોત, તો આપણે પણ એ રીતે જ વર્તતાં હોત.' એમની વાત મારે ગળે ઊતરતી જ નથી. આપણે એમને કઈ રીતે બગાડી મૂકીએ છીએ?"

ઑફેલિયા — "ભાભી, આ દાસદાસીઓ અને આપણે એક જ લોહીમાંસનાં બન્યાં છીએ અને એક જ ઈશ્વરે આપણને ઘડ્યાં છે, એવું તમે માનો છો ખરાં?"

મેરી — "ના રે ના! હું તો એવું જરાયે માનતી નથી. એ કાળા લોકો નીચ જાતિના છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઑફેલિયા — "એ લોકોને આત્મા છે, એમ માનો છો કે?"

મેરી — "હશે. પરંતુ આપણા જેવો ઉચ્ચ આત્મા એ લોકોનો તો નથી જ નથી. એક દિવસ તમારા ભાઈએ મને એમ કહ્યું હતું કે, 'મેરી, તને મારાથી છૂટા પડતાં જેટલું દુઃખ થાય તેટલું જ દુઃખ મમ્મીને તેના પતિથી છૂટા પડતાં થાય છે.' એ સાંભળીને એમના ઉપરનો મારો ભાવ એકદમ ઓછો થઈ ગયો. મમ્મીની સાથે મારી સરખામણી કરતાં એમને લાજ નહીં આવતી હોય? હું જે રીતે તમારા ભાઈને ચાહું છું, એ રીતે મમ્મી જેવી ગુલામડી એના પતિને ચાહી જ ન શકે. એ લોકો પ્રેમ જેવી વસ્તુ શું જાણે? અરે, તમારા ભાઈ તો એટલે સુધી માને છે કે, ઈવા મને જેટલી વહાલી છે એટલા જ મમ્મીને એના છોકરાઓ વહાલા છે! એટલે એક દિવસ એમણે મને કહ્યું કે, મમ્મીને તેના છોકરાઓને મળી આવવા એકાદ અઠવાડિયાની રજા આપ. તે દિવસે મેં એમના એવા તો ઊધડા લીધા કે ત્યારથી મારી પાસે મમ્મીની વાત કાઢવાનું જ એ ભૂલી ગયા છે."

એવામાં સેંન્ટ ક્લેર ત્યાં આવી પહોંચ્યો. તે હસતો હસતો બોલ્યો: "કેમ, હજી તમારું પુરાણ ચાલુ જ છે કે? ખરેખર આ બધાં ગુલામો આળસુ જેવાં પડી રહ્યાં છે, એ માટે તેમને નરકમાં જ જવું પડશે. તેઓ અમારાં જીવન ઉપરથી પણ કશો બોધપાઠ શીખતાં નથી, એ જોઈને મને બહુ નવાઈ લાગે છે. આ મેરી આખો વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથારીમાં પડી રહે છે. હું હંમેશાં ખાવાપીવામાં ગુલતાન રહું છું. દસ વાગ્યા પહેલાં કદી પથારીમાંથી ઊઠતો જ નથી. હું ખરેખર હાડકાંનો હરામ છું. આ બધું જોઈને પણ એ આળસુ લોકો સુધરતા નથી!"

સેંટ ક્લેરની વાત સાંભળીને મેરી ચિડાઈ ગઈ. તે બોલી : "હવે રહેવા દો તમારું ડહાપણ! મારે તમારું કશું સાંભળવું નથી."

સેંટ ક્લેર — "જેવી તમારી મરજી! હું તો તમારી સલાહ લેવા આવ્યો હતો કે, મારે હવે આ બધાં દાસ-દાસીઓ સાથે કેમ વર્તવું?"

મેરી — "તમે મારું માનતા હો તો એ હરામખોરોને શિક્ષાગૃહમાં મોકલી આપો. ત્યાં ચાલીસ પચાસ ફટકા ખાઈને એ લોકો સીધા થઈ જશે."

ઑફેલિયા સેંટ ક્લેર ભણી ફરીને બોલી : "ભાઈ, આ ગુલામોની વાતો સાંભળીને મને તો થાય છે કે, તમારા સૌ ઉપર આ એક મોટું કર્તવ્ય આવી પડ્યું છે. તમારે એ લોકોનાં જીવન સુધારવા પ્રયત્ન કરવો જોઈએ. નહીં તો ભગવાનને ત્યાં તમારે આનો જવાબ આપવો પડશે."

સેંટ ક્લેર — "બહેન, તારી વાત તો સાચી છે. પરંતુ કશું થાય એમ લાગતું નથી. માત્ર ઉપદેશની વાતો કર્યા કરવાથી કશું થવાનું નથી!"

મેરી — "બહેન, તમે કહો છો એ પ્રમાણે અમે જરાયે અપરાધી નથી. ભગવાન પણ બધું જુએ છે. મેં દાસદાસીઓને સદ્વર્તન તરફ વાળવા તનતોડ પ્રયત્ન કર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેમને રવિવારે દેવળમાં પણ મોકલાવ્યાં છે. તેમને ધર્મની વાતો પણ કહી સંભળાવી છે. મેં જેટલું એ લોકો માટે કર્યું છે એટલું આ દેશમાં કોઈએ કર્યું નહીં હોય. પરંતુ મેં તમને પહેલાં જ કહ્યું છે ને કે, આ લોકો બરેબર નીચ જાતિના જ છે. તેમને પોતાનો ઉદ્ધાર કરવાની જરાયે પડી નથી."

સેંટ ક્લેર તો મેરીની હંફાસભરી વાતો સાંભળીને મનમાં હસવા લાગ્યો. એવામાં બહાર ઈવાનો અવાજ સાંભળીને એ ત્યાંથી ઊઠીને બહાર ચાલ્યો ગયો. ઑફેલિયા પણ એની પાછળ પાછળ ગઈ.

બહાર વરંડામાં ઈવા ટોમની સાથે ગમ્મત કરતી હતી. તે એના ગળામાં હાર પહેરાવતી હતી.

આ જોઈને ઑફેલિયા બોલી: "ભાઈ, ઈવાને દાસદાસીઓની સાથે આટલી છૂટથી ભળવા દેવી ન જોઈએ. એ લોકો સાથે બહુ સહવાસ ન રાખવો."

સેંટ ક્લેર — "બહેન, એમાં બોટું શું છે? આપણે કૂતરાંબિલાડાં સાથે રમીએ છીએ, તેમને બોળામાં પણ બેસાડીએ છીએ; તો શું આ બાપડાં દાસદાસીઓ કૂતરાંબિલાડાં કરતાં પણ ઊતરતાં છે? બહેન, તમારા પ્રદેશમાં આ કારમી પ્રથા નથી, એટલે તમને આ અભાગી લોકોની દુર્દશાનો ખ્યાલ ન આવે. એ ગરીબ દાસદાસીઓને પોતાનાં સંતાનોથી પરાણે છૂટાં થવું પડે છે. તેથી એ લોકોની સાથે ઈવાને રમતી અને હળતીમળતી જોઈને મને તો આનંદ જ થાય છે. હું ભલે એ લોકોનું દુઃખ દૂર ન કરું; પણ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે એમના દુઃખને હળવું કરી શકું તો બસ. મારામાં પૂર્વસંસ્કારોને બળે એ લોકોને સ્વતંત્ર કરવાની પૂરેપૂરી શક્તિ નથી. એટલે મારી નબળાઈ કબૂલ કરતાં મને શરમ આવતી નથી."

સેંટ ક્લેરની વાત સાંભળીને ઑફેલિયા વિચારમાં પડી ગઈ. તે બોલી : "ભાઈ, તમારી વાતો સાંભળીને તથા દાસદાસીઓ પ્રત્યેનું તમારું પ્રેમભર્યું વર્તન જોઈને મને તો લાગે છે કે, તમને સત્યધર્મનું દર્શન થયું છે."

સેંટ ક્લેર હસતો હસતો બોલ્યો : "અરે બહેન, જોજે હાં, મને સમજવામાં ભૂલ નહીં કરી બેસતી! હું ધાર્મિક જરાયે નથી. મને સત્યધર્મનું દર્શન મુદ્દલે થયું નથી. એવું હોત તો એ પ્રમાણેનું મારું આચરણ પણ હોત ને!"

એટલું કહીને તે ત્યાંથી ઊઠીને ઇવાની સાથે બાગમાં ફરવા ચાલ્યો ગયો.

૧૬

સ્વામીભક્ત ટોમ

ટોમ સેંટ ક્લેરને ત્યાં સુખશાંતિથી દિવસ પસાર કરવા લાગ્યો. અહીં ટોમને કોઈ વાતનું દુઃખ ન હતું. કુટુંબથી થયેલો વિયોગ એને ઊંડે ઊંડે સાલતો તો હતો, પરંતુ એ દૃઢપણે માનતો હતો કે, ઈશ્વર આપણને જે સ્થિતિમાં મૂકે તેને હસતે મોઢે સહન કરી લેવી એમાં જ પ્રભુ પ્રત્યેની આપણી સાચી શ્રદ્ધા રહેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉમને અહીં બીજી એક સુખની વાત એ હતી કે, ઇવા તેના ઉપર ખૂબ વહાલ રાખતી હતી. ટૉમ પણ એને રમાડવામાં, એની સાથે વાતો કરવામાં, ફરવા જવામાં આનંદ અનુભવતો. ઘણી વાર ઇવા ટૉમની આગળ બાઇબલ વાંચતી અને ટૉમ બાઇબલનાં વાક્યો ઉપરથી ઇવાને ધર્મશિક્ષણ આપતો. વળી ટૉમને ભજન ગાતાં પણ સારું આવડતું હતું, એટલે ઇવાને એનાં ભજનો સાંભળવાની ખૂબ જ મજા પડતી.

સેંટ ક્લેર પણ ટૉમને માન આપતો હતો. ટૉમ સેંટ ક્લેર કરતાં મોટી ઉંમરનો હતો. સેંટ ક્લેર ઉડાઉ અને ચંચળ મનનો હતો, જ્યારે ટૉમ ઠરેલ અને ગંભીર હતો. તેથી ધીમે ધીમે સેંટ ક્લેર ટૉમને પોતાના એક રક્ષક તરીકે જ માનતો થયો હતો. પહેલાં સરસામાન ખરીદવાનું કામ એંડોલ્ફ કરતો હતો. પરંતુ તે દાઝડિયો હતો; એટલે પૈસાની બાબતમાં તે હંમેશાં ગોલમાલ કરતો હતો. સેંટ ક્લેર આ જાણતો હતો, પરંતુ તે ગુલામોને કદી કોઈ વાતની શિખામણ આપતો નહીં. પણ ટૉમની નિષ્ઠા જોઈને તેણે છેવટે ખરીદવા વગેરેનું કામ ટૉમને સોંપ્યું. ટૉમ દરેક કામ શુદ્ધ દાનતથી કરતો હતો. તેથી તે પાઈએ પાઈનો હિસાબ ચોખ્ખો રાખતો હતો.

ટૉમ પણ વખત જતાં સેંટ ક્લેર તરફ સ્નેહભાવ રાખવા લાગ્યો હતો. તેને સેંટ ક્લેરની નાસ્તિક વૃત્તિ જોઈને દુઃખ થતું. તે દરરોજ પ્રભુને પ્રાર્થના કરતો કે, 'હે પ્રભુ, મારા સ્વામીના જીવનને તું સુધાર. તે હજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાદાન બુદ્ધિનો છે; તું એને સદ્‌વિચાર તરફ દોર. તે નાસ્તિક છે; એને તું ભક્તિશીલ અને આસ્તિક કર.'

એક દિવસ મોડી રાતે સેંટ ક્લેર ખૂબ દારૂ પીધેલી અવસ્થામાં ઘેર આવ્યો. એની આવી બેહાલ દશા જોઈને ટોમ અવાક્ બની ગયો. તેને મનમાં ખૂબ જ દુઃખ થયું. આખી રાત તેને ઊંઘ ન આવી. તે બધો સમય પ્રભુને પ્રાર્થના કરતો બેસી રહ્યો.

સવારે સેંટ ક્લેરે ટોમને પોતાની પથારી પાસે બોલાવ્યો. ટોમ પોતાના શેઠ પાસે ધીમે ધીમે આવ્યો. તેની આંખમાં આંસુ હતાં. સેંટ ક્લેરે પૂછ્યું : "ટોમ, તું કેમ આમ ઢીલો લાગે છે? તને શું થયું છે? ઘર સાંભરી આવ્યું કે શું?"

ટોમ — "સાહેબ, મને આપની સમક્ષ મારી એક વાત મૂકતાં બીક લાગે છે!"

સેંટ ક્લેર — "અરે, એમાં ડરે છે શાનો? જે હોય તે કહી દે."

ટોમ — "સાહેબ, હું એમ માનતો હતો કે, આપ સૌની પ્રત્યે સમાન ભાવથી જુઓ છો. પણ . . ."

સેંટ ક્લેર — "એટલે શું તું એમ કહેવા માગે છે કે મેં કોઈની તરફ ખરાબ વર્તાવ કર્યો છે? મને લાગે છે કે તને કંઈ જોઈતું હશે, એટલે તું આમ ગોળગોળ વાત કરે છે."

ટોમ — "સાહેબ, મને આપ જે રીતે રાખો છો, એ રીતે કોઈ રાખી શકે એમ હું માનતો નથી. આપના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમાળપણા માટે હું સદા આપનો ઋણી છું. આપે મારી સાથે કદીય ખરાબ વર્તાવ કર્યો નથી. પરંતુ સાહેબ, આપ એક જણની તરફ ખૂબ જ બેદરકાર રહો છો!"

સેંટ ક્લેરને ટોમની વાતમાં કશી સમજ પડી નહીં. તે જરા અકળાઈને બોલ્યો: "ટોમ, તું સાફ સાફ વાત કર. મને તો તારી વાતમાં સમજ પડતી નથી! મેં કોની સાથે ગેરવર્તાવ કર્યો?"

ટોમ ધીમે સાદે બોલ્યો: "સાહેબ, હું આપની માફી માગીને અદબથી કહું છું કે, આપ સૌની પ્રત્યે પ્રેમભાવથી વર્તો છો, પરંતુ આપ પોતાની પ્રત્યે ખૂબ જ નિષ્ઠુર છો!"

એ સાંભળીને સેંટ ક્લેર હસી પડ્યો. તે બોલ્યો: "બસ, આટલું જ કહેવું છે ને? ટોમ, તું મારી નકામી ચિંતા કરે છે!"

ટોમ તરત જ ઘૂંટણિયે પડીને કરગરતો બોલ્યો: "સાહેબ, આપ મારા જેવા આપના એક ગરીબ દાસની વાત ધ્યાન દઈને સાંભળો. આપ ધર્મમય જીવન ગાળતા નથી. બાઇબલ વાંચતા નથી. ઈશ્વરનું નામ લેતા નથી; અને બસ આખો વખત ઐશઆરામમાં આપના અમૂલ્ય જીવનને વેડફી નાખો છો. આ જોઈને મને ખૂબ જ દુઃખ થાય છે. સાહેબ, અમારા જેવા ગરીબોના ભલાને ખાતર પણ આપ આપના જીવનને સુધારો."

સેંટ ક્લેર ગંભીર બની જઈને બોલ્યો: "ટોમ, તારી વાત સાચી છે. તને દુઃખ થાય એવું વર્તન હવે પછી હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદી કરીશ નહીં. હું દારૂને કદી અડકીશ નહીં; ખરાબ મિત્રોની સોબત કરીશ નહીં; અને દુરાચરણથી પણ દૂર રહીશ."

સેંટ ક્લેરની વાત સાંભળીને ટોમના જીવને શાંતિ વળી. તે આંખો લૂછી નાખી ધીમે પગલે બહાર ચાલ્યો ગયો.

સેંટ ક્લેર એકલો એકલો પોતાને કહેવા લાગ્યો: "આજે મેં ટોમ સામે જે પ્રતિજ્ઞા લીધી છે તે સદા હું પાળીશ." એમ કહીને તે શાંત ચિત્તે પથારીમાં પડી રહ્યો.

૧૭

કમનસીબ પ્રૂ!

એક વાર મિસ ઑફેલિયા રસોડામાં જઈ દાસ-દાસીઓને કંઈ કહી રહી હતી, એટલામાં ગુલામ છોકરાંઓ બોલી ઊઠયાં: "જુઓ, જુઓ, પ્રૂ આવી!"

એક દૂબળી, પાતળી અને બળીને જાણે કોલસો બની ગઈ હોય એવી એક ડોસી માથે ટોપલી લઈને ત્યાં આવી. ઍડોલ્ફ અને બીજાં દાસદાસીઓ તેની ગમ્મત કરવા તેને વીંટળાઈ વળ્યાં. એક દાસી બોલી: "કેમ પ્રૂ, બહુ દિવસે દેખાઈને? આટલા દિવસ પાઉં-રોટી આપવા કેમ આવી નહોતી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રૂએ નિસાસો નાખી ટોપલી નીચે મૂકી અને બેસતાં બેસતાં કહ્યું: "હે ભગવાન! હવે મોત જલદી આપ!"

મિસ ઑફેલિયા એ સાંભળીને નવાઈ પામીને પૂછવા લાગી: "તું કેમ મોત માગે છે?"

પ્રૂ—"આ કારમા દુઃખમાંથી છૂટવા મોત ન માગું તો બીજું શું માગું?"

રસોયણ દાસીએ ઑફેલિયાને કહ્યું: "બાઈસાહેબ, આ પ્રૂ બહુ દારૂ પીએ છે. માટે એના શેઠ એને ખૂબ મારે છે. પ્રૂ ઘણી વાર પાઉંરોટીના પૈસા શેઠને આપવાને બદલે તેનો દારૂ પી જાય છે. એટલે એના શેઠ એને મારે નહીં તો બીજું શું કરે?"

પ્રૂ એ સાંભળીને ચિડાઈને બોલી: "હા, હા; હું હજાર વાર દારૂ પીશ. દારૂ વગર મારાથી ન જિવાય. ભલે મારા શેઠને મને જેટલી મારવી હોય એટલી મારે!"

ઑફેલિયા—"પ્રૂ, આ સારું ન કહેવાય. તને ખબર છે, શેઠની ચોરી કરનારનું કદી ભલું થતું નથી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રૂ—"બાઈસાહેબ, મારે મારું ભલું કરવું નથી. મારે તો જેમ બને તેમ વહેલા મરવું છે."

એમ કહીને તે ટોપલી માથે મૂકીને આગળ ચાલવા લાગી.

ટૉમ આ બધું એક બાજુ ઊભો રહીને સાંભળતો હતો. તે પ્રૂની પાછળ પાછળ ગયો. એક ઠેકાણે પ્રૂ પાછી વિસામો ખાવા બેઠી. ટૉમ એની પાસે જઈને બોલ્યો: "માજી, લાવો, તમારી ટોપલી હું ઉપાડી લઉં. તમે બહુ થાકી ગયાં લાગો છો!"

પ્રૂ—"ના રે ના, મારે કોઈની મદદ ન જોઈએ."

ટૉમ—"તમારા ચહેરા ઉપરથી તો એમ દેખાય છે કે તમે બીમાર છો. વળી તમારું મન પણ કોઈ વાતથી દુભાયેલું હોય એમ લાગે છે."

પ્રૂ—"ના રે ના; હું તો સાજીસમી છું."

ટૉમ—"તમે દારૂ પીઓ છો એ સારું ન કહેવાય. દારૂ પીનાર શરીર અને આત્માનો નાશ કરે છે; એની દુર્ગતિ થાય છે."

પ્રૂ—"મને શિખામણ આપવાની કશી જરૂર નથી. હું એ બધું બરોબર જાણું છું. મારે તો નરકમાં જ જવું છે. હું પાપી છું, દુષ્ટ છું; હું નરકમાં જવાને જ લાયક છું. હે ભગવાન, હવે ડાહ્યો થઈને મને જલદી જલદી નરકમાં મોકલી દે."

ટૉમ પ્રૂની આવી ઘેલછાભરી વાતો સાંભળીને મનમાં દુઃખી થયો. એને થયું કે આ બાપડી ઉપર ભારે દુઃખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યું હોવું જોઈએ. તે મીઠા સ્વરે બોલ્યો : "મા, તું પહેલાં કયા શેઠને ત્યાં હતી?"

પ્રૂ રડતી રડતી ધીમે સાદે બોલી : "હું પહેલાં અહીંથી ઘણે દૂર આવેલા એક શહેરમાં હતી. મારો માલિક મારી સાથે સ્ત્રી તરીકેનો વ્યવહાર કરી મારે પેટે થતાં બાળકોને વેચવાનો ધંધો કરતો હતો. એ પાપીએ મને રિબાવી રિબાવીને મારાં ઘણાં બાળકોને વેચી નાખ્યાં. છેવટે મને છેલ્લું બાળક થયું. મારામાં કંઈ સત્ત્વ જેવું ન દેખાયું; એટલે તેણે એ બાળક સાથે મને મારા હમણાંના શેઠને વેચી દીધી. નવી શેઠાણી એક વાર ખૂબ બીમાર પડી ગઈ. મારે એની સારવારમાં રહેવું પડ્યું. એટલે એનો ઝેરી તાવ મને પણ લાગુ પડ્યો. એ તાવને લીધે મારું દૂધ સુકાઈ ગયું. મેં શેઠાણીને આજીજી કરીને કહ્યું : 'મા, મારું બાળક દૂધ વિના ભૂખે ટળવળે છે! મને થોડું દૂધ મળે એમ કરો.' એ સાંભળીને શેઠાણી ગુસ્સે થઈને બોલી, 'વાહ રે વાહ, તારા જેવી ગુલામડીના બાળકને વળી દૂધ કેવું? બેસ છાનીમાની!' હું શું બોલું? ત્યાંથી હું બાળક પાસે આવી. તે બાપડું દૂધ વિના તરફડી રહ્યું હતું! ત્યાં તો શેઠાણીએ મને ઘાંટો પાડીને બોલાવી અને કહ્યું : 'આજની રાત તારે મારી સારવારમાં રહેવાનું છે. તારા બાળકની રડારોળ મારી ઊંઘમાં ખલેલ પાડશે. માટે એને ત્યાં જ સુવાડીને ઝટ આવી જા.' પણ મારું બાળક છાનું શી રીતે રહે? છેવટે એને રડતું મૂકીને હું શેઠાણીની સેવામાં આવી. આખી રાત એ બાપડું રડતું જ રહ્યું. શેઠાણી પાસે બેઠાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠાં હું તેની ચીસો સાંભળતી જ રહી. મારું દિલ ટુકડે ટુકડા થઈ જતું હતું. પણ હું અભાગણી શું કરું? વહેલી સવારે તે છાનું થઈ ગયેલું લાગ્યું. મને થયું કે, એ થાકીને સૂઈ ગયું હશે. પણ જ્યારે કામ પરથી છૂટીને હું દોડતી દોડતી એની પાસે ગઈ, ત્યારે એ તો મરી ગયું હતું!"

આ કરુણ કથની કહેતાં કહેતાં પ્રૂ બિચારી બેભાન થઈને ઢળી પડી!

ટોમે એને પવન નાખી ભાનમાં આણી.

પછી પ્રૂ પાછી રડતી રડતી બોલી: "તે દિવસથી રાતદિવસ મારા બાળકના રડવાના ભણકારા મારા કાનમાં વાગ્યા જ કરે છે. એનું કરુણ રડવું સાંભળીને મારી છાતી ચિરાઈ જાય છે. હું સાનભાન ભૂલી જઈ ગાંડી જેવી બેબાકળી બની જાઉં છું. આ ત્રાસમાંથી છૂટવા માટે મેં દારૂ પીવાનું શરૂ કર્યું. જ્યારે ખૂબ દારૂ પીને હું મારી સૂધબૂધ ગુમાવી બેસું છું, ત્યારે મને મારા બાળકના રડવાનો અવાજ સંભળાતો નથી. તમે બધાં કહો છો એમ હું પણ માનું છું કે, દારૂ એ બૂરી ચીજ છે; દારૂ પીનારનું જીવન નરક જેવું બની જાય છે. પરંતુ દારૂ પીધા વિના મારાથી રહી શકાય એમ નથી."

એટલું કહીને પ્રૂ થાકથી હાંફવા લાગી. તે તરત જ ટોપલી લઈને કશું કહ્યા વિના આગળ ચાલી ગઈ.

બિચારી પ્રૂની દુઃખ ભરેલી આપવીતી સાંભળીને ટોમ રડી પડ્યો. એવામાં પાછળથી અવાજ સંભળાયો: "ટોમકાકા, ટોમકાકા, તમે અહીં બેઠા બેઠા શું કરો છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલી પ્રૂની સાથે તમે શી વાતો કરતા હતા? મને ગાડીમાં બેસાડીને બહાર ફરવા લઈ જવાનો સમય થઈ ગયો છે. ચાલો, ઊઠો.”

એમ કહેતી કહેતી ઇવા ટૉમના બોળામાં આવીને બેસી ગઈ. તેણે ટૉમના મોં સામે જોયું તો તેની આંખમાં આંસુ હતાં! તે બોલી: “ટૉમકાકા, તમે કેમ રડો છો? તમારી તબિયત સારી નથી કે શું?”

ટૉમે ઇવાને પંપાળતાં પંપાળતાં પ્રૂની દુઃખદ વાત ટૂંકમાં કહી સંભળાવી. એ સાંભળીને ઇવા પણ રડુંરડું થઈ ગઈ. તે બોલી: “ટૉમકાકા, મારે આજે ફરવા નથી જવું. બિચારી પ્રૂની આવી દશા જોઈને મને હવે કશું ગમતું નથી!” એમ કહીને ઇવા ત્યાંથી ધીમે ધીમે ઘરમાં ચાલી ગઈ.

થોડા દિવસ પછી પ્રૂ મરી ગઈ! એક દિવસ તે ખૂબ દારૂ પીને આવી. એટલે તેના શેઠે ગુસ્સે થઈને તેને ખૂબ ફટકારી અને અંધારા ભોંયરામાં ગોંધી દીધી. ત્યાં ભૂખ, તરસ, માર અને દિલની વ્યથાને લીધે એ બાપડીએ પ્રાણ છોડ્યા!

આ સમાચાર જ્યારે સેંટ ક્લેરના ઘરમાં ફેલાઈ ગયા, ત્યારે કરુણામયી ઇવા પર તેની ઊંડી અસર થઈ. આ વાતની કોઈને ખબર ન પડી. પરંતુ તે દિવસથી ઇવાની તબિયત લથડવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

માયાળુ બાપ-દીકરી

ટૉમ સેંટ ક્લેરને ત્યાં સુખેથી રહેતો હતો. ઇવા તો એને થોડી વાર પણ દૂર જવા દેતી ન હતી. જ્યારે જુઓ ત્યારે 'ટૉમકાકા, ટૉમકાકા' કરતી દોડતી આવી જ હોય. ટૉમ પણ ઇવાનું મધુર હાસ્ય અને તેનો નિર્મળ સ્નેહભાવ જોઈને પોતાના મનની વ્યથા મનમાં જ સમાવી દઈને તેની સાથે મસ્તીતોફાન કરવા મંડી પડતો.

ટૉમ જ્યારે જ્યારે એકલો પડતો, ત્યારે ત્યારે તેને ઘર ખૂબ યાદ આવતું. એની પત્ની અને બાળકો શું કરતાં હશે? માલિકનો નાનો છોકરો જ્યૉર્જ એને ખૂબ જ યાદ આવતો. ઇવાને જોતાં જ્યૉર્જનું સ્મરણ તાજું થઈ જતું.

એક વાર તેને ઘર ખૂબ સાંભર્યું. ટૉમને નાના શેઠ જ્યૉર્જે થોડું થોડું લખતાં શીખવ્યું હતું. ટૉમ પાટી અને પેન લઈને કાગળમાં લખવાના મુદ્દા ધીમે ધીમે ઉતારવા બેઠો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં ઇવા હસતી હસતી ટૉમની ઓરડીમાં દાખલ થઈ. ટૉમને પાટી લઈ બેઠેલો જોઈને તે બોલી: "ટૉમકાકા, છાનામાના શું લખી રહ્યા છો? બતાવો, જોઉં?"

ટૉમ — "તમારે ત્યાં આવ્યા પછી મેં મારે ઘેર હજી પત્ર લખ્યો નથી. મારાં છોકરાં અને તેમની મા બાપડાં મારી ચિંતા કરતાં હશે. એ લોકો તો એમ જ માનતા હશે કે, હું બહુ દુઃખમાં હોઈશ; નવો શેઠ મને ખૂબ ત્રાસ આપતો હશે. પરંતુ મને તો અહીં કશું દુઃખ નથી. માટે મારે અહીંની વાત એમને લખવી છે. એટલે આજે પત્ર લખવા બેઠો. પરંતુ ઘણો વખત થઈ ગયો તોયે મારાથી કશું લખાતું જ નથી! થોડી થોડી વારે દિલ ભરાઈ આવે છે. બહેનબા, મને તો લાગે છે કે, મારાથી પત્ર લખી શકાશે નહીં."

ઇવા ટૉમની વાત સાંભળીને ગંભીર બનીને બોલી: "ટૉમકાકા, તમે તો બરા છો! મને પહેલાંથી કેમ ન કહ્યું? હું તમને પત્ર લખી આપત. લાવો, હું પત્ર લખી આપું. તમારે જે લખાવવું હોય તે લખાવો."

એમ કહીને ઇવા ટૉમની પડખે બેસી જઈને પત્ર લખવા લાગી. થોડી વારમાં પત્ર પૂરો થયો. ઇવા તો તરત બોલી ઊઠી: "ટૉમકાકા, પત્ર તો બહુ સરસ લખાયો છે, હાંકે? તમારે ઘેર એ પત્ર વાંચીને સૌ જરૂર આનંદ પામશે. ટૉમકાકા, તમને એક વાત પૂછું? એ બધાંને છોડીને અહીં રહેવાનું તમને ગમે છે બરું? તમે મારા બાપુજીને કહીને, રજા લઈ, ઘેર કેમ જતા નથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું તમને મારા બાપુજી પાસે રજા માગતાં બીક લાગે છે? કંઈ નહીં; હું જ તમને ઘેર જવા માટે છૂટા કરવા તેમને સમજાવીશ. મારા બાપુજી મને ના નહીં પાડે."

ટૉમ — "બહેન, મારાં જૂનાં શેઠાણી ખૂબ માયાળુ છે. તેમણે મને બાતરી આપી છે કે, તેમની પાસે પૂરતી રકમ થશે, એટલે તે તેમના દીકરા જ્યૉર્જને મને છોડાવવા મોકલશે. જ્યૉર્જ પણ મારા પર તમારા જેટલું જ વહાલ રાખે છે."

ઇવા — "ટૉમકાકા, ભગવાન કરે ને તે તમને જલદી લેવા આવે તો સારું! તમને દુઃખી થયેલા હું જોઈ શકતી નથી."

એટલામાં પાછળથી અવાજ આવ્યો: "અરે ટૉમ, ઇવા, અહીં બેઠાં બેઠાં શું કરો છો?"

બંને જણ પાછળ ફરીને જુએ છે તો સેંટ ક્લેર આવીને ઊભા હતા! સેંટ ક્લેરે ઇવાના હાથમાં પાટી જોઈને પૂછ્યું: "અહીં બેઠાં બેઠાં શું લખવા માંડ્યું?"

ઇવા — "બાપુ, ટૉમને હું પત્ર લખી આપતી હતી. જુઓને, સારો લખાયો છે કે?"

સેંટ ક્લેર પત્ર વાંચીને બોલ્યો: "વાહ! સરસ પત્ર લખાયો છે! ટૉમ, તેં મને કહ્યું હોત તો હું જ તને પત્ર લખી આપત. હું હમણાં તો બહાર ફરવા જઉં છું. પણ ત્યાંથી આવીને આ પત્ર સારી રીતે લખી આપીશ." એમ કહીને તે ઇવાને લઈ બહાર ચાલ્યો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇવાએ સેંટ ક્લેરને રસ્તામાં કહ્યું: "બાપુ, ટૉમ-કાકાનાં પહેલાંનાં શેઠશેઠાણી બહુ માયાળુ છે. શેઠાણીએ તો ટૉમકાકાને વચન પણ આપ્યું છે કે, જેમ બને તેમ જલદી તે ટૉમને પાછો ખરીદી લેશે."

સેંટ ક્લેર ઇવાની વાત સાંભળીને મનમાં હસ્યો. કારણ કે તેને ખબર હતી કે, એકેએક માલિક પોતાના ગુલામને વેચતી વખતે આવાં ખોટાં વચનો તેને આશ્વાસન મળે એટલા માટે આપે છે.

સાંજે સેંટ ક્લેર ફરીને આવ્યો, એટલે તેણે ટૉમને સારો પત્ર લખી આપ્યો. ટૉમ, પોતાના માયાળુ શેઠનું તથા ઇવાનું ભલું થાય એવી પ્રાર્થના કરતો પોતાની ઓરડીમાં ગયો.

૧૯

ટૉપ્સી!

એક દિવસ સેંટ ક્લેરે પોતાની બહેન ઑફેલિયાને બૂમ પાડીને કહ્યું: "અરે બહેન, અહીં આવ તો! આ હું શું લઈ આવ્યો છું, એ જરા જો." એમ કહીને આઠેક વર્ષની હબસી છોકરીને એની આગળ તેણે ધરી. તે છોકરી સાવ ચીંથરેહાલ દશામાં હતી. તે ખૂબ ગંદી અને દુર્બળ હતી.

એને જોઈને ઑફેલિયા અકળાઈને બોલી ઊઠી: "ભાઈ, આવા વિચિત્ર પૂતળાને તું અહીં ક્યાંથી ઉપાડી લઈ આવ્યો? શું તારા ઘરમાં દાસદાસીઓની કમી છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં ઉમેરો કરવાનું તને મન થયું? તારા ઘરમાં જ્યાં જુઓ ત્યાં ગુલામો અટવાયાં કરે છે. એ લોકો આળસુ જેવા જ્યાં ત્યાં મન ફાવે તેમ પડ્યા રહે છે. એ લોકોનાં છોકરાં પણ કંઈ ઓછાં નથી. એમાં આવી વિચિત્ર છોકરીને તું કયાંથી લઈ આવ્યો?"

સેંટ ક્લેર — "બહેન, તું તો બહુ ધાર્મિક છે. બીજાના જીવનને સુધારવાની તને હોંશ છે. એટલે મને થયું કે, લાવ આ છોકરીને તને સોંપું; જેથી તું એનું જીવન સુધારે અને એને સુખી કરે. આમ તને પુણ્ય મળે એ ખાતર આ છોકરીને હું લઈ આવ્યો છું. પણ મને લાગે છે કે, તમે લોકો ધર્મની તથા બીજાના જીવનને સુધારવાની માત્ર વાતો જ કરો છો. પોતાને ગમે એવું હોય ત્યાં તમે સેવા કરવા દોડી જાઓ છો. પરંતુ જ્યાં કંઈક કષ્ટ ઉઠાવવાનું હોય, પોતાના સુખ કે આનંદને જતો કરવો પડતો હોય, તથા સેવા કરતાં પોતાને ચીતરી ચડે એવું હોય, ત્યાં તમે લોકો છટકબારી શોધો છો! તું પણ એમાંની જ એક લાગે છે. નહીં તો તું આટલી બધી અકળાઈ ન જાત. બહેન, તું આને સુધારવા કે શિક્ષણ આપવા તૈયાર થાય એમ મને લાગતું નથી, કેમ બરુંને?"

ઓફેલિયા — "ભાઈ, તું નકામો રોષે ભરાય છે. મારી મતલબ એમ કહેવાની હતી કે, તારે ત્યાં જે ગુલામ છોકરાંઓ છે તેમને ધાર્મિક શિક્ષણ આપવાની કશી જોગવાઈ હું કરી શકતી નથી, એમાં તેં વધારો શા માટે કર્યો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેંટ ક્લેર —" બહેન, તું પહેલાં આ છોકરીની વાત સાંભળ. આ છોકરી આપણી નજીકમાં રહેતા એક ગૃહસ્થને ત્યાં હતી. એનાં શેઠશેઠાણી બંને દારૂડિયાં છે. તેઓ આ બાપડી છોકરીને ખૂબ ફટકારતાં હતાં. હું જ્યારે જ્યારે એ ઘર પાસેથી પસાર થયો છું, ત્યારે ત્યારે આ છોકરીની કારમી ચીસો મેં સાંભળી છે. છેવટે મને એની દયા આવી અને મને થયું, ' લાવ, આ બાપડી છોકરીને આ ત્રાસમાંથી છોડાવું અને તને સોંપુ, જેથી તું એના જીવનને સારે રસ્તે દોરે.' બહેન, બોલ, મારા આ પગલામાં કશો દોષ દેખાય છે ખરો? એનું નામ ટોપ્સી છે. તું એને હવે સંભાળ."

સેંટ ક્લેરની વાત સાંભળીને ઑફેલિયા જરા નરમ પડી. કોઈ ગંદી ચીજને પરાણે અડકવું પડે એ રીતે તે પેલી છોકરી પાસે ગઈ અને બોલી ઊઠી: " અરર, આ છોકરી કેટલી ગંદી છે! એ કોઈ દિવસ નાહી હશે કે કેમ?" એમ કહીને ઑફેલિયા ખૂબ સંકોચ સાથે ટોપ્સીને અંદર લઈ ગઈ.

બીજાં દાસદાસીઓ પણ કદરૂપી ટોપ્સીને જોઈને છળી ઊઠ્યાં. તેઓ ઑફેલિયાને કહેવા લાગ્યાં: " આવી ભૂતડીને શેઠ અહીં કયાં લઈ આવ્યા? અમે એને અમારી પાસે આવવા નહીં દઈએ. અમારાં છોકરાં બગડી જશે!"

ઑફેલિયાએ જોયું કે, કોઈ દાસદાસી તેને મદદ કરે એમ નથી. એટલે તે પોતે કમને પણ એ છોકરીને નવડાવવા મંડી પડી. આ જોઈને એક ગુલામ બાઈ પણ પરાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને મદદ કરવા લાગી. ટોપ્સીના શરીર પર પડેલા ચાબુકના ખૂબ સોળ જોઈને ઑફેલિયા એની દયા ખાવા લાગી.

ઘણી મહેનતે ચોખ્ખી કરીને ઑફેલિયા એને કપડાં પહેરાવવા લાગી. તેણે એને પૂછ્યું : "ટોપ્સી, તને કેટલાં વર્ષ થયાં ?"

ટોપ્સી — "મને ખબર નથી."

ઑફેલિયા — "શું તને તારી ઉંમરની ખબર નથી? તારી મા ક્યાં છે?"

ટોપ્સી — "બાઈસાહેબ, મારે મા હતી જ નહીં."

ઑફેલિયા — "શું કહ્યું ? તારે મા હતી જ નહીં ? પછી તારો જન્મ શી રીતે થયો ?"

ટોપ્સી — "મારો જન્મ જ થયો નથી."

ઑફેલિયા — "તું તો બહુ હરામખોર લાગે છે ! મારા સવાલના તું આડા જ જવાબ આપે છે. બોલ જોઉં, તારાં માબાપ કોણ છે ?"

ટોપ્સી — "મારાં માબાપ જ નથી. હું તો છોકરાંના ટોળામાં પેદા થઈ છું. શૂ કાકી અમારી સંભાળ લેતી હતી."

ટોપ્સીની વાત એક રીતે બરોબર હતી. ઑફેલિયાની સાથે રહેલી દાસીએ કહ્યું : "બાઈસાહેબ, ટોપ્સી કહે છે એ સાચું છે. અમ ગુલામોને અમારા શેઠ જન્મ થયા પછી વેપારીને વેચી દે છે. એટલે અમને અમારાં માબાપની ઘણી વાર ખબર હોતી નથી !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઑફેલિયાએ વધારે કશું પૂછ્યું નહીં. તે એને લઈને પોતાના ઓરડામાં ચાલી ગઈ.

તે દિવસથી તેણે ટૉપ્સીને ઘરકામની તાલીમ આપવા માંડી. પરંતુ થોડા વખતમાં જ ટૉપ્સીના તોફાને તેને મૂંઝવી નાખી.

૨૦

ટૉપ્સીનું તોફાન

બીજે દિવસે ઑફેલિયા ટૉપ્સીને પથારી કરતાં શીખવવા લાગી. ટૉપ્સી પણ ડાહીડમરી થઈને બધું ધ્યાનપૂર્વક જોતી હતી. પછી ઑફેલિયાએ ટૉપ્સીને પથારી પર ચાદર પાથરવા કહ્યું. ત્યાં તો તેની એક બાંયમાંથી રિબીન બહાર નીકળી આવી!

ઑફેલિયાએ તરત જ એ રિબીન ખેંચી લીધી અને ગુસ્સામાં પૂછ્યું: "આ રિબીનની તેં શા માટે ચોરી કરી?"

ટૉપ્સી તો જાણે કશું બન્યું જ ન હોય તેમ ઢોંગ કરીને બોલી: "વાહ, આ રિબીન વળી કયાંથી બાંયમાં ભરાઈ ગઈ! બાઈસાહેબ, હું રિબીન વિષે શું જાણું?"

ઑફેલિયા — "તું પાછી ઉપરથી જૂઠું બોલે છે? બોલ, તેં એ ચોરી હતી કે નહીં?"

ટૉપ્સીએ જ એ ચોરી હતી; છતાં તે બોલી: "ના રે ના; મારે એનું શું કરવું છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળીને ઑફેલિયાએ વધારે ગુસ્સે થઈને કહ્યું: "ટોપ્સી, તું સાચું બોલ. નહીં તો તને બરોબર ફટકારીશ, સમજી કે?"

ટોપ્સી ઠાવકાઈથી બોલી: "અરે, તમે મને આખો દિવસ માર્યા કરશો તોયે હું કબૂલ કરવાની નથી. તમે પથારીમાં એ રિબીન ભૂલી ગયાં હશો અને તે મારા કપડામાં ચોંટી ગઈ હશે. એમાં મારો શો વાંક?"

ટોપ્સીને આ રીતે જૂઠું બોલતી જોઈને ઑફેલિયા અકળાઈ ગઈ. તેણે ટોપ્સીનો હાથ પકડીને એને પોતાના તરફ ખેંચી ત્યાં તો બીજા હાથની બાંયમાંથી મોજાંની જોડ નીચે પડી ગઈ! ઑફેલિયા એકદમ હેબતાઈ જઈને બોલી: "બોલ, આ મોજાં તો તેં ચોર્યાં છે ને?"

ટોપ્સીએ કહ્યું: "હા, એ મોજાં મેં ચોર્યાં છે. પણ રિબીન નથી ચોરી."

ઑફેલિયાએ જ્યારે ખૂબ જ આગ્રહથી પૂછ્યા કર્યું, ત્યારે છેવટે તેણે એ ચોરી પણ કબૂલ કરી. એટલે ઑફેલિયા બોલી: "જો તેં બીજું કંઈ ચોર્યું હોય તો કહી દે. હું તને નહીં મારું."

ટોપ્સીએ કહ્યું: "મેં ઇવા બહેનનો હાર ચોર્યો છે."

ઑફેલિયા — "શું કહ્યું? ઇવાનો હાર તેં ચોર્યો છે? બોલ, બીજું કંઈ ચોર્યું છે કે?"

ટોપ્સી — "હા, મને નવડાવવામાં મદદ કરતી હતી એ રોઝાનાં એરિંગ પણ ચોર્યાં છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઑફેલિયા — "જા, હમણાં ને હમણાં એ વસ્તુ લઈ આવ, જોઉં."

ટૉપ્સી — "મેં તો હાર અને એરિંગ બંને બાળી નાખ્યાં છે."

ત્યાં તો ઇવા તે ઠેકાણે આવી પહોંચી. ઑફેલિયાએ જોયું તો ઇવાના ડોકમાં હાર હતો! એની પાછળ રોઝા આવી, તો એના કાનમાં પણ એરિંગ હતાં! ઑફેલિયા તો મૂંઝાઈ ગઈ. તેણે કહ્યું: "અરે ટૉપ્સી, તેં હાર અને એરિંગ ચોર્યાં ન હતાં, છતાં તું આમ જૂઠું શા માટે બોલી?"

ટૉપ્સી: "તમારા સવાલનો જવાબ મારે આપવો જ જોઈએ. એટલે મેં આમ કહ્યું."

ઑફેલિયા — "પણ આમ જૂઠું શા માટે બોલવું જોઈએ? એમ કહેવું એ અસત્ય કહેવાય, સમજી કે?"

ટૉપ્સી ઠાવકાઈથી બોલી: "ઓહો! મને તો એની ખબર જ ન હતી. હવે એવું નહીં બોલું."

ટૉપ્સીની આવી અવળીસવળી વાત સાંભળીને ઇવાને એની દયા આવી. તેણે પ્રેમભરી રીતે એને કહ્યું: "ટૉપ્સી, તને હવે પછી જે કંઈ જોઈએ, તે મારી પાસેથી લઈ જજે, સમજી કે?"

ટૉપ્સીએ એની જિંદગીમાં પહેલી વાર આવા વહાલભર્યા શબ્દો સાંભળ્યા હતા. તેનું હૈયું એકાએક ભરાઈ આવ્યું અને તે રડી પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાદ દિવસ કંઈક સારું ચાલ્યું, અને પછી ટૉપ્સીનું તોફાન પાછું શરૂ થઈ ગયું. તે ખૂબ જ અળવીતરી હતી. એનાથી સખણી થઈને બેસાતું જ ન હતું. કોઈ વાર કોઈનાં કપડાં પર કાદવ નાખી આવે, તો કોઈ વાર કોઈનાં કપડાં સંતાડી દે; કોઈ ઓરડામાં ન હોય તો પથારીમાં મન ફાવે તેમ આળોટે કે બનીઠનીને આરસી આગળ ઊભી રહી નાચ્યા કરે.

ઑફેલિયા કેટલીક વાર કંટાળીને એને એકાદ તમાચો મારતી, ત્યારે તે રડવાને બદલે ખડખડ હસી પડતી. પછી પોતાના બાળમિત્રો પાસે ફુઆળભેર તે કહેતી: "ઑફેલિયા ફોઈને મારતાં જ આવડતું નથી! એ મારે છે ત્યારે મને જાણે કીડીએ ચટકો ભર્યો હોય એવું લાગે છે. મારી જૂની શેઠાણીને બહુ સરસ મારતાં આવડતું હતું. તે એવું તો મારે કે ચામડી જ ચિરાઈ જાય."

ઑફેલિયા સેંટ ક્લેર આગળ જ્યારે જ્યારે એની ફરિયાદ કરતી, ત્યારે ત્યારે સેંટ ક્લેર કહેતો: "ગુલામો બાપડાં શું કરે! આપણે એમને પહેલાંથી જ જે રીતે રાખતાં હોઈએ, તે રીતે જ તેમનું ઘડતર થાય છે. આપણા લોકોનો એ ગુલામો પ્રત્યે કેવો અમાનુષી વર્તાવ છે અને એને લઈને એ લોકોમાં કેવી વિકૃતિ આવે છે, એનું ટૉપ્સી સાક્ષાત્ પ્રતીક જ છે. મને તો લાગે છે કે, એની સાથે જુદી જ રીતે કામ લેવું રહ્યું."

* * *

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ તો ટૉપ્સીએ કમાલ કરી. ઑફેલિયા પણ ધૂંઆપૂંઆ થઈ જઈને એનું બાવડું ઝાલીને સેંટ ક્લેર પાસે આવી અને કહેવા લાગી: "ભાઈ, આ છોકરીથી

તો હવે તોબા! જુઓને, તેણે મારી પેટી ઉઘાડીને તેમાંથી કીમતી રેશમી લૂગડાં કાઢીને અને તેમનાં ચીંથરાં કરીને પોતાની ઢીંગલીનાં કપડાં બનાવ્યાં! આવી તોફાની છોકરી તો મેં કયાંય જોઈ નથી."

સેંટ ક્લેરે ટૉપ્સીને પાસે બોલાવીને કહ્યું: "અરે ટૉપ્સી, તું કેમ કંઈ સમજતી નથી?"

ટૉપ્સી — "સાહેબ, હું ઘણી જ બરાબ છું. બધાં મને એમ જ કહે છે."

સેંટ ક્લેર — "એ વાત જવા દે. આ ઑફેલિયા બહેન તને સુધારવા કેટલી બધી મહેનત લે છે. પણ એ તારા ધ્યાનમાં જ જાણે આવતું નથી; કેમ બરું ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉપ્સી — "મારાં પહેલાંનાં બાસાહેબ પણ એમ જ કહેતાં હતાં. તે મને ખૂબ જ મારતાં, ભીંત સાથે મારું માથું પછાડતાં, મારા વાળ તાણીને ખેંચતાં; પણ એની મારા પર કશી અસર જ ન થતી. અરે, તમે મારા બધા વાળ ઉખેડી નાખો, તોયે હું નહીં સુધરું. કારણ કે હું ખૂબ જ ખરાબ છું, હું હુબસી છું. અમારા જેવા કાળા માણસ કદી સારા ન થાય. બસ હું તો આટલું જ જાણું છું."

એવામાં ઇવા ઊઠીને ટૉપ્સી પાસે ગઈ. સેંટ ક્લેરે ઇશારો કરીને ઑફેલિયાને પાસે બોલાવી અને ધીમેથી કહ્યું: "બહેન, ચાલ, આપણે બાજુએ ચાલ્યાં જઈએ અને આ બે વચ્ચે શી વાતચીત થાય છે, એ સાંભળીએ." એમ કહીને તેઓ ત્યાંથી જતાં રહ્યાં.

ઇવા ટૉપ્સીને હેતથી વહાલ કરતી બોલી: "ટૉપ્સી, તને જોઈને મને બહુ દયા આવે છે. તારું દુઃખ મારાથી જોવાતું નથી. તું મારે ખાતર ડાહી ન થઈ જાય? તું સારી થઈ જાય, તો મને કેટલો બધો આનંદ થાય!"

ટૉપ્સી ઇવાના વહાલભર્યા સ્પર્શથી શાંત થઈ ગઈ. એની આંખમાં ફરીને ઝળઝળિયાં આવી ગયાં. તે પોશ-પોશ રડી પડી અને કહેવા લાગી: "બહેનસાહેબ, હવે તમને ખાતરી આપું છું કે, હું થોડા વખતમાં ખૂબ ડાહી થઈ જઈશ." એમ કહીને તે બહાર ચાલી ગઈ.

સેંટ ક્લેરે ઑફેલિયાને કહ્યું: "બહેન, જોયું ને, માણસને પ્રેમથી જ જીતી શકાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઑફેલિયા બોલી : "સાચી વાત છે, ભાઈ! તારી ઇવા તો ભગવાનનો અવતાર છે! ઇવા જ ટૉપ્સીને સુધારી શકશે. આપણું એમાં ગજું નહીં."

૨૧

ઇવાનું અવસાન!

ઇવાની તબિયત દિવસે દિવસે લથડતી જતી હતી. સેંટ ક્લેરને એની ખૂબ જ ચિંતા થયા કરતી. હવે તો ઇવા લગભગ પથારીમાં જ પડી રહેતી. ટૉમ તેની દેખભાળ કર્યા કરતો અને ભગવાનને સદા પ્રાર્થના કરતો કે, 'હે દયાળુ પ્રભુ! તું ઇવાને અમારી વચ્ચે સદા રાખજે.'

એક દિવસ ઇવાના ઓરડા પાસે ટૉપ્સી આવીને ઊભી રહી. ઇવાની મા મેરીએ એને જોઈને મોટે અવાજે કહ્યું : "કેમ રે, તું અહીં શું કરે છે? આ ફૂલ ક્યાંથી તોડી લાવી? હજી તારું તોફાન ઓછું થયું નથી, ખરું ને?"

ટૉપ્સી ગભરાતી ગભરાતી બોલી : "બાઈસાહેબ, આ ફૂલ ઇવાબહેન માટે લઈ આવી છું."

મેરી બોલી : "વાહ, ઇવાને ફૂલ આપવાનું ડહાપણ તારામાં ક્યાંથી આવી ગયું? તું તો ભારે ચાલાક છોકરી છે! એક તો ચુનો કરવો અને વળી ઉપરથી શાહુકારી પણ કરવી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉપ્સીનો અવાજ સાંભળીને ઇવા ધીમે ધીમે બહાર આવી. તે બોલી : "મા, એ બાપડીને ધમકાવ નહીં. મને ફૂલ બહુ ગમે છે. ટૉપ્સી, એ ફૂલ મને આપ જોઉં !"



ઇવાનો પ્રેમાળ અવાજ સાંભળીને ટૉપ્સીમાં જીવ આવ્યો. તેણે હસતાં હસતાં ઇવા પાસે જઈને એને ફૂલ આપ્યું.

ફૂલ લઈને ઇવાએ કહ્યું : "વાહ, કેટલું સુંદર ફૂલ છે ! ટૉપ્સી, તું દરરોજ મારે માટે ફૂલ લઈ આવજે."

એ સાંભળીને મેરી છણુકો કરતી બોલી : "ઇવા, તું પણ ખરી છે ! આટલાં બધાં ફૂલ તારી પથારી આગળ મૂકવામાં આવે છે, તો પછી આ ટૉપ્સી પાસે શા માટે ફૂલ મગાવે છે ?"

ઇવા — "મા, મને ટૉપ્સીએ આપેલું ફૂલ બહુ જ ગમે છે. ભલે એ મારે માટે ફૂલ લાવે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેરી — "જેવી તારી મરજી." પછી તે ટૉપ્સીને સંબોધીને બોલી: "ટૉપ્સી, ઇવા કહે છે એ પ્રમાણે કરજે, સમજી કે?"

ટૉપ્સીએ માથું નમાવી આભાર દર્શાવ્યો. પછી તે ધીમે પગલે ચાલી ગઈ.

ઇવાએ જોયું કે ટૉપ્સીની આંખમાં આંસુ હતાં.

એક દિવસ ઇવાની પાસે સેંટ ક્લેર એકલો જ બેઠો હતો. ઇવા ખૂબ અશક્ત થઈ ગઈ હતી. તે ધીમે અવાજે બોલી: "પિતાજી, મારે તમારી પાસે એક વસ્તુ માગવી છે. ટૉમકાકા બહુ ભલા છે. તે મારી રાતદિવસ ખૂબ જ સેવાચાકરી કરે છે. ભગવાનને પણ તે અરા દિલથી મારે માટે પ્રાર્થના કરે છે. પણ મને લાગે છે કે, મારાથી વધારે વખત જીવતા નહીં રહેવાય. જો હું મરી જાઉં, તો તમે ટૉમકાકાને છૂટા કરી દેજો અને તેમને તેમના કુટુંબ પાસે જવા દેજો. પિતાજી, આટલું કરશો ને?"

ઇવાની વાત સાંભળીને સેંટ ક્લેર ગળગળો થઈ ગયો. તે બોલ્યો: "બેટા, તું આવું ન બોલ. તારા વિના મને અહીં નહીં ગમે. તું ઝટ સાજી થઈ જા. પછી તારી મરજી મુજબ ટૉમને એને ઘેર મોકલી દેજે."

થોડા દિવસ પછી એક વાર ઑફેલિયા ટૉમને મીઠો ઠપકો આપતી બોલી: "અરે ટૉમ, તું કૂતરાની માફક ગમે ત્યાં કેમ પડી રહે છે? પહેલાં તું રોજ તારી ઓરડીમાં જ રહેતો. જ્યારે હવે તો બેબાકળા જેવો તું જ્યાં ત્યાં પડ્યો રહે છે! આજકાલ તને થયું છે શું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉમ ધીમે અવાજે બોલ્યો : " બાનુસાહેબ, બાઇબલમાં દસ કન્યાઓની કથામાં આવે છે એ પ્રમાણે આપણી ઇવાને લેવા વર કયારે આવી પહોંચશે, એ કહેવાય નહીં ! માટે મારા જેવાએ વરનાં — પ્રભુનાં દર્શન કરવા જાગ્રત રહેવું જોઈએ કે નહીં ? "

ઑફેલિયાએ જરા ગંભીર બનીને કહ્યું : " ટૉમ, તું આવા વિચારો કેમ કરે છે ? "

ટૉમ — " ઇવા બેચાર દિવસથી એવું જ બોલ્યા કરે છે ! આજે જ સવારે તેણે મને કહ્યું કે, ' ટૉમ, આજે રાતે હું સ્વર્ગમાં જવાની છું, હાં કે ? ત્યાં તું પણ જલદી જલદી આવી જજે. મને તારા વગર ગમશે નહીં.' એટલે આજે મારા દિલનું ઠેકાણું નથી. આજની રાત ઇવા કાઢે તો બસ ! "

અને ખરેખર એ રાતે જ ઇવાનું અવસાન થયું ! આખા ઘરમાં શોક છવાઈ ગયો. સેંટ ક્લેર તો સાવ શૂન્યમનસ્ક જેવો બની ગયો. દાસદાસીઓ પણ પોકેપોક રડવા લાગ્યાં.

એવામાં ટૉપ્સી રડતી રડતી ધીમે પગલે ઇવાને જ્યાં સુવાડેલી હતી ત્યાં આવી. એને જોઈને એક દાસી ચિડાઈને બોલી : " અલી ઓ ટૉપ્સી, તું અહીં કયાં આવી ? ભાગ અહીંથી ! "

સેંટ ક્લેરનું એ તરફ ધ્યાન જતાં તેણે દાસીને ધમકાવીને કહ્યું : " તું ટૉપ્સીને કેમ રોકે છે ? તે ભલે ઇવાની પાસે જાય. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉપ્સીએ પોતાના ફરાકમાં સંતાડેલું ગુલાબનું ફૂલ કાઢીને કહ્યું: "ઇવાબહેન માટે આ ફૂલ લાવી છું. એ એમની પાસે મૂકીને જતી રહીશ." એમ કહીને તે ઇવા ભણી ગઈ. ઇવાના પગ આગળ ફૂલ મૂકીને ટૉપ્સી જમીન પર ફસડાઈ પડી અને પોક મૂકીને રડતી રડતી બોલી: "ઇવાબહેન, ઇવાબહેન, તમે મને છોડીને કેમ ચાલ્યાં ગયાં? હવે મારી સાથે પ્રેમથી કોણ વર્તશે? હું હવે કોઈ દિવસ તોફાન નહીં કરું. તમે પાછાં આવી જાઓ."

ટૉપ્સીનું હૃદયદ્રાવક રુદન સાંભળીને સેંટ ક્લેર પણ ધીરજ ખોઈ બેઠો. તે પણ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. તેણે ઑફેલિયાને કહ્યું: "બહેન, તું ટૉપ્સીને છાની રાખ."

ઑફેલિયા પણ ગળગળી થઈ ગઈ હતી. તે ટૉપ્સી પાસે જઈને તેના માથા પર પ્રેમથી હાથ ફેરવતી ફેરવતી બોલી: "ટૉપ્સી, તું હવે મારી સાથે રહેજે. ઇવાએ મને તારા જેવાં નિરાધાર બાળકોને પ્રેમ કરતાં શીખવ્યું છે. હું તને સાચવીશ."

સેંટ ક્લેર એકલો એકલો બોલ્યો: "ઇવા, તું તો અમને બધાંને મૂકીને ચાલી ગઈ; પણ તારા અંતરની સુવાસ અમારામાં સદા કાયમ રહેશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

અણધાર્યો અકસ્માત

ઈવાના અવસાન પછી સેંટ ક્લેર વધારે ઉદાસીન બની ગયો. તેની તબિયત પણ સારી રહેવા ન લાગી. એક દિવસ સવારે તે પથારીમાં કંઈક વિચારમાં પડ્યો હતો, એવામાં ટોમ એને માટે ગરમ પીણું લઈને આવ્યો.

સેંટ ક્લેરે થોડી વાર પછી ટોમને કહ્યું: "ટોમ, હું તને ગુલામગીરીમાંથી જેમ બને તેમ જલદી છૂટો કરી દઈશ. તું તારો સામાન તૈયાર રાખજે. તારા કુટુંબને



મળવાને તું ખૂબ આતુર છે, ખરું ને? હવે થોડા વખતમાં જ તારી એ આશા પૂરી થશે."

એ સાંભળીને ટોમના મોં પર આનંદ આનંદ છવાઈ ગયો. આ જોઈને સેંટ ક્લેર જરા દુઃખી અવાજે બોલ્યો: "ટોમ, તને મારે ત્યાં નથી ગમતું, કેમ ખરું ને? તને આ ઘરમાં જરાયે દુઃખ નથી; તો પછી તું અહીંથી જવાનું સાંભળીને કેમ રાજી થાય છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોમ — "સાહેબ, આપનું ઘર છોડવાનું થશે, એ માટે હું આનંદ પામતો નથી. પરંતુ ગુલામીના બંધનમાંથી હું મુક્ત થઈશ, એ સાંભળીને મને આનંદ થાય છે."

સેંટ ક્લેર — "સ્વતંત્ર થયા પછી તું જે રીતે રહેશે, એના કરતાં મારા ઘરમાં તું વધારે સુખી નથી કે?"

ટોમ — "ના, સાહેબ!"

સેંટ ક્લેરે આશ્ચર્ય પામી પૂછ્યું: "કેમ? તને મારા ઘરમાં ઓઢવા પહેરવાનું અને ખાવાપીવાનું સુખ છે, કોઈ વાતની કશી ફિકર નથી; એવું તને સ્વતંત્ર થયા પછી મળશે કે? હમણાં જે રીતે તું રહે છે એ રીતે રહેવા સારુ તું પૈસા કયાંથી મેળવશે?"

ટોમે નમ્રતાથી કહ્યું: "સાહેબ, આપ કહો છો એ બરોબર છે. પરંતુ સ્વતંત્ર થયા પછી મારા નસીબમાં જે મળવાનું હશે એ મને મળશે. હું ભલે ગરીબાઈમાં જીવન ગાળીશ; એની મને પરવા નથી. સ્વતંત્રતા એટલે સ્વતંત્રતા. એના જેવું સુખ બીજું કોઈ નથી. ગુલામીમાં ભલે ગમે તેટલું સુખ હોય, પણ તેનાથી માણસને કદી સંતોષ મળતો નથી."

સેંટ ક્લેર થોડી વાર થોભીને બોલ્યો: "ટોમ, તારી વાત સાચી છે. પણ હજી એકાદ મહિનો તારે મારી પાસે રહેવું પડશે. ઇવાના અવસાન પછી મને જરાયે ગમતું નથી. તું હમણાં જશે, તો મને ઇવાની ખોટ વધારે સાલશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉમ — "સાહેબ, હું પણ આપને આવી દુઃખી હાલતમાં છોડીને જવા માગતો નથી. આપે મારે માટે ઘણું કર્યું છે. આપને ખાતર મારા પ્રાણ ન્યોછાવર કરવા પણ હું તૈયાર છું."

એક દિવસ ઑફેલિયા સેંટ ક્લેર પાસે આવીને બોલી : "ભાઈ, તને એક વાત પૂછું : ટૉપ્સી તારી કે મારી ?"

સેંટ ક્લેર મોં પર સ્મિત ફરકાવી બોલ્યો : "બહેન, એમાં પૂછવાનું શું હોય? ટૉપ્સીને તો મેં તને કયારની સોંપી દીધી છે."

ઑફેલિયા — "એમ નહીં. હું તો એમ કહું છું કે, હું જ્યારે ઘેર જઈશ, ત્યારે ટૉપ્સીને મારી સાથે જ લઈ જઈશ. એના વિના મને ગમશે નહીં. માટે તું મને લખી આપ કે, ટૉપ્સી પર મિસ ઑફેલિયાનો અધિકાર રહેશે."

સેંટ ક્લેર નવાઈ પામી બોલ્યો : "તમારા પ્રદેશમાં તો ગુલામીપ્રથા નથી અને તું પોતે એમાં માનતી નથી; તો પછી તું જ કેમ ગુલામ છોકરી પર તારો અધિકાર જમાવવા બેઠી છે?"

ઑફેલિયા — "ટૉપ્સી હવે ખૂબ ડાહી થઈ ગઈ છે. તેના પર મને મમતા છે. તું નહીં હોય ત્યારે ટૉપ્સી વગેરે ગુલામોને ભાભી સારી રીતે રાખશે નહીં. માટે હું ટૉપ્સીને મારી સાથે લઈ જવા માગું છું. હું તેને ભણાવીગણાવીને ઠેકાણે પાડીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેંટ ક્લેર — "બહેન, શું તું એમ માને છે કે, હું હવે વધારે જીવીશ નહીં?"

ઑફેલિયા — "ના ભાઈ ના! તું ખૂબ ખૂબ જીવજે. પણ કાલનો કોઈને ભરોસો નથી. માટે ઘરમના કામમાં ઢીલ ન કરવી જોઈએ. એટલે જ મેં તને આમ કહ્યું."

સેંટ ક્લેર — "ભલે, હું કાલે આપણા વકીલ પાસે તને લેખિત હકનામું લખી આપીશ."

બીજે દિવસે એ પ્રમાણે કરવામાં આવ્યું. મેરીને એ ગમ્યું નહીં. તે ઑફેલિયાને મહેણું મારતાં બોલી: "કેમ, તમે પહેલાં તો ગુલામો રાખવા બદલ અમને ઠપકો આપતાં હતાં. હવે તમે જ જોયું કે, આપણને ગુલામો વગર ચાલતું નથી. પણ બહેન, યાદ રાખજો, તમારા ભાઈની પેઠે ગુલામોને લાડ લડાવશો નહીં, સમજ્યાં કે?"

ઑફેલિયાએ કશો જવાબ જ ન આપ્યો.

* * *

થોડા દિવસ બાદ એક દિવસ સાંજે સેંટ ક્લેર કૉફી હાઉસ ભણી ફરવા નીકળ્યો. ત્યાં બે દારૂડિયા લોકો વચ્ચે ઝપાઝપી થઈ. સેંટ ક્લેર તેમને છોડાવવા વચ્ચે પડ્યો. ત્યાં તો એક જણે બીજાને મારવા ઉગામેલો છરો સેંટ ક્લેરની છાતીમાં ભોંકાઈ ગયો! તે તમ્મર ખાઈને જમીન પર ફસડાઈ પડ્યો.

થોડી વાર પછી બે ત્રણ માણસો સેંટ ક્લેરને ઉપાડીને ઘેર લઈ આવ્યા. ટોમ બારણા પાસે જ બેઠો હતો. શેઠની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી દશા જોઈને તે રડી પડ્યો. ઘરનાં બધાં માણસો પણ રડારોળ કરવા મંડી પડ્યાં.

આખરે જખમ જીવલેણ નીવડ્યો. સેંટ ક્લેરની છેલ્લી ઘડી ગણાતી હતી. તેણે ધીમે અવાજે ટોમને કહ્યું : "ટોમ, તું મારે ખાતર પ્રભુને પ્રાર્થના કર."

ડાક્તરે કહ્યું : "દેવળના પાદરીને બોલાવી લઈ આવું?"

સેંટ ક્લેર બોલ્યો : "ના, એમની જરૂર નથી. મને તો ટોમની પ્રાર્થના જ તારશે."

ટોમે રડતાં રડતાં કરુણ સ્વરે પ્રભુની પ્રાર્થના કરી અને થોડા વખત પછી સેંટ ક્લેરનું પ્રાણપંખેરું ઊડી ગયું !

૨૩

નોંધારાં !

સેંટ ક્લેરના અવસાનને આઠેક દિવસ થયા હશે, ત્યાં તો એક સવારે રોઝા નામની ગુલામ સ્ત્રી રડતી રડતી, ગાભરી બની ગયેલી હરણી જેવી, દોડતી દોડતી આવી અને ઑફેલિયાને પગે પડી વીનવવા લાગી : "બહેનસાહેબ, મને બચાવો ! શેઠાણીજી મને ફટકાની સજા માટે શિક્ષા-ગૃહમાં મોકલે છે !"

હબસી માને પેટે ગોરા માલિકથી જન્મેલી હોવાથી રોઝા દેખાવડી હતી. તેની વય પણ જુવાન હતી.

ઑફેલિયા — "તેં મેરીનો શો ગુનો કર્યો છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોઝા — "મારાથી શેઠાણીજીના કામમાં જરા મોડું થયું, એટલે તે મારા પર ગુસ્સે થઈ ગયાં અને મને શિક્ષાગૃહમાં પંદર ફટકાની સજા ફરમાવવા માટે ચિઠ્ઠી લખી આપી! જુઓ આ ચિઠ્ઠી. બહેનસાહેબ, તમારે જોઈએ તો મને સો ફટકા ઘેર મારો. હું મૂંગે મોઢે એ સહન કરીશ. પણ શિક્ષાગૃહના પુરુષો બહુ નીચ હોય છે. એ નરાધમોના હાથમાં મારું શિયળ નહીં જળવાય; તેઓ મને પીંખી ખાશે! બહેનસાહેબ, તમને પગે પડીને કહું છું કે, તમે શેઠાણીજીને મારા બચાવ માટે કંઈક કહો."

ઑફેલિયાએ શિક્ષાગૃહની ઘણી કારમી વાતો સેંટ ક્લેરને મોઢે સાંભળી હતી. પણ એ બધીને તે સાચી માનતી ન હતી. પરંતુ આજે રોઝાનો તરફડાટ અને તેની અકળામણ જોઈને એ પણ કંપી ઊઠી. તેણે રોઝાને આશ્વાસન આપીને જવા દીધી અને તે મેરી પાસે ગઈ.

મેરી ખાટલા પર પડી હતી. ઑફેલિયાએ થોડી આડી અવળી વાત કરીને કહ્યું: "ભાભી, મારે રોઝા વિષે તમને કંઈક કહેવું છે."

મેરી તરત જ ઉશ્કેરાઈને બોલી: "સમજ્યાં, સમજ્યાં! તમે એમની વકીલાત કરવા આવ્યાં છો કે શું? એ તો એ જ લાગની છે!"

ઑફેલિયા — "પણ તમારે એને સજા કરવી હોય તો અહીં ઘેર જ કરોને! ત્યાં એની લાજ સલામત રહે એમ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેરી —"ઓહો! ગુલામડીને વળી લાજશરમ કેવાં? એ તો બધા એ લોકોના ઢોંગ છે. જ્યાં સુધી શિક્ષાગૃહમાં એની આબરૂના કાંકરા ન થાય, ત્યાં સુધી એ ઠેકાણે નહીં આવે. આવી અભિમાની ગુલામડીઓને તો શિક્ષાગૃહના પુરુષો જ નરમ ઘેંશ જેવી બનાવવા માટે લાયક છે. એક વાર એને ત્યાંની હવા ખાવા તો દો, પછી જોજો એ કેવી સીધીદોર થઈ જાય છે તે!"

ઑફેલિયા — "પણ ભાભી, આ રીતે એક સ્ત્રીને કલંકિત કરવાથી આપણને પાપ લાગે, એનો તમે કેમ વિચાર કરતાં નથી?"

મેરી — "એમાં પાપ જેવું શું છે? મારે તો એને સુધારવી છે. બીજી વાર કામમાં ગફલત ન કરે, એવો પાઠ એને શીખવવો છે. વળી મેં એને બહુ હળવેથી પંદર ફટકા મારવાનું લખ્યું છે."

ઑફેલિયા — "અરે, ફટકાનો સવાલ નથી; આ તો એક સ્ત્રીના શિયળનો સવાલ છે. શિક્ષાગૃહમાં જવા કરતાં એક સમજદાર સ્ત્રી મરવાનું વધારે પસંદ કરે. પણ આ બાપડાંમાં એટલો વિચાર કરવાની તાકાત પણ આપણે કયાં રાખી છે!"

મેરી —"હવે તમે મને શિખામણ આપવાની તસ્દી લેશો નહીં. હું તો કહું છું કે, હવે પછી કોઈ પણ ગુલામડી મારા કામમાં થોડીયે ગફલત કરશે, તો તેની પણ રોઝા જેવી જ દશા થશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વખતે એક ગુલામ બાઈ મેરીના પગ દાબી રહી હતી. એ બિચારી તો ચમકી જ ગઈ! એને થયું કે, શેઠાણી એને સંબોધીને આવું તો નહીં કહેતાં હોય?

ઓફેલિયાએ જોયું કે, મેરી માને એમ છે નહીં. એટલે ઊંડો નિસાસો નાંખીને એ ત્યાંથી બહાર ચાલી ગઈ.

થોડી વાર પછી રડતી કકળતી રોઝાને શિક્ષાગૃહ તરફ ઘસડી લઈ જવામાં આવી. શેઠાણીને પગે પડીને તેણે હૈયાફાટ રુદન સાથે ખૂબ ખૂબ આજીજી કરી. પણ મેરી એકની બે ન થઈ.

* * *

થોડા દિવસ પછી એંડોલફ ટોમ પાસે આવીને રડમસ અવાજે કહેવા લાગ્યો: "ભાઈ ટોમ, તને ખબર પડી કે? શેઠાણી સાહેબ આપણને વેચી દેવાનાં છે. આજકાલમાં આપણને તે વેચવા માટે મોકલી દેશે!"

ટોમ ગંભીરતાથી બોલ્યો: "જેવી પ્રભુની ઇચ્છા!" ટોમને થયું, ભગવાન પણ મારી અજબ કસોટી કરે છે. સેંટ ક્લેરે એને મુક્ત કરવાની વાત કરી હતી; ત્યાં તો સેંટ ક્લેર જ અવસાન પામ્યો! ટોમને આઝાદી એટલા માટે ગમતી હતી કે, સ્વતંત્ર માણસ પોતાનો ધર્મ બરાબર બજાવી શકે; પ્રભુપરાયણ જીવન જીવી શકે; અને પોતાના દેહનો અન્યની સેવામાં ઉપયોગ કરી શકે. ત્યારે ગુલામ માણસ માલિકના મનસ્વીપણાનો ભોગ બને છે, તેનો ધર્મ બજાવાતો નથી, અને તેનો દુર્લભ એવો મનુષ્યજન્મ એળે જતો રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોમ એંડોલ્ફની વાત સાંભળીને ખૂબ શાંત થઈ ગયો. તે પ્રભુને પ્રાર્થના કરતો બોલી ઊઠ્યો : "પ્રભુ, તારી ઇચ્છા મુજબ થાઓ." અને પછી ધીમે ધીમે ઑફેલિયા પાસે તે ગયો.

ટોમે ઑફેલિયાને કહ્યું : "બહેન, આપે સાંભળ્યું હશે કે, બાસાહેબ અમને વેચી દેવાનાં છે. પણ હું આપને વિનંતી કરીને કહું છું કે, મારા ભલા શેઠે મને મુક્ત કરવાનું વચન આપ્યું હતું અને એ વિષે તેમણે આપની સાથે વાત પણ કરી હતી. માટે આપ કૃપા કરીને આ હકીકત બાસાહેબને સમજાવો, તો હું આપનો આભાર કદી ભૂલીશ નહીં."

ઑફેલિયા — "ટોમ, તારી સ્થિતિ હું સમજું છું. હું મેરીને વાત કરીશ. પણ મને નથી લાગતું કે, મેરી માને. છતાં પ્રયત્ન કરી જોઉં." એમ કહીને તે મેરી પાસે જવા ઊભી થઈ.

મેરી તે વખતે પથારીમાં પડી હતી અને એક દાસી તેનું માથું દાબી રહી હતી. ઑફેલિયાએ થોડી વાર બેસીને પછી કહ્યું : "ભાભી, તમે આપણા કયા કયા ગુલામોને વેચી દેવાનાં છો ? તમને ખબર હશે જ કે, મારા ભાઈ એ ઇવાના કહ્યાથી ટોમને મુક્ત કરવાની વાત કરી હતી. એ અંગે આપણા વકીલ સાથે પણ વાતચીત થઈ છે. માટે તમે મારા ભાઈનું વચન જાળવવા ખાતર પણ ટોમને મુક્ત કરો તો સારું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળીને મેરી એકદમ છંછેડાઈ જઈને બોલી: "શું કહ્યું? ટોમને મુક્ત કરી દઉં? અરે, એના મને ઘણા રૂપિયા ઊપજશે. વળી ગુલામોને આઝાદી શા બપની? એ લોકો તો આ દશામાં જ જીવી શકે. ગુલામ જો મુક્ત થાય, તો ભૂખે જ મરે. માટે આવી વાહિયાત વાત કરવાનું મૂકી દો."

ઑફેલિયા — "ભાભી, ટોમને તમે સમજતાં નથી. એ ધાર્મિક માણસ છે. વળી મારા ભાઈના અને ઈવાના આત્માને સંતોષ થાય, એ પણ તમારે જોવું જોઈએ."

આ સાંભળી મેરી જોરશોરથી રડવા લાગી ગઈ અને બોલી ઊઠી: "તમે બધાં મારાં દુશ્મન બની ગયાં છો. મારા કારમા દુઃખનો તમે વિચાર જ કરતાં નથી. મારી વહાલી દીકરી અને મારા વહાલા પતિના અવસાનથી મને કેટલી ભારે ખોટ ગઈ છે, એ તમારા ખ્યાલમાં જ નથી. બસ જ્યારે જુઓ ત્યારે તેમની યાદ અપાવી અપાવીને મારા દુઃખમાં વધારો જ કર્યાં કરો છો!"

આવો ખોટો તમાશો જોઈને ઑફેલિયાને થયું, હવે વધારે વખત ત્યાં બેસવામાં સાર નથી. એટલે એ ત્યાંથી જતી રહી.

અને બીજે જ દિવસે ટોમ તથા બીજા છ ગુલામોને વેચવા માટે લિલામની જગ્યાએ મોકલી દેવામાં આવ્યા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪

વહાલાંનો વિયોગ !

લિલામ-ગૃહમાં રાતની વેળાએ બિચારાં ગુલામોની દશા કરુણાજનક હતી. ગુલામ પતિપત્ની બાપડાં હૃદય ચીરી નાંખે એવું કલ્પાંત કરતાં હતાં. થોડી વારમાં જ તેઓના નસીબમાં જીવતાંજીવત હંમેશનો વિયોગ થવાનો હતો ! બિચારી મા પોતાનાં બાળકોને છાતીએ વળગાડી હૈયાફાટ રડી રહી હતી. સવાર થતાં એ કમભાગી માને બાળકોથી છૂટાં થવું પડશે ! બધે એક યા બીજી રીતે વિયોગનું દુઃખ ગુલામોને પજવી રહ્યું હતું.

સવાર થતાં લિલામગૃહનો માલિક તેના નોકરો સાથે આવ્યો અને ચાબુકના અવાજ સાથે મોટે અવાજે બોલ્યો : "બબરદાર, કોઈએ રડવાનો ઢોંગ કર્યો છે તો ! કોઈના પણ મોં પર ઉદાસીનતા દેખાશે તો ચાબુકે ચાબુકે એને સીધુંદોર કરી દઈશ. બધાંએ હસતું મોં રાખવું. મારે પણ પેટ છે. મારે ખોટનો વેપાર કરવો નથી. માટે મને નુકસાન થાય એવો વર્તાવ કોઈએ પણ કર્યો છે તો એનું આવી જ બન્યું સમજજો."

એટલું કહીને માલિક બહાર ચાલ્યો ગયો અને તેના ગુલામ નોકરો લિલામ માટે ભેગાં કરેલાં ગુલામ સ્ત્રીપુરુષોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસતાં રાખવા પ્રયત્ન કરવા લાગ્યા. કોઈના મોં પર જરા પણ ગંભીરતા જોવા મળે કે તરત જ તેઓ ચાબુક ઉગામતા.

ટૉમ અને તેની સાથેના ગુલામો એક બાજુએ બેઠા હતા. ટૉમ સ્વસ્થ દેખાતો હતો. તે મનમાં પ્રભુને પ્રાર્થના કર્યા કરતો હતો.

ટૉમથી થોડે દૂર સ્ત્રીઓનું ટોળું હતું. એમાં મોટી ઉંમરની એક બાઈ અને તેની પંદરેક વર્ષની બાળકી આગળ તરી આવતાં હતાં. એ બાઈનું નામ સુસાન હતું અને તેની છોકરીનું નામ એમેલિન હતું. બંને દેખાવમાં સુંદર હતાં. મા એમેલિનને કહી રહી હતી: "બેટા, કોણ જાણે આપણા નસીબમાં શું લખાયેલું હશે! તું જો આટલી સુંદર ન હોત તો કેવું સારું થાત! તારી મને ખૂબ ચિંતા થાય છે. કોઈ સેતાન તને ખરીદી જશે તો તારું શું થશે? હે ભગવાન, તું ક્યાં છે? અમારી વહારે તું ક્યારે આવશે?"

એમ કહીને માએ પોતાની વહાલી છોકરીને બાથમાં લીધી અને તે એના વાંસા પર હાથ ફેરવવા લાગી. પછી તે જરા સ્વસ્થ થઈને બોલી: "દીકરી, તું આટલું ધ્યાનમાં રાખજે. જો તને બીજે ઠેકાણે વેચી દેવામાં આવે અને ત્યાં તારા પર કોઈ અત્યાચાર કરવા તૈયાર થાય, તો એ માણસના હવસને વશ થવાને બદલે તું મરવાનું પસંદ કરજે. તારા શિયળને વધારે વહાલું ગણજે. તારા ધર્મને તું ચૂકતી નહીં. ભગવાનનું સદા સ્મરણ કરજે અને બાઇબલ દરરોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચજે. બધું દુઃખ સહન કરજે; પણ તુચ્છ સુખમાં તણાઈ જતી નહીં."

એમ કહીને મા તેના વાળ બાંધતાં બાંધતાં કહેવા લાગી: "બેટા, લાવ, તારા વાળ સીધા બાંધી આપું; જેથી કોઈ સારા ધાર્મિક માણસને તને વેચાતી લેવાનું મન થાય."

એમેલિન તો શૂન્યમનસ્ક જેવી થઈને બધું સાંભળ્યા જ કરતી હતી. તેનું હૈયું ધડક ધડક થયા કરતું હતું.

એવામાં ગુલામોનો માલિક ફરીને ગુલામો તપાસવા આવ્યો. એમેલિનના વાળ સીધા બાંધેલા જોઈને તે તડૂકી ઊઠ્યો: "એય, તેં તારી છોકરીના વાળ આવા કેવા બાંધ્યા? સાવ ડોકરી જેવી લાગે છે! ચાલ જોઉં, એના વાળ છૂટા અને ગુચ્છાવાળા દેખાય એમ બાંધી આપ. એના વાળની શોભાના જ મને સોબસો રૂપિયા વધારે ઊપજશે. મારે કંઈ ઘર વેચીને વેપાર નથી કરવો, સમજી કે?"

સુસાન બિચારી પોતાની દીકરીના વાળ ફરીને ઓળવા બેસી ગઈ. તે રડતી રડતી બોલી: "હે ભગવાન, તું અમારી તરફ ક્યારે જોશે?"

ત્યાં તો થોડી વારમાં જ લિલામની શરૂઆત થઈ. વેપારીઓ આવી આવીને ગુલામોને તપાસવા લાગ્યા. ઠીંગણો અને ક્રૂર દેખાવનો એક વેપારી ટોમ ભણી આવ્યો. તેણે ટોમના મોંમાં હાથ નાખીને બધા દાંત સાબૂત છે કે નહીં એ જોઈ લીધા. પછી તેનું બદન કઢાવી નંખાવી તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરનો બાંધો તપાસ્યો. તેના પગ મજબૂત છે કે નહીં એ જોવા તેને કૂદકા મારવા કહ્યું. ટોમે આ બધું શાંત ચિત્તે કર્યું.

ટોમ આજુબાજુ ભેગા થયેલા વેપારીઓ તરફ જોવા લાગ્યો. પણ તેને સેંટ ક્લેર જેવો પ્રેમાળ માલિક ક્યાંયે દેખાયો નહીં! કોઈના મોં પર ક્રોધનાં ચિહ્નો દેખાતાં હતાં; કોઈ મગરૂર લાગતો હતો તો કોઈ વિષયાસક્ત દેખાતો હતો. પ્રેમ કે કરુણા ક્યાંય જણાતાં જ ન હતાં!

પછી પેલો વેપારી ટોમ પાસેથી ખસીને સ્ત્રીઓ ભણી વળ્યો. એમેલિનને જોઈને તેનું મોં મલકાઈ ઊઠ્યું. તેણે એમેલિનને પોતાના તરફ ઘસડી. પછી તેના અંગપ્રત્યંગ પર નિર્લજ્જ રીતે હાથ ફેરવીને એ તેને તપાસવા લાગ્યો. એમેલિન તો આવા પિશાચ જેવા કદરૂપા માણસને પોતાના શરીરને મન ફાવે તેમ સ્પર્શ કરતો જોઈને ધ્રૂજી જ ઊઠી! તેની મા પણ કલ્પાંત કરવા લાગી. પણ શું થાય?

છેવટે લિલામ શરૂ થયું. ટોમના સાથીદારો એક પછી એક વેચાઈ ગયા. ટોમને પેલા ક્રૂર દેખાતા માણસે ખરીદી લીધો.

પછી સ્ત્રીઓનું લિલામ શરૂ થયું. સુસાનને એક ભલા દેખાતા માણસે ખરીદી લીધી. સુસાન પછી એમેલિનનો વારો આવ્યો. સુસાને એના નવા માલિકને કરગરીને અરજ કરી: "મારા સાહેબ, તમને બે હાથ જોડીને પગે પડું છું. મારી બાળકીને તમે જ ખરીદી લેજો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



નવા માલિકે કહ્યું: "તારી વાત હું ધ્યાનમાં લઈશ. પણ મારી પાસે વધારે પૈસા નથી. જો તેની કિંમત વધારે હશે તો હું લાચાર છું."

બાપડી એમેલિનનું સુંદર શરીર ઘણા વેપારીઓને લલચાવતું હતું. આવો સારો માલ જતો કરવા કોણ તૈયાર થાય? એટલે ભાવમાં ચડસાચડસી થવા લાગી. ટોમને ખરીદનારો સાયમન લેગ્રી બહુ વિષયલોલુપ હતો. તેની ભુખાળવી નજર એમેલિનમાં ખૂંપી ગઈ હતી. આખરે તેણે ભારે કિંમત આપીને એમેલિનને ખરીદી લીધી. માનું હૃદય આ જોઈને ચિરાઈ ગયું. પણ શું કરે? બધાં કલપાંત કરતાં કરતાં માંડ માંડ છૂટાં પડ્યાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

સેતાન સમો લેગ્રી

ટૉમ અને એમેલિન ઉપરાંત લેગ્રીએ બીજાં છએક ગુલામોને ખરીદ્યાં હતાં. એ બધાંને લઈને તે સ્ટીમરમાં બેઠો. ટૉમને પણ બીજાં ગુલામોની પેઠે હાથેપગે તેણે બેડી પહેરાવી હતી. ટૉમ આ નવી આફતથી અકળાતો નહોતો. પણ તે ભૂતકાળને યાદ કરી મનમાં ઊંડું દુઃખ અનુભવતો હતો. ઇવા અને સેંટ ક્લેર તેને ખૂબ યાદ આવતાં હતાં. વળી સેંટ ક્લેરે એને વચન આપ્યું હતું કે, થોડા વખતમાં જ તેને મુક્ત કરવામાં આવશે અને તે તેના કુટુંબ પાસે જઈ શકશે. ત્યાં તો ભગવાને કંઈક એવું કર્યું કે, કુટુંબને મળવાની વાત તો બાજુએ રહી અને ઊલટું તેને કારમી ગુલામી સહન કરવાનો વારો આવ્યો! આ બધું યાદ આવતાં તે મનમાં ખેદ પામતો હતો. પણ સાથે સાથે ભગવાન જે કરે છે તે સારા માટે જ કરે છે, એનું સ્મરણ કરીને તે આશ્વાસન મેળવતો હતો.

થોડી વાર પછી લેગ્રી ટૉમ પાસે આવ્યો અને તેણે ટૉમને એનાં સારાં કપડાં ઉતારી નાખવા કહ્યું. ટૉમની પેટી ઉઘાડીને એમાંનાં સાવ ફાટેલાં કપડાં કાઢીને એ પહેરવા માટે લેગ્રીએ તેને આપ્યાં અને કહ્યું : "તું ગુલામ છે. તને વળી સારાં કપડાં કેવાં? અલ્યા, આ એક જોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરાંત તને બીજી એક જોડી કપડાં આપવામાં આવશે. એ તારે એક વરસ ચલાવવાં પડશે. એક વરસ સુધી તને બીજાં કપડાં મળશે નહીં, સમજ્યો કે?"

લેગ્રી ટોમની પેટીમાંથી બધાં કપડાં વગેરે કાઢીને ફેંદવા લાગ્યો. તેના હાથમાં ભજનની એક ચોપડી આવી ગઈ. એ જોઈને તે તડૂકી ઊઠ્યો: "એય, તું તો મોટો ભગત માણસ લાગે છે! પણ સાંભળ, મારે ત્યાં આવા ઢોંગધતૂરા ચાલશે નહીં. ભજનબજન ગાવા બેઠો છે ને, તો તારો બરડો જ રંગાઈ જશે. ભગવાનની વાત મારે ત્યાં નહીં! મારે તો કામ જોઈએ કામ." એમ કહીને તેણે ભજનની ચોપડી પાણીમાં નાખી દીધી.

આ જોઈને ટોમે દુઃખ સાથે હાશ અનુભવી. કારણ કે તેણે ખૂબ સિફ્તથી બાઇબલને પોતે પહેરેલા પહેરણની અંદર કચારનું સરકાવી દીધું હતું, નહીં તો એ પણ તેના હાથમાંથી ચાલ્યું જાત!

લેગ્રી ત્યાર બાદ પોતાનાં બધાં ગુલામોને ભેગાં કરીને ત્રાડ પાડીને બોલ્યો: "તમે બધાં એક વાર મારા મોં સામું બરાબર જોઈ લો. મારી આંખો જુઓ. મારા હાથનો આ મુક્કો જુઓ. મારી સાથે સીધી રીતે વર્તજો. નહીં તો હું તમને જેર કર્યા વિના રહીશ નહીં. દયાની વાત મારી આગળ નહીં ચાલે, સમજ્યાં કે?"

પછી તે એમેલિન પાસે ગયો. તેના વાળનાં ગૂંછળાંમાં હાથ ફેરવતો તે બોલ્યો: "તું જરાયે ગભરાતી નહીં. તને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હું મારી સાથે જ રાખીશ. તારું મને બહુ કામ છે.” એમ કહીને તે એમેલિન તરફ એવી લાલસાભરી નજરે જોવા લાગ્યો કે, એમેલિન બિચારી થથરી જ ઊઠી અને એની સાથે સાંકળે બાંધેલી આધેડ વયની એક ગુલામ બાઈ લુસીને તે વળગી પડી. લેગ્રી આથી ચિડાઈને બોલ્યો : “મારી સાથે આવું વર્તન ચાલશે નહીં. તારે મારી સાથે હસીને વાત કરવી પડશે અને હું જે કહું એ માનવું પડશે, સમજી કે?”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું કહીને લેગ્રી સ્ટીમર પર આંટા મારવા લાગ્યો. ત્યાં એક માણસે લેગ્રીને પૂછ્યું : "તમે તમારા ગુલામોને બહુ ધાકમાં રાખો છો, એનું કારણ શું?"

લેગ્રી બોલ્યો : "અરે ભાઈસાહેબ, તે વિના એ હરામખોરો માથે ચડી જાય. હું તો તેમને ફટકારી ફટકારીને સીધાદોર કરી દઉં છું. જરા મારા આ હાથ તો જુઓ! એ લોકોને મારી મારીને એ પણ લોખંડી બની ગયા છે."

પેલા માણસે કટાક્ષમાં કહ્યું : "તમારો દેખાવ પણ એવો જ છે! તમે આ વખતે સારો માલ ખરીદ્યો લાગે છે."

લેગ્રી — "હા, ઠીક છે. ટૉમના મારે જરા વધારે પૈસા આપવા પડ્યા છે. પણ તે ખેતરમાં ઠીક કામ આપશે. એ સાધુડા જેવો છે ખરો. પણ થોડા દિવસમાં એનું એ બધું હું ભુલાવી દઈશ. પેલી ડોકરી સસ્તામાં મળી છે. પણ એ માંદલી જેવી લાગે છે. મારે ત્યાં બહુ દિવસ કાઢે એમ લાગતું નથી. એટલે એની પાસે થોડા દિવસ સખત કામ લઈને મારા પૈસા હું વસૂલ કરી લઈશ. બીજા માલિકો કોઈ ગુલામ બીમાર પડે તો તેની પાસે કામ કરાવતા નથી અને તેનાં દવાદારૂ સુધ્ધાં કરે છે. પણ આપણે એવી દયામાં માનતા નથી. ગુલામ માંદો હોય કે સાજો હોય, એને સોંપેલું કામ એણે કરવું જ જોઈએ. થોડું થોડું કામ કરી વધારે વખત ગુલામ જીવે અને ગજા ઉપરાંતનું કામ કરી તે થોડો વખત જીવે, એ બંને આપણે માટે સરખું જ છે. તો પછી એ લોકોને જિવાડવા નકામો પ્રયત્ન શા માટે કરવો? એક ગુલામ મરે તો એની ખોટ પૂરી પાડવા બીજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલામ મળતાં કેટલી વાર? માટે મારો તો નિયમ જ છે કે, ગુલામ પાસેથી થોડા વખતમાં પૂરેપૂરો બદલો મેળવી લેવો."

આ સાંભળીને પેલા માણસે કહ્યું: "તો પછી તમારે ત્યાં ગુલામો બહુ જીવતાં નહીં હોય!"

લેગ્રી — "જુવાન ગુલામ બહુ બહુ તો છ સાત વર્ષ કાઢે. ચાલીસથી વધારે હોય તો બે ત્રણ વર્ષ કામ આપે. એટલા વખતમાં હું પણ એમનો બરાબર કસ કાઢી લઉં છું. હજી સુધી મને એમાં ખોટ ગઈ હોય એમ લાગતું નથી. મારી ધાકથી ગુલામો પણ મારી સાથે સીધો વર્તાવ કરે છે. એટલે મારે તો લીલાલહેર છે."

એવામાં લેગ્રીને ઊતરવાનું સ્થળ આવી પહોંચ્યું. એટલે તે ગુલામોને લઈને કિનારે ઊતર્યો. લેગ્રી કિનારે ઊભેલી પોતાની ગાડીમાં બેઠો. તેણે એમેલિન અને લુસીને પણ ગાડીના પાછળના ભાગમાં બેસાડ્યાં. બીજા ગુલામોને સાંકળે બાંધી દીધા અને તેમને ગાડીની પાછળ પાછળ ચાલવા તેણે હુકમ કર્યો.

સાવ નિર્જન અને ઉજ્જડ રસ્તા ઉપરથી એ બધાં પસાર થતાં હતાં. લેગ્રી ગાડીમાં દારૂ પીવા લાગ્યો. નશામાં ચકચૂર બનીને તે બરાડી ઊઠ્યો: "અલ્યાઓ, તમે મૂંગા મૂંગા શું ચાલી રહ્યા છો? હસો, નાચો, ગાઓ!" એમ કહી તેણે ટોમને ચાબુકનો ફટકો મારી હુકમ કર્યો: "અલ્યા, એક મજાનું ગીત ગા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોમ ગીતને બદલે ધીમે સાદે ભજન ગાવા લાગ્યો. એ સાંભળી લેગ્રી ચિડાયો અને ટોમને ચાબુકે ચાબુકે ફટકારતાં બોલ્યો : "હરામખોર, તારા પ્રભુને નાખ ખાડામાં! મારે એનું કામ નથી. કોઈ ફાંકડું ગીત ગા."

લેગ્રીને સામે લેવા આવનાર એક ગુલામ નોકર હસતો હસતો બોલ્યો : "શેઠસાહેબ, એને પલોટતાં થોડી વાર લાગશે. હું જ એક મજાનું ગીત ઉપાડું." એમ કહીને તે ગુલામ મસ્તીમાં આવી ગીત લલકારવા લાગ્યો. લેગ્રી પણ એની સાથે મોટેથી કર્કશ અવાજે ગાવા લાગ્યો.

ગાતો ગાતો તે એમેલિન પાસે ગયો. તેના ખભા પર હાથ મૂકી તે મલકાતો મલકાતો બોલ્યો : "અરે, તું કેમ આવી સૂનમૂન જેવી બેઠી છે? લે, જરા આ પ્યાલી પી. પછી તને પણ મારી સાથે મસ્તી કરવાનું મન થશે."

એમેલિન બાપડી થરથર કંપવા લાગી અને પેલી બાઈની ગોદમાં મોં સંતાડીને લપાઈ ગઈ. આ જોઈને લેગ્રી એને પોતાની તરફ વરુની માફક ખેંચીને બોલ્યો : "આમ રિસામણાં-મનામણાં કર્યાં સુધી ચાલશે? જો તું મારું માનશે તો તને સારાં સારાં કપડાં અને ઘરેણાં પહેરવા મળશે; મારા ઘરમાં તું રાણીની માફક રહી શકશે. માટે ઝટ ઝટ સમજી જા."

આમ તે એમેલિનને પજવતો હતો, એવામાં તેનું મકાન આવી ગયું. ગાડીનો અવાજ સાંભળીને શિકારી કૂતરાં ભસતાં ભસતાં બહાર દોડી આવ્યાં અને સાંકળે બાંધેલા ગુલામો પર ધસી ગયાં. પણ એટલામાં મકાનમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે ગુલામ નોકરો દોડતા દોડતા આવ્યા અને કૂતરાંઓને પાછા વાળવા લાગ્યા.

લેગ્રી આ જોઈને ટોમ વગેરે નવા ગુલામોને મોટે સાદે કહેવા લાગ્યો : "અલ્યાઓ, મારાં આ કૂતરાંઓને પણ બરાબર જોઈ લો. તમારામાંથી કોઈ પણ ગુલામ અહીંથી નાસી જવાનો પ્રયત્ન કરશે, તો આ કૂતરાંઓ તેને ગમે ત્યાંથી શોધી કાઢીને ફાડી જ ખાશે, સમજ્યા કે?"

લેગ્રીએ પેલા બે ગુલામોને ખેતરના કામકાજ અંગે પૂછપરછ કરીને એમાંના એક જણને કહ્યું : "કુઈમ્બો, આ નવા ગુલામોને પેલાં જૂનાં બોરડાંમાં ઉતારો આપ."

પછી પેલા બીજા ગુલામ તરફ ફરીને તે બોલ્યો : "સેંમ્બો, તને ઘણા વખતથી કોઈ સ્ત્રીની જરૂર હતી ને? આ લુસીને તું તારે ત્યાં લઈ જા અને મજા કર."

આ સાંભળીને લુસી બિચારી ધ્રૂજતાં ધ્રૂજતાં બોલી : "શેઠસાહેબ, મારા પતિ દેશમાં જીવતા છે અને મને બાળકો પણ છે. માટે મને કોઈને સોંપશો નહીં! તમને પગે પડું છું."

લેગ્રી ક્રૂર રીતે હસીને બોલ્યો : "એમાં અમારે શું લાગેવળગે? તું મારી માલિકીની વસ્તુ છે. માટે મારી વાતમાં દખલગીરી નહીં ચાલે. ડાહી થઈને એની સાથે લહેરમાં રહે." એમ કહીને તેણે લુસીને સેંમ્બો તરફ ધકેલી અને રાક્ષસ જેવો સેંમ્બો લુસીને ઘસડીને ચાલતો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એમેલિનનો હાથ પકડી લેગ્રી તેને ખેંચતો ખેંચતો પોતાના મકાન તરફ ચાલવા લાગ્યો.

આ બંને નિરાધાર નારીઓનું કરુણ આક્રંદ સાંભળીને ટોમનું હૃદય દ્રવી ઊઠ્યું. તેની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. તે આકાશ ભણી જોઈ ભગવાનને પ્રાર્થના કરતો બોલ્યો : "ભગવાન, અમ ગરીબની લાજ તારા હાથમાં જ છે."

ત્યાં તો કુઇમ્બો ટોમ વગેરેને હડસેલતો બોરડાં ભણી દોરવા લાગ્યો. અસહાય ટોમ ભારે પગે બોરડાં તરફ ચાલ્યો. એ બાપડો બીજું શું કરી શકે ?

૨૬

નરકયાતના !

સાંજની વેળાએ ટોમ પોતાના અંધારા અને ભેજવાળા બોરડાની પાસે ભગવાનને યાદ કરતો બેઠો હતો. એવામાં ખેતરેથી કામ કરીને પાછાં ફરતાં ગુલામ સ્ત્રી-પુરુષોની લંગાર આવતી તેણે જોઈ. બાપડાં ગુલામો આખો દિવસ કપરી મજૂરી કરીને સાવ લોથપોથ થઈ ગયાં હતાં.

કોઈના પણ મોં પર આશા કે આનંદની એક આછી રેખા સુધ્ધાં દેખાતી ન હતી. મરેલાં ઢોર જેવાં નીચે મસ્તકે તેઓ માંડ માંડ પગલાં ભરતાં હતાં. કેટલાય દિવસના ભૂખમરાથી જાણે પીડાતાં હોય એવાં તેઓ જણાતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. દરેકના મુખ પર ચિંતાની ઘેરી છાયા દેખાતી હતી કે, આ નરકાગારમાંથી અમારો કદી છુટકારો થશે કે નહીં?

પોતપોતાના ખોરડા પાસે આવીને તેઓ ઊભાં રહ્યાં; એટલે લેગ્રીના એક ગુલામ નોકરે આવીને દરેકને એક એક વાટકી ઘઉં આપ્યા. ટોમને પણ તેણે ઘઉં આપીને કહ્યું: "અલ્યા, આ ઘઉં લે અને ઘંટીએ દળીને એના રોટલા કરી ખા."

લેગ્રીના ગુલામ નોકરો પણ લેગ્રીની સાથે રહીને એના જેવા જ નિર્દય બની ગયા હતા અને પોતાનાં જ ગુલામ ભાઈબહેનોની સાથે અમાનુષી વર્તાવ કરી લેગ્રીને ખુશ કરવા સદા પ્રયત્ન કરતા હતા!

માણસોની સંખ્યાના પ્રમાણમાં ઘંટીઓ ઘણી ઓછી હતી. તેથી દળવા માટે પડાપડી થવા લાગી. બળવાન ગુલામો નબળા અને માંદલા ગુલામોને ધક્કો મારી પોતે દળવા બેસી જતા હતા. સ્ત્રીઓમાં પણ પડાપડી થતી હતી. ભૂખ, તરસ, અપમાન, માર અને અત્યાચારથી ત્રાસી ગયેલાં એ બાપડાં ગુલામો પણ એકબીજા પ્રત્યેની સહાનુભૂતિ અને લાગણી ગુમાવી બેઠાં હતાં!

સેઝર તો બાઈબિપૂસીને બિચારી લુસીની પાછળ પડ્યો હતો. તે પોતાના ઘઉં લઈને લુસી પાસે આવ્યો અને માલિકીપણાનો પોતાનો દાવો રજૂ કરતો હોય એમ બોલ્યો: "એય, મારા ઘઉં પણ દળી નાખજે. તું મારી ઘરવાળી છે ને? આજે તારા હાથના ગરમ ગરમ રોટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચખાડજે. તું આવી છે, એટલે હવે મને એટલી નિરાંત રહેશે."

લુસી તો રાક્ષસ જેવા સૅમ્બોનાં આવાં મલિન વચનો સાંભળીને છળી ઊઠી. તે ત્રાસભર્યા અવાજે બોલી: "ખબરદાર, આવી રીતે મારી સાથે વાત કરી છે તો! તને ભગવાનનો ડર છે કે નહીં? મૂઆ, પરાઈ ઓરતને આમ પજવતાં તને લાજ નથી આવતી?"

સૅમ્બો ખીખી હસતો હસતો નફટાઈથી બોલ્યો: "ઓહો, તારો મિજાજ તો ભારે છે ને! પણ એય વાંઢરી, સાંભળ, હવે પછી તેં મારી સાથે આવી આડી વાત કરી છેને તો ચાબુકે ચાબુકે ફટકારી કાઢીશ, સમજી કે? મૂરખી, વગર મોતે શું કામ મરવા માગે છે?"

લુસી — "અરે, કાલે મારી નાખવી હોય તો આજે જ મારી નાખને! તારા જેવા સેતાનના હાથમાંથી જલદી છુટકારો થાય એ જ હું તો ભગવાન પાસે માગું છું."

એ સાંભળીને સૅમ્બો તેને ફટકારવા ધસ્યો. પરંતુ બાજુમાં ઊભા ઊભા આ તમાશો જોતા કુઇમ્બોએ સૅમ્બોને અટકાવી કહ્યું: "અલ્યા, તું લુસીને માર મારીને શેઠનું નુકસાન કરવા માગે છે કે? આજે શેઠને બધી વાત ન કહી દઉં તો મારું નામ કુઇમ્બો નહીં."

સૅમ્બો એટલા જ તુચ્છકારથી બોલ્યો: "હવે બેસ, બેસ! નકામી શેખી ન કર. તું પેલી ચારપાંચ ગુલામડીઓને ધક્કો મારીને તારા ઘઉં દળવા બેસી ગયો હતો, ત્યારે તારું ડહાપણ કયાં ચરવા ગયું હતું? શેઠે જ લુસીને મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોંપી છે. હું એની સાથે મન ફાવે તેમ વર્તીશ. એમાં તારા બાપનું શું જાય છે?"

ટૉમ આ બધું જોઈને મનમાં ખૂબ દુઃખી થયો. લુસી બિચારી મરવા જેવી તો હતી જ; એમાં આ નરાધમ એને પજવવામાં પાછી પાની કરતો ન હતો. હજી તો એ બાપડીની કોણ જાણે કેટલીય પજવણી થવાની બાકી હશે! હે ભગવાન!

મધરાત પછી ઘંટી બાલી પડી, એટલે ટૉમ પોતાના ઘઉં દળવા ઊઠ્યો. ત્યાં તેણે અંધારામાં બે ગુલામ સ્ત્રીઓને એક ઘંટી પાસે બેઠેલી જોઈ. તે બીમાર જેવી લાગતી હતી અને દુઃખની વેદનાથી કણસતી હતી. ટૉમે તેમની પાસે જઈને પ્રેમાળ અવાજે કહ્યું: "બહેનો, તમે બીમાર લાગો છો. લાવો, હું તમારા ઘઉં દળી આપું."

ગુલામ સ્ત્રીઓએ આવા દયાના બોલ અહીં પહેલી વાર જ સાંભળ્યા. અપમાન, તુચ્છકાર અને કનડગત સિવાય અહીં સ્ત્રીઓ માટે બીજું હતું જ નહીં! એટલે તેમણે આશ્ચર્ય પામી ટૉમ ભણી જોયું. ટૉમ તેમને ફિરસ્તા જેવો જ લાગ્યો.

ટૉમે તેમના ઘઉં લઈને દળી આપ્યા. પછી પોતાના ઘઉં પણ દળ્યા. પેલી બાઈઓએ પણ એના બદલામાં ટૉમને માટે રોટલા ઘડી આપવાનું માગી લીધું.

જ્યારે એ દુઃખી સ્ત્રીઓ ધીમે ધીમે રોટલા બનાવતી હતી, ત્યારે ટૉમ તાપણાને અજવાળે બાઇબલ વાંચવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠો. એ જોઈને એક બાઈએ પૂછ્યું: "ભાઈ, તમે શું વાંચો છો?"

ટોમ બોલ્યો: "આ આપણું ધર્મ-પુસ્તક બાઇબલ છે. એમાં ભગવાનનાં વચનો વાંચીને મને ખૂબ શાંતિ અને આનંદ મળે છે."

એ સાંભળીને એ બાઈ બોલી: "ભાઈ, અહીં આવ્યા પછી પહેલી જ વાર મેં બાઇબલનું નામ સાંભળ્યું! અહીં ભગવાનને દેશવટો આપવામાં આવ્યો છે. ભગવાનનું નામ સાંભળતાં વેંત લેગ્રી અને તેના મળતિયાઓ છળી ઊઠે છે. ભાઈ, તમે સંભાળજો. એ રાક્ષસો તમનેય ઘડીભર સુખેથી જંપવા દેશે નહીં!"

ટોમ શાંતિથી બોલ્યો: "મારાં બહેન, ભગવાનમાં મને ખૂબ વિશ્વાસ છે. તે પોતાનાં નિરાધાર બાળકોને કદી છોડતો નથી. એ તો આપણી વચ્ચે આવીને સદા રહેલો જ છે."

એટલે બીજી બાઈ જરા ઉશ્કેરાઈને બોલી: "એ ભગવાન ક્યાં બેઠો છે એ મને જરા કહેશો? એની પાસે ગયા વિના અહીંની નરકયાતનામાંથી મારો છુટકારો થાય એમ લાગતું નથી! લેગ્રીના સેતાન જેવા નોકરો મને નાહક પજવ્યા કરે છે અને માર માર્યા કરે છે. અમે બાઈ માણસ શું કરી શકીએ? અમારું કોઈ બેલી નથી! એક પણ દિવસ મધરાત પહેલાં હું ખાવાનું પામી નથી. બાઈને માંડ માંડ સૂઉં, એટલામાં તો પરોઢિયું થઈ જાય છે અને ખેતરે પરાણે જવું પડે છે. આવો ત્રાસ હે ભગવાન,

લો.–૧૦-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારે કયાં સુધી સહન કર્યા કરવો? ભગવાને અમને સ્ત્રી શા માટે ઘડી હશે? આવા નરાધમોની ભૂખ સંતોષવા માટે જ કે? ભાઈ, ભગવાન કયાં છે એની મને ખબર પડે તો એનાં ચરણ આગળ છાતી કૂટી કૂટીને, માથું પટકી પટકીને, પોશ પોશ રડીને મારા કારમા દુઃખની એને બધી જ વાતો કહું. હે ભગવાન, હવે મારાથી આ દુઃખ સહન થતું નથી!"

ટોમ — "બહેન, ધીરજ રાખ. ભગવાન બધું જુએ છે. તે આપણને આ દુઃખમાંથી જરૂર છોડાવશે."

એ સાંભળીને પેલી બાઈ હાંફતી હાંફતી ઉશ્કેરાટમાં બોલી: "ભાઈ, એવું સાંભળીને તો હવે હું થાકી ગઈ છું. ભગવાન પર વિશ્વાસ રાખી રાખીને પણ હું ત્રાસી ગઈ! અમારી ધીરજની પણ હદ હોય કે નહીં? ભગવાન જો અમ ગરીબનું, નિરાધારનું સાંભળતો હોત તો આવી યાતનામાંથી તેણે અમારા જેવી રાંક અબળાઓને કયારની ઉગારી લીધી હોત. પણ એ ભગવાન આપણું કશું સાંભળતો જ નથી. મેં માથું પટકી પટકીને કેટલીય વાર ભગવાનને કારમા દુઃખ અને અત્યાચારમાંથી બચાવવા કરગરીને આજીજી કરી છે; પણ આ અભાગણીને બચાવવા ગરીબનો બેલી કહેવાતો એ ભગવાન નવરો જ નથી પડતો! મને તો હવે લાગે છે કે, આપણો ભગવાન છે જ નહીં. અને મને ગળા સુધી ખાતરી છે કે, આ નરક જેવી જગ્યાએ તો ભગવાન નથી જ નથી! બસ, હવે હું થાકી ગઈ. ચાલો, આપણે આ પાપી પેટનો ખાડો પૂરી લઈએ અને જલદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલદી સૂઈ જઈએ. થોડી વારમાં જ સવાર થઈ જશે અને પાછા એ જ ગોઝારા ચક્કરમાં પિલાવાનું શરૂ થઈ જશે. હે મારા ભગવાન, તું જરા વધારે દયાળુ થા અને અમ નિરાધાર તરફ જો!"

પછી ત્રણે જણાંએ મૂંગાં મૂંગાં યંત્રવત્ જમી લીધું. જમવાનું પૂરું થતાં બંને સ્ત્રીઓ સૂવા માટે પોતાના ખોરડામાં જતી રહી.

પરંતુ ટૉમ કારમા ત્રાસથી અકળાઈ ઊઠેલી આવી દુઃખી બહેનોનો વિચાર કરતો અને તેમને ધીરજ તથા હિંમત આપવા ભગવાનને આર્દ્રપણે પ્રાર્થના કરતો ત્યાં ને ત્યાં ઘોર અંધારામાં બેસી રહ્યો.

૨૭

ટૉમની અડગતા

બીજે દિવસે વહેલી સવારે ટૉમ વગેરે નવા ગુલામોને પણ ખેતરે જવું પડ્યું. ખેતર પર લેગ્રીના ગુલામ સાગરીતોને ગુલામ સ્ત્રીપુરુષો પર બળજબરી કરતા જોઈને ટૉમે મનમાં નક્કી કર્યું કે, કોઈ પણ ભોગે પોતાને ભાગે સોંપેલું કામ તેણે પૂરું કરી જ નાખવું; જેથી દેખરેખ રાખનારા ગુલામોના ત્રાસમાંથી બચી જવાય.

એકબે દિવસમાં લેગ્રીએ જોયું કે, ટૉમ એને સોંપાયેલું કામ બરોબર કરે છે. તેથી તે ટૉમ પર વધારે ધ્યાન આપવા લાગ્યો. લેગ્રીએ એ પણ જોયું કે, જ્યારે તે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના ગુલામ સાગરીતો બીજાં ગુલામો પર ચાબુકના પ્રહાર કરતા અથવા તેમને મારતા, ત્યારે ટૉમ ખૂબ દુઃખી થઈ જતો. લેગ્રીને આ ગમતું નહીં. કારણ કે તેણે ટૉમને એટલા માટે જ ખરીદ્યો હતો કે, તે આ ગુલામોને જેર કરવામાં એને મદદગાર નીવડે. વધુમાં ટૉમ ધાર્મિક સ્વભાવનો હતો. આ કારણે લેગ્રી તેના પર ખૂબ દાઝે બળવા લાગ્યો. તેણે મનમાં ગાંઠ વાળી દીધી હતી કે, કોઈ પણ હિસાબે એનું ધાર્મિકપણું ભુલાવી દેવું જોઈએ અને એને પણ સૅમ્બો તથા કુઇમ્બો જેવો કઠોર હૃદયનો બનાવવો જોઈએ.

ચારેક દિવસ પછી ખેતર પર એક નવી જ બાઈ કામ કરવા આવી. તે ગુલામ જેવી દેખાતી ન હતી. તેનો હાવભાવ પણ ગુલામ સ્ત્રી જેવો ન હતો. ખેતરમાં જતી વખતે તે ટૉમની હારોહાર જ ચાલતી હતી. ટૉમને એ બાઈનો પરિચય ન હતો. પણ બીજા ગુલામો એને સારી પેઠે ઓળખતા હતા. એને કામ પર આવતી જોઈને ઘણા ગુલામો રાજી થવા લાગ્યા. એકે એને મહેણું મારતાં કહ્યું : "કેમ મેમસાહેબ, આખરે તમારે પણ અમારી સાથે વૈતરું કરવા આવવું પડ્યું ને? હવે તને ખબર પડશે. બહુ ફુલાઈ ગઈ હતી ને!"

બીજો હસતો હસતો બોલ્યો : "કેસી, બરાબર કામ કરજે, હાં કે? નહીં તો તારો બરડો રંગાઈ જશે. તને એક વાર પેલો સૅમ્બો ફટકારે, તો જોવાની અમને ખૂબ મજા પડશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કેટલાક ગુલામો નવી આવેલી બાઈ કેસીને ચીડવવા લાગ્યા. પણ કેસી તો તેમને ગણકાર્યા વિના ખેતરે જઈ કામ કરવા લાગી.

ટૉમની બાજુમાં લુસી કપાસ ચૂંટી રહી હતી. લુસી ખૂબ જ નબળી પડી ગયેલી હતી. આજે તો તેનાથી કામ પણ બરોબર થતું ન હતું! ટૉમને થયું, જો સાંજ સુધીમાં લુસીની ટોપલી ભરાઈ નહીં જાય, તો લેગ્રી એ બિચારીને ફટકાર્યા વિના રહેવાનો નથી. એટલે તેણે લુસીની ટોપલીમાં પોતે ચૂંટેલો કપાસ ઠલવી દીધો.

લુસી આ જોઈને બોલી: "અરે ભાઈ, તમે આ શું કરો છો? લેગ્રીના માણસો જોઈ જશે તો નાહક તમને માર પડશે."

એવામાં સૅમ્બો દોડતો દોડતો ત્યાં આવ્યો અને તેણે લુસીને જોરથી લાત મારીને જમીન પર ગબડાવી પાડી. પછી તે ટૉમને ચાબુકે ચાબુકે ફટકારતો બોલ્યો: "કેમ રે મોટા ધર્માત્મા, બહુ ચરબી ચડી ગઈ છે કે શું? તેં આ વાંદરીની ટોપલીમાં કપાસ કેમ નાખ્યો?"

લુસી જમીન પર બેભાન થઈ પડી હતી. એ જોઈને સૅમ્બોના હાથ નીચેના ગુલામ નોકરે કહ્યું: "આ લુચ્ચી ઢોંગ કરીને પડી રહી છે. હમણાં એને ઠેકાણે લાવું છું." એમ કહીને તેણે પોતાના કોટમાંથી ટાંકણી કાઢીને લુસીના કપાળ પર ખોસી દીધી! લુસી બાપડી ચીસ પાડીને બેઠી થઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૅમ્બોએ તેનું બાવડું પકડી જોરથી ઊભી કરીને તેને કહ્યું : " આ કંઈ તારા બાપનું ઘર નથી. અહીં તારા ઢોંગધતૂરા ચાલશે નહીં. ચાલ, કામ કરવા લાગી જા. "

લુસી બાપડી પાછી કપાસ ચૂંટવા મંડી પડી !

કેસી આ બધું જોયા કરતી હતી. તેણે જોયું કે, ટૉમને આટલો માર પડેલો હોવા છતાં તે મૂગે મોઢે ખૂબ ઝડપથી કામ કરવા મંડી પડયો હતો; અને જ્યારે જ્યારે લાગ મળતો ત્યારે ત્યારે તે છાનોમાનો લુસીની ટોપલીમાં કપાસ નાખી દેતો હતો. લુસી તેને વારે વારે ના પાડતી. પણ ટૉમ કહેતો : " મારી બહેન, તું એની ફિકર ન કર. તને સોંપાયેલું કામ જો તારાથી પૂરું નહીં થશે, તો તને માર પડશે. માટે જ હું તને મદદ કરું છું. બહેન, તારું દુઃખ મારાથી સહન થતું નથી. "

આ બધું જોઈને કેસીના મનમાં ટૉમ માટે માન ઊપજ્યું. તે ખૂબ ઝડપથી કામ કરતી હતી. એટલે સાંજ પહેલાં તેની ટોપલી ભરાવા આવી. આથી તેણે થોડો કપાસ ટૉમની ટોપલીમાં નાખી દીધો.

ગુલામો પર દેખરેખ રાખતા લેગ્રીના એક ગુલામ નોકરે આ જોયું; એટલે તે કેસી પાસે આવીને બોલ્યો : " કેસી, ટૉમની ટોપલીમાં કપાસ નાખતાં મેં તને જોઈ છે. શેઠસાહેબને હું આ બધું કહી દઈશ. પછી જોજે, તારી કેવી વલે થાય છે તે ! "

કેસી એ સાંભળીને તડૂકી ઊઠી : " હવે બસ, બસ, દોઢડાહ્યા ! હજી તારો એ શેઠ મારા હાથનું રમકડું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા એક જ બોલે તને શિકારી કૂતરાં પાસે પીંખી નંખાવું એમ છું. માટે તને તારો જીવ વહાલો હોય તો અહીંથી ચાલતી પકડ."

પેલો નોકર કેસીના આવા ભારે મિજાજથી નરમ બની જઈ વધારે કશી લપ્પનછપ્પન કર્યા વિના ત્યાંથી દૂર સરકી ગયો.

સાંજે ગુલામો કપાસ ભરેલી ટોપલી ઉપાડીને માપવાની જગ્યાએ જવા લાગ્યા. લેગ્રી ત્યાં ચાબુક લઈને પોતાના સાગરીતો સાથે વાતો કરતો બેઠો હતો. તે બોલ્યો: "પેલો પાજી ટોમ હજી મારા લાગમાં આવતો નથી! તે પોતાને બહુ મોટો ભગત કહેવડાવે છે. હું કોઈને મારતો હોઉં ત્યારે તે, મોટું દયાનું પૂતળું, ગળગળો થઈ જાય છે. એને ઠેકાણે લાવ્યા વિના હું રહેવાનો નથી."

કુઇમ્બો ખુશામત કરતો બોલ્યો: "અરે શેઠસાહેબ, એને ઠેકાણે લાવવો એ તો તમારા હાથની વાત છે. લાગ જોઈને એને ચાબુકે ચાબુકે એવો તો ફટકારો કે એ પાજીનું ભગતપણું કયાંનું કયાં નાસી જાય."

લેગ્રી — "એને ઠેકાણે લાવવાનો મને એક સરસ રસ્તો સૂઝ્યો છે. ગુલામડીઓને મારવાનું કામ એને સોંપવું જોઈએ. એ ના પાડે પછી એની વાત છે."

એવામાં સેમ્બોએ ત્યાં આવીને કહ્યું: "સાહેબ, લુસીએ આજે કશું કામ કર્યું નથી. અને પેલો ભગતડો ટોમ એની ટોપલીમાં વારંવાર કપાસ ચૂંટીને નાખતો હતો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંભળીને લેગ્રી બોલ્યો : "આ સરસ તક છે! શું ટોમ લુસીને કપાસ આપતો હતો? તો પછી ટોમને હાથે જ લુસીને ફટકાની સજા કરાવું."

એટલામાં ગુલામો એક પછી એક આવીને કપાસ જોખાવવા લાગ્યા. લુસીનો વારો આવતાં લેગ્રી તેના તરફ કરડી નજરે જોવા લાગ્યો. એના કપાસનું માપ બરાબર હતું, છતાં લેગ્રી મોટે અવાજે બોલ્યો : "કેમ રે, તેં આજે બહુ ઓછા કપાસ ચૂંટ્યો છે ને? આજે તને ફટકાર્યા વિના નહીં છોડું."

એટલું કહીને તે ટોમ તરફ વળ્યો અને બોલ્યો : "ટોમ, તેં આટલા દિવસ જોયું હશે કે, હું આ કામચોર લોકોને કઈ રીતે ફટકારું છું. મારે તને આ લોકોના ઉપરી તરીકે નીમવો છે. તારે આ લોકો સાથે કડકપણે વર્તવાનું છે. આજે જ તને એક કામ સોંપું છું : આ હરામજાદી લુસીને ચાબુક લઈ ફટકાર."

એ સાંભળીને ટોમ અદબથી બોલ્યો : "શેઠ સાહેબ, મને માફ કરો. હું કદી બાઈમાણસ પર હાથ ઉગામી નહીં શકું. તમે મહેનત-મજૂરીનું બીજું કોઈ પણ કામ મને સોંપશો, તો તે હું બરોબર કરીશ. પણ કોઈને મારવાનું કામ હું કદાપિ કરીશ નહીં. ભગવાનને ખાતર મને માફ કરો."

લેગ્રી તો આ સાંભળતાં છળી ઊઠ્યો. તે ક્રોધભર્યા અવાજે તેની પાસે જઈને બોલ્યો : "શું કહ્યું, કૂતરા? તું મને ના પાડનાર કોણ?" એમ કહીને તે ટોમને ચાબુકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચાબુકે ફટકારવા લાગ્યેા. તે એના મેાં પર જોરથી તમાચા મારવા લાગ્યેા. ટોમ બિચારેા અધમૂઆ જેવેા થઈ ગયેા. એટલે લેગ્રી પાછેા બેાલ્યેા : "બેાલ, હવે તૈયાર થાય છે કે નહીં ? આ હરામજાદીને ફટકાર, જોઉં !"

ટોમના મેાંમાંથી લેાહીની ધારા વહેતી હતી. તે વિનયપૂર્વક બેાલ્યેા : "સાહેબ, જોઈએ તેા મારા શરીરના કટકે કટકા કરી નાંખેા, છતાંય હું એ હીન કામ કદી કરીશ નહીં. રાંક બાઈમાણસ પર હાથ ઉગામવેા એના જેવું ભયંકર પાપ બીજું એકેય નથી. મારાથી એ પાપ કદી નહીં થાય. મને માફ કરેા."

આ સાંભળીને લેગ્રી મનમાં જરા શેહ પામ્યેા. પરંતુ બહારથી ટોમની મશ્કરી કરતેા બેાલ્યેા : "મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોસ્તો, સાંભળો. આપણા જેવા પાપીઓનો ઉદ્ધાર કરવા માટે આપણી વચ્ચે આ મોટો ધર્માત્મા આવ્યો છે. એના વગર અહીં બધે અંધારું હતું. એ મહાપુરુષ, અમે તારે શરણે છીએ. અમને પાપના નરકમાંથી બચાવ.” એટલું કહ્યા પછી તરત જ એના મોં પરના ભાવ બદલાઈ ગયા. તે મોટે સાદે બોલ્યો : “હરામખોર, મેં તારા શરીરને અને આત્માને મોટી કિંમત આપી ખરીદી લીધાં છે, એ શું તું નથી જાણતો ? હું કહું એ પ્રમાણે જ તારે કરવું પડશે. તારી ધાર્મિકતા અહીં નહીં ચાલે, સમજ્યો કે ?”

ટૉમ નમ્રતાપૂર્વક બોલ્યો : “સાહેબ, તમે મારા શરીરના માલિક છો, આત્માના નહીં. એનો તો એક ભગવાન જ માલિક છે. આ શરીર પર તમારો પૂરેપૂરો અધિકાર છે. એને તમારે જે કંઈ કરવું હોય એ કરો; મારા આત્માને તમે કશું કરી શકો એમ નથી.”

આ સાંભળીને લેગ્રી છળી ઊઠ્યો અને મોટેથી બરાડતો બોલ્યો : “કૂતરા, શું કહ્યું ? તારા આત્મા પર મારો અધિકાર નથી ? જોઉં છું, તું કેવો ઠેકાણે આવે છે તે !” એમ કહીને તેણે સૅમ્બો અને કુઇમ્બોને કહ્યું : “આ હરામખોરને એટલો તો ફટકારો કે એક મહિના સુધી તે બેઠો જ ન થાય.”

સૅમ્બો અને કુઇમ્બો તો એની જ રાહ જોઈને બેઠા હતા. તેઓ તરત જ ટૉમને ગોદામ તરફ ઘસડી ગયા અને વરુની માફક એના પર તૂટી પડ્યા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

કેસીની આપવીતી

મોડી રાતે એક અંધારા ખૂણામાં ટૉમ લોહીલોહાણ દશામાં દુઃખથી પીડા પામતો પડ્યો હતો. એવામાં ફાનસ લઈને કોઈ પોતાની પાસે આવતું તેને જણાયું. ટૉમ એને એકદમ ઓળખી શકયો નહીં, એટલે તે સુકાઈ ગયેલા અવાજે ધીમેથી બોલ્યો: "તમે કોણ છો? મને થોડું-પાણી પીવા આપશો? હું તરસથી મરી રહ્યો છું."

પેલી વ્યક્તિ પાસે આવીને બોલી: "ભાઈ ટૉમ, હું કેસી છું. તમને જોવા માટે આવી છું." એમ કહીને તેણે ટૉમને પાણી આપ્યું. ટૉમ બેત્રણ પ્યાલા પાણી પી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી પીને જરા નિરાંત વળતાં ટૉમ બોલ્યો: "બહેનબા, હું આપનો ખૂબ જ આભાર માનું છું."

એ સાંભળીને કેસી બોલી: "ભાઈ, હું કંઈ બહુ મોટી નથી. તમારામાંની જ એક અભાગણી ગુલામડી છું. કદાચ તમારા કરતાં પણ વધારે દુઃખી હોઈશ!"

પછી કેસીએ પોતાની સાથે આણેલી પથારી પર ભીની ચાદર પાથરીને ટૉમને કહ્યું: "ભાઈ, તમે ધીમે ધીમે ખસતા ખસતા આ પથારી પર સૂઈ જાઓ. એથી તમને રાહત મળશે."

ટૉમ ખૂબ મહેનતે ખસતો ખસતો પથારી પર સૂતો. કેસીએ એના લોહીલોહાણ માથા નીચે થોડું રૂ પાથર્યું; એથી ટૉમને થોડી રાહત મળી. પછી કેસીએ ટૉમના બધા ઘા ધોઈને એના પર મલમ લગાવ્યો.

ટૉમને એથી પીડા ખૂબ ઓછી થયેલી લાગી. તે ગદ્‌ગદ કંઠે બોલ્યો: "બહેન, હું આપનો ખૂબ જ આભારી છું."

કેસી બોલી: "ભાઈ, એમાં આભાર માનવા જેવું કશું નથી. હું પાંચ વરસથી આ રીતે ગુલામોની સેવા કરતી આવી છું. જ્યારે જ્યારે કોઈ ગુલામને માર મારવામાં આવે છે, ત્યારે ત્યારે હું છાનીમાની આવીને તેની યથા-શક્તિ સેવાચાકરી કરું છું. મારા જેવી અભાગિયણ પોતાના બંધુઓ માટે બીજું શું કરી શકે એમ છે!"

પછી થોડી વાર અટકીને કેસી બોલી: "ભાઈ, તમે આ નરાધમને ઓળખતા નથી. એ તમને મારી ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખે તો બસ છે. માટે તમે ડાહ્યા થઈને અહીંની સ્થિતિ પ્રમાણે ગોઠવાઈ જાઓ. તમે આજે બીજા ગુલામોને ફટકારવાની ના પાડી. પરંતુ તમે એ લોકોને સમજતા નથી. એ ગુલામો અહીં રહીને અને અહીંનો ત્રાસ વેઠી વેઠીને એટલા તો સ્વાર્થી, નિર્દય અને પશુ જેવા બની ગયા છે કે જો એમાંના કોઈને તમને ફટકારવાનો હુકમ લેગ્રી હમણાં આપે, તો તે ખુશીથી તમને ફટકાર્યા વિના રહે નહીં! માટે ગુલામો પર દયા બતાવવામાં સાર નથી."

ટોમ આ સાંભળીને બોલ્યો: "તો શું હું અહીં રહીને એ લોકો જેટલો જ નિર્દય બની જઈશ? હે ભગવાન, તું મારી સંભાળ લેજે. મને આ પાપમાંથી બચાવજે."

કેસી ઉશ્કેરાઈને બોલી: "તમારો એ ભગવાન અહીં કશું સાંભળવા આવે એમ નથી. તે આપણો છે જ નહીં! હું પણ પહેલાં ભગવાનમાં ખૂબ વિશ્વાસ રાખતી હતી. પણ મારી દુર્દશા જોઈને એ ભગવાન કદી મારી વહારે ધાયા નથી! ભગવાન તો આજે આપણા માલિકોના પક્ષનો થઈ ગયો છે. અરે, તમને ચાબુકે ચાબુકે ફટકારીને મારી નાખે, તમને પેલા ઝાડ નીચે લટકાવીને જીવતા બાળી મૂકે કે શિકારી કૂતરાંઓ પાસે ફાડી ખંખાવે તોયે એ નિષ્ઠુર માલિકને કોઈ સજા કરનાર કે પૂછનાર અહીં છે નહીં! માટે મારી તમને ભલામણ છે કે, આવું બધું ધાર્મિકપણું જરા બાજુએ મૂકી દઈને અહીંની પરિસ્થિતિ પ્રમાણે વર્તવા લાગો, તો તમે આટલા દુઃખી થશો નહીં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉમ ખૂબ ઊંડા વિચારમાં ડૂબી ગયેા. તે દુઃખી અવાજે બેાલ્યેા : "બહેન, તમે ધીરજ બેાઈ બેઠાં છેા. ભગવાનમાં અડગ શ્રદ્ધા રાખેા. એ આપણા પક્ષમાં જ છે. એ આપણને છેાડીને કચાંય જાય એમ નથી. દુઃખથી ત્રાસી જઈને અને સુખના પ્રલેાભનથી ખેંચાઈ જઈને આપણે સન્માર્ગ છેાડવેા નહીં જોઈએ. એક વાર પાપ કરવા લાગી જઈએ, પછી આપણું હૃદય પણ એવું જ પાપી બની જાય છે. પછી આપણે પાપમાં જ આપણું તેમ જ બીજાનું ભલું માનતા થઈ જઈએ છીએ. પાપમાર્ગે વળી ગયા પછી એ પાપમાંથી છૂટવું બહુ અઘરું છે. માટે મરવું પસંદ કરવું, પણ પાપના પ્રલેાભનમાં કદી પડવું નહીં."

ટૉમની આ વાત સાંભળીને કેસી વિમાસણમાં પડી ગઈ. તેને કંઈક સત્ય સમજાયું. તે રડી પડીને બેાલી ઊઠી : "ભાઈ, તમે સાચું કહ્યું. હું ખરેખર પાપી છું! મને આમાંથી બચાવેા!" પછી તે ડ્રૂસકે ડ્રૂસકે રડી પડી. રડતાં રડતાં તે પેાતાની દુઃખભરી આપવીતી કહેવા લાગી :

"નાનપણમાં હું ખૂબ લાડકેાડમાં ઊછરી હતી. મને સારું શિક્ષણ પણ આપવામાં આવ્યું હતું. હું નાની હતી ત્યારે મારા બાપુજીનું એકાએક અવસાન થયું. અવસાન પછી મિલકતનેા હિસાબ કાઢતાં બહુ મેાટું કરજ મારા બાપુજી પાછળ મૂકી ગયા હતા. એટલે મિલકતને વેચીને કરજ ચૂકવતાં પણ થેાડું દેવું બાકી રહ્યું. હું ગુલામડીને પેટે જન્મેલી હેાવાથી મારી પાલક માતાએ મને વેચવા માટે એક વકીલને સેાંપી દીધી. મને મારા પિતા ગુલામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલિકા તરીકે રાખતા ન હતા અને મને સ્વતંત્ર કરવા પણ ઇચ્છતા હતા. પણ તેઓ અકસ્માત્ ગુજરી ગયા, એટલે એ વાત બની શકી નહીં.

"વકીલે મને પોતાને ત્યાં રાખી. તે એક વાર એક જુવાન ગૃહસ્થને મારી પાસે લઈ આવ્યો. તે જુવાનને હું ગમતી હતી. એટલે તેણે મને વેચાતી લઈ જઈને પોતાને ત્યાં રાખી. પોતાની પત્ની તરીકે જ એ મને રાખતો હતો. કેટલાય નોકરચાકરો મારી સેવાચાકરીમાં હાજર રહેતા. હું એ જુવાનને ચાહવા લાગી હતી અને એ પણ મને ખૂબ ચાહતા હતા. એટલે મેં એક દિવસે એમને કહ્યું: 'તમે મારી સાથે લગ્ન કરીને મને તમારી કાયદેસરની પત્ની તરીકે રાખો તો સારું.'

"એ સાંભળીને તે કહે: 'તું મારી પત્નીની માફક જ હવે ઘરમાં રહે છે. લગ્નની હવે શી જરૂર છે? વળી મારાથી અમારા ધર્મ પ્રમાણે ગુલામ બાઈ સાથે લગ્ન ન થઈ શકે! પણ ભગવાનની સાક્ષીમાં આપણાં લગ્ન થઈ જ ગયાં છે. માટે તું સુખેથી રહે. આ ઘર તારું જ છે.'

"મને એમની વાતમાં વિશ્વાસ હતો. એટલે હું શાંત રહી. મને બે સંતાન થયાં. એક છોકરો અને છોકરી. આમ મારો ઘરસંસાર ખૂબ સુખી હતો.

"એવામાં એક દિવસ તેમના કાકાનો દીકરો અમારે ત્યાં આવ્યો. એને પહેલી વાર જોઈને જ મને કોણ જાણે કેમ બીક લાગી. તે એમને રોજ બહાર લઈ જતો. એ પણ તેની સાથે બેટે રસ્તે ચડી ગયા. થોડા વખતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ એ જુગારી બની ગયા અને દારૂની લતે ચડી ગયા. થોડા દિવસ પછી એ એક ગોરી બાઈ સાથે ફરવા જવા લાગ્યા. ભાઈ ટૉમ, મારી આપવીતી કહેતાં મારું દિલ ચિરાઈ જાય છે! અરેઅર, હું અભાગણી છું!

"પછી તો એમણે પેલી બાઈ સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. એમણે મને તેમ જ મારાં બે બાળકોને એમના કાકાના પેલા દીકરાને છાનાંમાનાં વેચી દીધાં અને એ મને છોડીને અને બધી માલમિલકત વેચી નાખીને પેલી બાઈ સાથે બીજે ચાલ્યા ગયા! જતી વખતે એમણે મને ખોટું ખોટું કહ્યું કે, 'હું થોડા વખત માટે ખાસ કામ અંગે બહાર જાઉં છું અને મારા કાકાના દીકરાને તમને સોંપી જાઉં છું.'

"બીજે દિવસે પેલા નરાધમે મારી પાસે આવીને વેચાણપત્ર બતાવીને મને કહ્યું કે, 'મેં તને અને તારાં બાળકોને વેચાતાં લઈ લીધાં છે. માટે હવે તારે મારા કહ્યા મુજબ રહેવાનું છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ સાંભળીને હું ધ્રૂજી જ ઊઠી. પછી તેણે મને કહ્યું: 'મારી સાથે તારે આનંદથી રહેવાનું છે અને મારી બધી ઇચ્છા પૂરી પાડવાની છે. જો તું મને વશ નહીં વર્તે, તો હું તારાં બાળકોને ખરાબ જગ્યાએ વેચી દઈશ.'

"આખરે મેં મારાં બાળકોની ખાતર એ નરપશુની ઇચ્છા પૂરી કરવા કમને કબૂલ્યું. તે મારું હીર બરોબર ચૂસતો હતો; પણ હું નિરાધાર લાચાર હતી!

"પરંતુ એ નરાધમે મને દગો દીધો. તેણે મારાં બંને બાળકોને છાની રીતે વેચી દીધાં! આ વાત જાણતાં હું ગાંડા જેવી બની ગઈ અને ભાન ગુમાવી બેઠી.

"જ્યારે હું ભાનમાં આવી, ત્યારે મેં જોયું કે, પેલો નરાધમ મને સારી કિંમતે વેચી નાખવા માટે એક દાક્તરને ત્યાં મૂકી ગયો હતો. દાક્તર મારી તબિયત સુધારવા તનતોડ પ્રયત્ન કરતો હતો. મને જીવવાની જરાયે ઇચ્છા ન હતી. ભગવાન પાસે હું રોજ મોત માગતી હતી. પણ ભગવાને હજી મને વધારે દુઃખ દેવાનું ઇચ્છ્યું હશે; એટલે હું પાછી ધીમે ધીમે સાજી થવા લાગી. મારી સુંદરતા પણ વધવા લાગી; અને ખરીદનારા માણસો મને જોવા કોઈ કોઈ વાર આવવા લાગ્યા.

"એક દિવસે એક સારા ગૃહસ્થે મને ખરીદી લીધી. તે મારી સાથે પ્રેમથી વર્તતો હતો. તેનાથી મને એક બાળક થયો. પણ મને થયું કે, મારા દીકરાને આવી કારમી ગુલામી સહન ન કરવી પડે તો સારું. આ દુનિયા અમારે માટે શાપરૂપ જ છે. એટલે તે જન્મ્યો કે તરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ મેં તેને અફીણ ઘોળીને પાઈ દીધું! બાળકના અવસાનથી મારું હૃદય ખૂબ રડી ઊઠ્યું; પણ મારી પાસે બીજો ઉપાય ન હતો!

"હજી મારા નસીબમાં દુઃખ ભોગવવાનું બાકી હશે; એટલે પેલો ગૃહસ્થ પણ મોટું કરજ મૂકી મરી ગયો. તેથી એક દિવસ નરાધમ લેગ્રીએ આવીને મને ખરીદી લીધી. હું પણ દુઃખથી ત્રાસીને અને સુખથી લોભાઈને એ સેતાનને વશ થઈને રહેવા લાગી! આજે અહીં મને પાંચેક વર્ષ થઈ ગયાં. તમારી સાથે પેલી એમેલિનને પણ લેગ્રી ખરીદી લાવ્યો છે. એટલે તેણે મારા પરથી ભાવ ઓછો કરી નાખ્યો છે. બાપડી એમેલિનને તે શું કરશે એ ભગવાન જાણે!"

આટલું કહીને કેસી ચૂપ થઈ ગઈ. તેની આંખમાંથી આંસુ વહેતાં જ હતાં.

કેસીની વાત સાંભળીને ટોમ ખૂબ દુઃખી થયો. તે ધીમે અવાજે બોલ્યો: "મારાં દુઃખી બહેન, ભગવાનમાં હજી વિશ્વાસ રાખજો. તે જરૂર સૌ સારાં વાનાં કરશે."

રાત બહુ વીતી ગયેલી હોવાથી કેસી પોતાના મુકામે જવા ઊઠી.

ટોમ પથારીમાં પડ્યો પડ્યો દુઃખી કેસીને જતી જોઈ રહ્યો. તે પ્રભુને પ્રાર્થના કરતો બોલ્યો: "હે ભગવાન, તું આવી બહેનોના શીલની રક્ષા કરવા ખાતર પણ ગુલામીને દૂર કર."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

ટૉમની સલાહ

બાપડી એમેલિનની સ્થિતિ કફોડી થઈ ગઈ હતી. લેગ્રી દારૂ પીને વારંવાર એને પજવવા આવતો હતો. પણ એમેલિન એને જરાયે નમતું આપતી ન હતી. તે આખો વખત ભગવાનને પ્રાર્થના કર્યા કરતી કે, 'હે પિતા, મને પાપમાં પડતી બચાવજે. મારી લાજ રાખજે, મારા પ્રભુ!'

એમેલિનના સારા નસીબે કેસી એને પોતાની દીકરીની માફક ચાહવા લાગી હતી. તેથી જ્યારે જ્યારે લેગ્રી એમેલિન પાસે જતો, ત્યારે ત્યારે કેસી અચૂક ત્યાં પહોંચી જતી. આથી લેગ્રી બહુ ફાવતો નહોતો. એમેલિન કેસીને પગે પડીને વારંવાર કહેતી કે, 'મા, કોઈ પણ હિસાબે આ નરકાગારમાંથી મારો છુટકારો કરો.'

કેસી તેને ધીરજ આપીને કહેતી: "બેટા એમેલિન, અહીંથી નાસી છૂટવું એ કંઈ બચ્ચાંના ખેલ નથી! લેગ્રીનાં શિકારી કૂતરાં આપણને ક્યાંયથી પણ પકડી પાડશે અને ફાડી ખાશે. તોયે તું ધીરજ રાખ. હું પણ એ જ પેરવીમાં છું."

* * *

બીજે દિવસે સવારે લેગ્રી ટૉમ પાસે ગયો. ગઈ કાલના માર્યથી તે ખૂબ અશક્ત થઈ ગયો હતો. લેગ્રી ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને ટૉમને જોરથી લાત મારીને બોલ્યો : "એય કૂતરા, હજી અહીં કેમ પડી રહ્યો છે? ચાલ, ઊઠ જોઉં?"

ટૉમથી ઉઠાતું નહોતું, તોયે જેમ તેમ કરતો તે ઊભો થયો.

લેગ્રી તેને ચાબુકનો ફટકો મારી બોલ્યો : "કેમ, હવે તો તારી ચરબી ઓછી થઈ કે નહીં? ચાલ, કાલે કરેલા ગુના બદલ મને પગે પડી મારી માફી માગ. હું તારા બધા ગુનાની માફી આપીશ."

ટૉમ અડગતાથી બોલ્યો : "સાહેબ, મેં આપનો કશો અપરાધ કર્યો નથી. આપ મને આવું અનીતિભર્યું કામ સોંપશો તો હું મારો પ્રાણ જાય તોયે કરીશ નહીં. બીજું કોઈ પણ કામ આપ મને સોંપશો, તો હું એ કરવા રાજી છું."

આ સાંભળીને લેગ્રી ઊકળી ઊઠ્યો : "એય સૂવર, હજી તને બરાબર માર પડ્યો હોય એમ લાગતું નથી. તને તો પેલા ઝાડ નીચે ટાંગીને શેકીશ, ત્યારે તું સીધો થઈશ." એમ કહીને તેણે ટૉમને જોરથી લાત મારી. ટૉમ બાપડો જમીન પર ગબડી પડ્યો!

* * *

આમ ને આમ ચારપાંચ દિવસ પસાર થઈ ગયા. એક દિવસ રાતની વેળાએ કેસી છાનીમાની ટૉમ પાસે આવીને હાંફળીફાંફળી બોલી : "ભાઈ ટૉમ, તમે આવો ત્રાસ કયાં સુધી સહન કરશો? એમેલિન પણ અકળાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ છે. છેવટે આજે એક તક મળી છે. લેગ્રી દારૂ પીને ચકચૂર પડ્યો છે. માટે તમે આ કુહાડી લઈને એ નરાધમને પૂરો કરો. એ કામ હું જ કરત; પણ મારા હાથમાં એટલું જોર નથી."

ટોમ આ સાંભળીને કાન પર હાથ દેતો બોલ્યો: "અરે બહેન, આવું આપણાથી કદી ન થાય. ભલેને, આખી દુનિયાનું રાજ મને મળતું હોય, તોયે હું આવું પાપકર્મ નહીં કરું."

કેસી અકળાઈને બોલી: "પણ આમાં પાપ જેવું શું છે? લેગ્રીને મારવાથી કેટલાંયે ગુલામોને મુક્તિ મળશે."

ટોમ — "બહેન, આવા નઠારા કર્મનું કદી સારું પરિણામ ન આવે. ભગવાનની ઇચ્છા હશે તો તે જ આપણને આમાંથી મુક્ત કરશે."

કેસી — "તો પછી હું પોતે જ એ કામ કરું છું. મારાથી ભગવાન પર ભરોસો રાખીને બેસી નહીં રહેવાય!"

ટોમ તેને અટકાવીને કરગરતો બોલ્યો: "મારી બહેન, ભગવાનને ખાતર આવું પાપ ન આચરો. આપણા શત્રુનું પણ ભલું ચાહીને તેના પર પ્રેમ રાખો. પ્રેમ જ શત્રુને સુધારશે. ભગવાન પણ એથી રાજી થશે. જ્યારે આપણે આપણું અહિત કરનારને પણ માફ કરીશું અને તેનું ભલું ચાહીશું, ત્યારે ભગવાન આપણી સંભાળ લીધા વિના કદી રહેશે જ નહીં. માટે બહેન, મારું માની જાઓ અને આવા દુષ્ટ કર્મથી દૂર રહો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉમની કરુણાભરી વાતો સાંભળીને કેસીનું હૃદય ભરાઈ આવ્યું. તે બોલી ઊઠી: "તમે ખરેખર પિતા જેવા જ છો! પિતા ટૉમ, હું આવું હવે કદી નહીં વિચારું. પણ મને એમેલિનની બહુ ફિકર થાય છે. એ બાપડીને પેલો નરાધમ અપવિત્ર કર્યા વિના રહેવાનો નથી. માટે હવે તમે જ સલાહ આપો કે, અમારે એ સારુ શું કરવું?"

ટૉમ — "બહેનબા, જો તમે અહીંથી નાસી શકતાં હો, તો નાસી જજો."

કેસી — "પિતા, તમે પણ અમારી સાથે આવશો કે?"

ટૉમ — "ના બહેન, હું એવું નહીં કરું! મને આમ કોઈને દગો દેવાનું નહીં ગમે."

કેસી — "તો તમને આ લોકો જંપવા દેશે નહીં!"

ટૉમ — "એ તો ભગવાનની જેવી મરજી."

કેસી — "તો પિતા ટૉમ, અમે બંને નાસી જવાનો પ્રયત્ન કરીશું. મને આશીર્વાદ આપો."

ટૉમ આકાશ ભણી જોઈને બોલ્યો: "ભગવાન તમને સહાય કરો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાસવાની તરકીબ

એક દિવસ કેસીને નાસવાનો ઉપાય સૂઝી આવ્યો. કેસી જે ઓરડામાં રહેતી હતી એના ઉત્તર તરફના એક ઓરડા નજીક ઘેાળે દિવસે પણ કેાઈ જવાની હિંમત કરતું ન હતું. એક વાર લેગ્રીએ એક ગુલામ બાઈને ખૂબ માર મારીને એ ઓરડામાં પૂરી દીધી હતી. ત્રણચાર દિવસ પછી ઉઘાડીને જોયું તેા તે બાપડી બેહાલ દશામાં મરી ગઈ હતી! ત્યારથી ત્યાંના સૌ લેાકેામાં એવેા ભય પેસી ગયેા હતેા કે, એ ઓરડામાં પેલી બાઈ ભૂત થઈને રહે છે.

કેસીએ એક દિવસે પેાતે ખૂબ ગભરાટમાં પડી ગઈ છે એવેા ઠાંગ કરીને પેાતાના ઘરનેા બધેા સામાન કાઢી નાખીને બીજા એક ઓરડામાં ગેાઠવવા માંડયેા.

થેાડી વાર પછી લેગ્રી આવીને આ જોઈ બેાલ્યેા: "કેસી, કેમ તું મને કહ્યા વિના તારેા સરસામાન બીજે બસેડે છે?"

કેસી ગભરાયેલી હેાય એમ બેાલી: "મને એ ઓરડામાં બીક લાગે છે! બેએક દિવસથી રાતે પેલા ઉત્તર તરફના ઓરડામાંથી કેાઈના રડવાનેા અવાજ આવ્યા કરે છે! તેથી મારાથી આ ઓરડામાં રહેવાય એમ નથી."

લેગ્રી એ સાંભળી મનમાં ગભરાયેા ખરેા; પરંતુ જરા મેાટે અવાજે બેાલ્યેા: "ચાલ, ચાલ; તું બધાંને અમસ્તી ગભરાવી મારે છે. એવું કશું એ ઓરડામાં નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેસી લેગ્રીનો ગભરાટ જાણતી હતી; એટલે તે બોલી : "તો પછી તમે જ એક રાત મારા ઓરડામાં એકલા સૂઈ જુઓ અને ખાતરી કરો."

લેગ્રી એ સાંભળીને મનમાં ચમકયો અને પગ પછાડતો ત્યાંથી ચાલ્યો ગયો.

કેસીએ પછી બધાં ગુલામ સ્ત્રીપુરુષોમાં એ ઓરડા વિષે ખોટી ખોટી વાતો ફેલાવવા માંડી અને બધાં એ ઓરડા પાસે જતાં વધારે ને વધારે ગભરાવા લાગ્યાં.

કેસીએ આ લાગ જોઈને રાતની વેળાએ પોતાને તથા એમેલિનને જોઈતો બાધાબોરાકીનો સામાન પેલા ભૂતિયા ઓરડામાં મૂકવા માંડયો. તેણે બંનેનાં કપડાં પણ ત્યાં મૂકી દીધાં. પછી એક દિવસ રાતે લેગ્રી બહાર ગયો હતો, ત્યારે એમેલિનને લઈ તે મકાનની બહારના કાદવવાળા ભાગ ભણી દોડી ગઈ. એવામાં એક ગુલામની નજર એ લોક પર પડી; એટલે તે ધૂમ પાડી બોલી ઊઠયો : "દોડો, દોડો, કોઈ નાસી જાય છે!"

કેસીને પણ એ જ જોઈતું હતું. તેઓ બંને જણ અહીંથી નાસી ગયાં છે, એવી જાણ બધાંને થાય તો સારું, એમ તે માનતી હતી.

એ જ અરસામાં લેગ્રી પણ બહારથી આવી ગયો. તે આ ધૂમ સાંભળીને પોતાનાં શિકારી કૂતરાં લઈને કાદવવાળી જગ્યા તરફ દોડયો.

કેસી જાણી જોઈને એ તરફ ગઈ હતી. કાદવવાળા ભાગ ભણી થોડેક સુધી જઈને તે પાછી ફરીને પાછળને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તે પેલા ભૂતિયા ઓરડામાં એમેલિન સાથે દાખલ થઈ ગઈ. આથી કોઈને શક ન પડે કે, એ બંને અહીં જ સંતાયેલાં છે. કેસી સારી પેઠે જાણતી હતી કે, આમ નાસી છૂટવું બહુ ભારે છે. કારણ કે લેગ્રી અને એના માણસો આજુ-બાજુના પ્રદેશમાંથી તેમને શોધી કાઢે એવા હતા. તેથી કંઈક તરકીબ કરીને નાસી જવાનું તેણે ગોઠવ્યું હતું.

અંધારું થઈ ગયું હતું, એટલે ફાનસ સળગાવીને બધા કાદવ ખૂંદીને સામે પાર ગયા. સેંઝો અને ફ્રુઇઝો લેગ્રીને કહેવા લાગ્યા : "સાહેબ, આપની રજા હોય તો એ બંનેને ઠાર મારીને આપની પાસે લઈ આવીએ."

લેગ્રી બોલ્યો : "કેસીને તો ઠાર જ કરજો. પણ એમેલિનને જીવતી પકડી લાવજો."

એ સાંભળીને બંને જણ બંદૂક અને કૂતરાં લઈને દૂર દૂર ચાલ્યા ગયા.

કેસી અને એમેલિન પેલા ભૂતિયા ઓરડાની બારીની તરાડમાંથી આ બધો તમાશો જોયા કરતાં હતાં.

છેવટે મધરાતે બધા થાકીને પાછા ફર્યા.

વહેલી સવારે લેગ્રીએ પોતાના કેટલાક ગુલામોને આજુબાજુની ઝાડીમાં તપાસ કરવા શિકારી કૂતરાંઓ સાથે મોકલ્યા.

આ બધી ધમાલ વખતે ટોમ શાંત જ હતો. તેને આમ શાંત જોઈને લેગ્રી મનમાં ચિડાવા લાગ્યો. એને એવો શક ગયો કે, કદાચ ટોમે જ આ બંનેને નાસી જવામાં મદદ કરી હશે અને એને ખબર પણ હશે કે એ બંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણ કયાં નાસી ગયાં છે. તેથી તે ચાબુક લઈને ટોમ પાસે ગયો અને તેને એકબે ફટકા મારીને બોલ્યો: "અલ્યા, બોલ જોઉં, એ બંને ચુડેલ કયાં નાસી ગઈ છે?"

ટોમ અડગપણે બોલ્યો: "સાહેબ, બેઅદબી માફ કરજો. એ લોકો કયાં નાસી ગયાં છે એ હું જાણું છું. પણ હું આપને એ વાત કદી જણાવીશ નહીં."

આ સાંભળીને લેગ્રી ખૂબ ગુસ્સે થઈને બોલ્યો: "જોઉં છું, તું જવાબ આપે છે કે નહીં?" એમ કહીને તેણે સૅમ્બો અને કુઇમ્બોને હુકમ કર્યો: "આ હરામખોરને મારી મારીને જેર કરી નાખો અને આખી વાત જાણી લો."

એ બંને તો તૈયાર જ હતા. તેઓ ટોમને પકડીને ગોડાઉન તરફ લઈ ગયા અને ખૂબ નિર્દયતાથી માર મારવા લાગ્યા!

ટોમ શાંતિથી માર સહન કર્યે જતો હતો અને પ્રભુને પ્રાર્થતો હતો: "હે પ્રભુ, આ લોકોને માફ કરજે. એ લોકો બાપડા નથી જાણતા કે, તેઓ શું કરી રહ્યા છે! ભલા ભગવાન, એમને માફ કરજે. મને હવે તારી પાસે જલદી બોલાવી લે, મારા પ્રભુ!"

છેવટે ટોમને બોલવા જેટલી પણ સૂધ ન રહી. તે બેભાન થઈને ઢળી પડયો.

સૅમ્બો અને કુઇમ્બો મારીને થાકયા, ત્યારે તેમણે લોહીલોહાણ દશામાં બેભાન પડેલા ટોમ ભણી જોયું. અને ટોમનો માયાળુ ચહેરો જોતાં જ તેમના અંતરમાં કરુણાની લાગણી જાગી ઊઠી. તેમને થયું, 'અરેરે, અમે પાપીઓએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ભલા માણસને વિના વાંકે ખૂબ ખૂબ માર્યો છે!' તેઓ બંને એકદમ પસ્તાવા લાગ્યા અને ટોમની સેવા કરવા મંડી પડ્યા.

થોડી વારે ટોમ ભાનમાં આવ્યો, ત્યારે સૅમ્બો અને કુઇમ્બો રડતા રડતા ટોમની માફી માગતા બોલ્યા : "ભલા ભાઈ ટોમ, અમારો અપરાધ માફ કરજો."



ટોમે હાથ જોડીને કહ્યું : "ભાઈઓ, હું તો પામર માનવી છું. હું તમને માફ કરનાર કોણ? આપણા પ્રભુને પ્રાર્થના કરો. એ તમને સન્માર્ગે દોરશે."

સૅમ્બો અને કુઇમ્બો બોલ્યા : "ભાઈ ટોમ, અમે ભગવાનને ભૂલી ગયા હતા. તમે આવીને અમને ભગવાન મેળવી આપ્યા. હવે તમે જ અમને ભગવાનને માર્ગે દોરજો."

ટોમ આ બંને ગુલામોના હૃદયપરિવર્તનને જોઈને પ્રભુનો પાડ માનતો આંખ મીંચીને પડી રહ્યો.

સૅમ્બો અને કુઇમ્બો મોડી રાત સુધી ત્યાં મૂંગા બેસી જ રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧

ધર્માત્માની વિદાય

ટૉમને પડેલો મરણતોલ માર કારી નીવડ્યો. બેત્રણ દિવસમાં તો તે ખૂબ જ દુર્બળ બની ગયેા. ટૉમની આવી દશા જોઈને બીજાં ગુલામ સ્ત્રી-પુરુષો રાતે છાનાંમાનાં આવીને એની સેવાચાકરી કરી જતાં. પણ ટૉમની હાલત દિવસે દિવસે બગડતી જતી હતી.

એવામાં એક દિવસે એકાએક એના જૂના શેઠ આર્થર શૅલબીનેા પુત્ર જ્યૉર્જ ત્યાં આવી પહોંચ્યેા !

વાત એમ બની હતી કે, જ્યારે સેંટ ક્લેરને ત્યાંથી ટૉમને વેચવા માટે મોકલવામાં આવ્યેા, ત્યારે મિસ ઑફેલિયાએ ટૉમ અંગે આર્થર શૅલબીને પત્ર લખ્યેા હતેા. પરંતુ એ વેળા આર્થર ખૂબ બીમાર હતેા; એટલે એ પત્ર એની પત્ની એમિલીના હાથમાં આવ્યેા. પણ પેાતાના પતિની બીમારીને લીધે એનું મન દુઃખી હતું; તેથી તેણે આ બાબતમાં કોઈને કશું કહ્યું નહીં. અને થેાડા વખત પછી તેા આર્થરનું અવસાન થયું. એટલે એ વાત ત્યાંથી જ અટકી ગઈ હતી. બે ત્રણ મહિના વીતી ગયા પછી બધું ઠરી ઠામ થતાં એમિલીએ એ વાત પેાતાના પુત્ર જ્યૉર્જને કહી. એટલે જ્યૉર્જે ટૉમની તપાસ કરવા માંડી. આખરે ઘણી જહેમત પછી એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેગ્રીના રહેઠાણનો પત્તો લાગ્યો. તેથી જ્યોર્જ તરત જ ટોમને લેવા ત્યાં આવી પહોંચ્યો.

જ્યોર્જે લેગ્રીને પૂછ્યું : "તમારે ત્યાં ટોમ નામનો ગુલામ છે કે?"

લેગ્રી એ સાંભળીને મનમાં ચમક્યો; પણ બહારથી જરા રૂઆબ દાખવી બોલ્યો : "એવા પાજી ગુલામનું તમને કેમ બહુ કામ પડી ગયું?"

જ્યોર્જને એનું આવું ઉદ્ધત બોલવું સાંભળીને ચીડ ચડી. પણ તે જરા શાંત થઈને બોલ્યો : "એ પહેલાં અમારે ત્યાં હતો. મારે એને ખરીદીને પાછો લઈ જવો છે. એ હમણાં ક્યાં છે?"

બાજુમાં જ ઊભેલા એક ગુલામે કહ્યું : "સાહેબ, એ તો પેલા ગોદામમાં પડેલો છે."

એટલે જ્યોર્જ દોડતો દોડતો ટોમ પાસે ગયો અને જુએ છે તો ટોમ બેભાન અવસ્થામાં પડ્યો છે! જ્યોર્જ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત જ ઘૂંટણિયે પડીને રડતો રડતો બોલ્યો: "ટોમકાકા, ટોમકાકા, તમારી આ શી દશા થઈ ગઈ!"

જ્યૉર્જનો પરિચિત અવાજ સાંભળીને ટોમે આશ્ચર્યમાં આંખ ઉઘાડી. જ્યૉર્જને જોઈને એની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. તે ધીમા અવાજે બોલ્યો: "કોણ, મારા નાના શેઠ જ્યૉર્જ? હે ભગવાન, તું કેટલો દયાળુ છે! આખરે મારા નાના શેઠને મારી છેલ્લી ઘડીએ મારી પાસે મોકલી દીધો."

જ્યૉર્જ રડમસ અવાજે બોલ્યો: "ટોમકાકા, આવું ન બોલો. હું તો તમને ઘેર લઈ જવા આવ્યો છું."

ટોમ મોં ઉપર મીઠું, મંદ સ્મિત ફરકાવતો બોલ્યો: "મારા જ્યૉર્જ, મને હવે ભગવાને ખરીદી લીધો છે. હવે હું તો એની પાસે હંમેશને માટે જઈને રહીશ."

જ્યૉર્જ એ સાંભળીને રડી પડ્યો.

થોડી વાર પછી ટોમ વધારે નબળો પડવા લાગ્યો. તે ધીમે સાદે 'મારા પ્રભુ, હે મારા પ્રભુ!' એમ બોલતો હતો. છેવટે ભગવાનનું નામ લેતાં લેતાં દુઃખી ટોમે આ ફાની દુનિયાની વિદાય લીધી.

ટોમનું અવસાન થતાં જ્યૉર્જ ખૂબ જ દુઃખી થયો. તેણે પોતાનો ઓવરકોટ ટોમના મૃતદેહ પર ઢાંકી દીધો.

લેગ્રી કયારનો દરવાજા આગળ ઊભો ઊભો આ બધું જોયા કરતો હતો. જ્યૉર્જ ઊઠીને લેગ્રી પાસે જઈને બોલ્યો: "તમે આવા ભલા માણસનો આખરે જાન લીધો! ભગવાન તમારું કદી ભલું નહીં કરે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેગ્રી બબડતો બોલ્યો : "એ એના હાથે જ મર્યો; એમાં મારો વાંક જરાયે નથી. એ હરામખોરે મારી બે ગુલામડીને નાસી જવામાં મદદ કરી હતી અને તે કયાં ગઈ છે એ અમને કહેતો નહોતો. આવા કાવતરાખોરની આવી દશા ન થાય તો બીજું શું થાય?"

લેગ્રીની આવી દયાહીન વાતો સાંભળીને જ્યોર્જને એ માણસ તરફ તિરસ્કાર છૂટ્યો. પણ ટોમની અંતિમ વિધિ શાંતિથી પતી જાય એ સારુ તેણે પોતાનો બધો રોષ મનમાં શમાવીને કહ્યું : "હવે એ વાત જવા દો. મારે ટોમનો મૃતદેહ લઈ જવો છે. બોલો, એની મારે શી કિંમત આપવી?"

લેગ્રી જાણે મોટો ઉપકાર કરતો હોય એવા રોફમાં બોલ્યો : "હું મરેલા ગુલામને કદી વેચતો નથી. તમારે જોઈ એ તો મફતમાં લઈ જાઓ."

જ્યોર્જ એની સાથે વધારે લમણાફોડ કરવાને બદલે બે ગુલામોની મદદ લઈને ટોમના મૃતદેહને લઈ ગયો અને જંગલમાં એક સારી ઘટાદાર જગ્યા પસંદ કરીને ત્યાં તેણે ટોમની અંતિમ ક્રિયા કરી.

પછી તે રડતો રડતો ટોમની કબરને પ્રેમભાવથી નમન કરીને ભારે હૈયે પોતાને ઘેર જવા ઊપડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨

લેગ્રીનો અંતકાળ

કેસી અને એમેલિન ભૂતિયા ઓરડામાં સંતાઈ ગયાં, ત્યાર પછી રોજ રાતે કોઈ ને કોઈ બનાવ બન્યા કરતો હતો. કોઈ વાર બધાંનાં બારણાંને કોઈ બહારથી વાસી દેતું હતું; કોઈ વાર રાતે કોઈ બાઈનો રડવાનો અવાજ સંભળાતો; તો કોઈ વાર બારણાની સાંકળ કોઈ જોરથી બખડાવતું હોય! આ બધું જોઈને ગુલામ સ્ત્રી-પુરુષોમાં ભૂતની વાતો જ્યારે ને ત્યારે થયા જ કરતી હતી. લેગ્રીને પણ ભૂતનો ભય પેસી ગયો હતો. એના ઓરડામાં રાતે અંધારામાં કોઈના અવરજવરનો એને ભાસ થતો. તેથી લેગ્રી ભૂતથી બચવા માટે રાતે ખૂબ દારૂ પીને સૂઈ જતો.

આવી રીતે કેસી પોતાની તરકીબ અજમાવ્યે જતી હતી.

જે દિવસે ટોમનું અવસાન થયું તે રાતે લેગ્રી પોતાના ઓરડામાં ખૂબ દારૂ પીને સૂઈ ગયો હતો. પણ અરધી રાતે એ ઝબકીને જાગી ઊઠ્યો. તેના ઓરડાનો દીવો બુઝાઈ ગયો હતો અને તેના શરીર પર કોઈનો ઠંડો સ્પર્શ થતો હતો. તેણે જોયું તો સફેદ બુરખો પહેરીને કોઈ ઊભું છે!

લેગ્રી ચીસ પાડીને બારણા તરફ દોડ્યો. પણ બારણાને બહારથી કોઈએ વાસી દીધું હતું! લેગ્રી ખૂબ જ ગભરાયો અને ત્યાં ને ત્યાં બેભાન થઈને પડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એ મધરાતે કેટલાંક ગુલામ સ્ત્રી-પુરુષોએ જોયું કે, બે સફેદ આકૃતિઓ દૂર દૂર જંગલમાં જઈ રહી હતી. કેસી અને એમેલિન એ રાતે નાસી છૂટ્યાં હતાં.

બીજે દિવસે લેગ્રીની હાલત વધારે બગડી. તેને ભૂતની ધાક પેસી ગઈ હતી. એ ભૂલવા માટે તે ખૂબ દારૂ પીવા લાગ્યો અને બેત્રણ દિવસમાં તો તે સાવ અર્ધગાંડા જેવો બની ગયો. એક દિવસ ખૂબ દારૂ પીવાના પરિણામે તેને એકાએક લોહીની ઊલટી થઈ અને થોડી વારમાં જ તે મરણ પામ્યો.

ગુલામો તો કયારનાં એના મરણની રાહ જોતાં હતાં. એટલે લેગ્રી મરતાં તે લોકો એના શબને નદીમાં ફેંકી દઈને ઉત્તરના પ્રદેશ તરફ સ્વતંત્ર રીતે જીવવા નાસી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩

અમર આત્માને અંજલિ

લેગ્રીની નાગચૂડમાંથી નાસી છૂટેલી કેસી અને એમેલિને રસ્તામાં સારાં કપડાં પહેરી લીધાં અને તેઓ બંદર તરફ જવા લાગ્યાં. સવારે જહાજ ઊપડવાનું હતું; એમાં તેઓ બેઠાં.

એ જહાજમાં જ જ્યૉર્જ શેલબી પણ હતો. કેસીએ ભૂતિયા ઓરડાની તરાડમાંથી એને ટૉમ પાસે જતો જોયો હતો અને ટૉમના શબને લઈ જતો પણ જોયો હતો. એટલે તેણે જ્યૉર્જ પાસેથી ટૉમ વિષે વધુ માહિતી મેળવવા એની સાથે ઓળખાણ કરવા માંડી.

વળી એ જ જહાજમાં મૅડમ ડી થૉક્સ નામની એક ફ્રેંચ બાઈ પણ મુસાફરી કરતી હતી. એ પણ જ્યૉર્જ અને કેસી સાથે ભળી ગઈ.

એક દિવસ મૅડમ ડી થૉક્સે જ્યૉર્જને પૂછ્યું: "તમે જે ગામમાં રહો છો એ ગામમાં જ્યૉર્જ હેરિસ નામનો કોઈ ગુલામ રહે છે કે?"

જ્યૉર્જે કહ્યું: "હા, હું એને બહુ સારી રીતે ઓળખું છું. અમારે ત્યાં રહેતી ઇલિઝા સાથે તેનાં લગ્ન થયાં હતાં. એનું તમારે શું કામ છે?"

મૅડમ ડી થૉક્સ બોલી: "એ મારો ભાઈ થાય! મને એક ફ્રેંચ ગૃહસ્થે ખરીદી હતી અને તે મને ફ્રાંસ લઈ ગયો હતો. ત્યાં તેણે મારી સાથે રીતસરનાં લગ્ન કર્યાં હતાં. એ મારા ભલા પતિ અવસાન પામ્યા છે. મને ઘણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતથી મારા ભાઈની શોધ કરવાનું મન હતું. એ હિસાબે હું તમારા ગામ ભણી જઈ રહી છું. સારું થયું કે, તમે મને એમના સમાચાર આપ્યા. તે ત્યાં સુખરૂપ તો છે ને?"

જ્યૉર્જે કહ્યું: "એ તો કૅનેડા તરફ નાસી ગયો છે."

કેસી ત્યાં બેઠી બેઠી આ બધું સાંભળતી હતી. તેણે કુતૂહલમાં પૂછ્યું: "એ ઇલિઝાને કયારે અને કયાંથી ખરીદવામાં આવી હતી?"

જ્યૉર્જે કહ્યું: "સિમન્સ નામના એક માણસ પાસેથી મારા બાપુજીએ એને ખરીદી હતી."

આ સાંભળીને કેસી એકદમ ગળગળી થઈને બોલી: "ઓહ! એ તો મારી દીકરી જ હશે, ત્યારે! એ તમારે ત્યાં મજામાં છે ને?"

જ્યૉર્જે કહ્યું: "ના, એ તો એના છોકરાને લઈને અમારે ત્યાંથી નાસી ગઈ છે. એનો ત્યાર પછી કશો પત્તો નથી. કદાચ એ પણ કૅનેડા ગઈ હોય."

પ્રિય વાચક! તમને ખબર તો હશે જ કે, ઇલિઝાને બર્ડ સાહેબ ભલા જૉનના આશ્રમમાં મૂકી આવ્યા હતા. એ લોકોનું એક મંડળ જેવું હતું. તેઓ આવા ગુલામોને મદદ કરતા હતા. એ લોકોની સહાયથી જ્યૉર્જ હૅરિસ અને ઇલિઝાનો ભેટો થયો હતો અને એ લોકોએ ખૂબ મુશ્કેલીથી એ બંનેને એમના પુત્ર સાથે કૅનેડા મોકલી દીધાં હતાં. ત્યાં તેઓ સુખેથી રહેવા લાગ્યાં હતાં.

જ્યૉર્જની વાત સાંભળીને મૅડમ ડી થૉક્સ અને કેસી એમેલિનની સાથે કૅનેડા જવા ઊપડ્યાં. ત્યાં જઈને ત્યાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાદરીની મદદથી એ લોકોએ હેરિસના ઘરનો પત્તો મેળવ્યો. આમ એ બધાં વહાલાં સ્વજનો વરસોના વિયોગ પછી ભેગાં થયાં અને આનંદ પામ્યાં. પણ ભલા ટોમના અવસાનની વાતો નીકળતાં તેઓ દુઃખી થયાં. ઇલિઝા ગદ્‌ગદિત કંઠે બોલી: "એ ભલા ટોમકાકાની આશિષ અને પ્રાર્થનાથી જ આપણે બધાં મિલનનું સુખ પામ્યાં છીએ. એ ટોમકાકા મરીને અમર થઈ ગયા છે. એ તો આપણી વચ્ચે સદા જીવતા જ છે."

* * *

જ્યૉર્જ ભારે દિલે પોતાને ઘેર ગયો. એમિલી, કલોઈ તથા ટોમનાં સંતાનો વગેરે કયારનાં જ્યૉર્જની રાહ જોયાં કરતાં હતાં. બધાં ટોમકાકાને જોવા માટે ઉત્સુક હતાં.

પરંતુ જ્યૉર્જને ઉદાસીન અને એકલો આવેલો જોઈને તેમના પેટમાં ફ્રાસકો પડ્યો. જ્યૉર્જે રડતાં રડતાં ટોમ-કાકાના બલિદાનની હૃદયદ્રાવક કહાણી કહી સંભળાવી.

કલોઈ તો બિચારી રડી રડીને અડધી થઈ ગઈ. જ્યૉર્જે તેને વહાલભર્યા અવાજે કહ્યું: "કલોઇકાકી, ભલા ટોમકાકા તો મર્યા જ નથી. મરીને તેઓ આપણા હૃદયમાં સદાને માટે સ્થાન પામ્યા છે. ટોમકાકા તો દુનિયાને કરુણાનો સંદેશો આપતા ગયા છે. દુઃખીઓનાં દુઃખને સમજવાની માણસાઈ આપતા ગયા છે."

એટલું કહીને જ્યૉર્જે ઘૂંટણિયે પડીને ટોમકાકાના અમર આત્માને ભાવભર્યું વંદન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय,

हरिद्वार

पुस्तक लौटाने की तिथि अन्त में अङ्कित है । इस तिथि को पुस्तक न लौटाने पर दस नये पैसे प्रति पुस्तक अतिरिक्त दिनों का अर्थदण्ड आप को लगाया जायेगा ।

५०००.११.१४ ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મુકુલભાઈનાં અન્ય પુસ્તકો

બોધક ટીકડીઓ	૦.૭૫
શીલ અને સદાચાર	૦.૩૭
જાણવા જેવી વાતો	૦.૩૫
પચાસ પ્રેરક પ્રસંગો	૦.૬૨
ચીન દેશનાં કથાનકો	૦.૬૨
મોટાં માણસોનાં મન	૦.૫૬
ભક્તરાજ	૧.૦૦
પ્રતિભાનું પોત	૦.૩૭
માનવજીવનનું ઝવેરાત	૦.૩૭
જીવન અને મરણ	૦.૩૭
ધર્મ-સંસ્થાપકો	૦.૩૭
સંત-સમાગમ	૦.૩૭
શેખ સાદીની બોધકથાઓ	૦.૫૦
સંતોની જીવનપ્રસાદી	૦.૩૭
ભગવાન ઈશુની બોધકથાઓ	૦.૪૦
નીતિ અને વ્યવહાર	૦.૪૦
બાપુજીની વાતો – ૧	૦.૪૦
નાની નાની વાતો	૦.૫૦
शील और सदाचार	૦.૩૧
जानने जैसी बातें	૦.૫૦
बोधक कहानियाँ	૦.૮૫
Character and Conduct	૦.૩૭
Inspiring Anecdotes	૦.૩૭
In the Company of the Saints	૦.૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવાં બીજાં પુસ્તકો

સંક્ષિપ્ત કરણઘેલો

ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા ગણાતી 'કરણઘેલો'નો આ સંક્ષેપ સૌને રોચક થાય તે રીતે કરવામાં આવેલો છે. મૂળ ગ્રંથના લેખક શ્રી. નર્મદાશંકર તુળજાશંકરનું ટૂંકું જીવનચરિત્ર પણ સાથે જોડેલું છે.

કિં. રૂ. ૧·૦૦ ટપાલરવાનગી ૦·૩૧

સરસ્વતીચંદ્ર

શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી કૃત બૃહત્ નવલકથાનું ટૂંકું સરળ વાર્તારૂપે સંસ્કરણ. વાર્તારૂપે આ ચોપડીનો રસ નાનાં મોટાં સૌને રોચક અને બોધક નીવડે તેમ છે.

કિં. રૂ. ૧·૨૫ ટપાલરવાનગી ૦·૩૧

ભક્તરાજ

અંગ્રેજી સાહિત્યનાં થોડાં વિરલ પુસ્તકોમાં જેની ગણના થાય છે તેવા જૉન બનિયન કૃત 'ધી પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' ગ્રંથનું સરળ ગુજરાતી ભાષામાં ટૂંક સચિત્ર રૂપાંતર.

કિં. રૂ. ૧·૦૦ ટપાલરવાનગી ૦·૨૫

ગુનો અને ગરીબાઈ

પ્રખ્યાત ફ્રેન્ચ લેખક વિકટર હ્યૂગો કૃત જાણીતી વિશ્વવિખ્યાત નવલકથા 'લે મિઝેરાબ્લ'નું ટૂંકું સરળ વાર્તારૂપે કરેલું સંસ્કરણ.

કિં. રૂ. ૧·૫૦ ટપાલરવાનગી ૦·૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar